# શ્રુત મહાપૂજા

(પરિચય પુસ્તિકા)




સંપાદક

પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્ય શ્રી વિજય
કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ



# શ્રુત મહાપૂજા

## પરિચય પુસ્તિકા

-: સંપાદક :-

વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યશ્રી ગુણયશસૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્ન
પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્યશ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ.સા.

શ્રુત મહાપૂજા-પરિચય પુસ્તિકા

પ્રથમ આવૃત્તિ - નકલ : ૧૦૦૦૦

મૂલ્ય : રૂ. ૪૦-૦૦

પ્રકાશક :
પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા
સ્મૃતિમંદિર અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ અંતર્ગત
શ્રુત મહાપૂજા સમિતિ

મુદ્રક :
હાઈસ્કેન લિ.,
મીઠાખળી અન્ડરબ્રીજ પાસે, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.
ફોન : ૬૫૬૩૬૩૪-૫-૬

સંપર્કસ્થાન - પ્રાપ્તિસ્થાન :
પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિમંદિર
રામનગર, સાબરમતી, અમદાવાદ-૫.

સન્માર્ગ પ્રકાશન
અમદાવાદ :
જૈન આરાધના ભવન,
પાછીયાની પોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

મુંબઈ :
૩૦૯/૩, ફીનીક્સ બિલ્ડીંગ,
પ્રાર્થના સમાજ,
૪૫૭, એસ.વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૮ ૩૪૨૦.

## પ્રકાશકીય

જૈન શાસન શિરતાજ વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાળ તપાગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના પુણ્યદેહની અંતિમ સંસ્કાર સ્થલી સાબરમતી રામનગરમાં નિર્માણ પામેલ ચતુર્માળીય સંપૂર્ણ સંગેમરમરી શ્રી શંખેશ્વર ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુ આદિ જિનબિંબો, શ્રી અનંતલબ્ધિનિધાન ગૌતમસ્વામીજી મહારાજા આદિ ગણધરો ભગવંતો, પૂ.આ.શ્રી વિ. વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા આદિ ઉપકારી ગુરુ ભગવંતો તેમજ પરમગુરુદેવશ્રીજીના વિવિધ પર્યાયોને અનુલક્ષીને બનાવાયેલ વિવિધ બિંબોની અંજનશલાકા-પ્રાણપ્રતિષ્ઠાના પુણ્ય અવસરે આયોજિત ૨૭-૨૭ દિવસીય મહામહોત્સવ અંતર્ગત જૈન શાસનની કરોડરજ્જુ ગણાતા શ્રીશ્રુતજ્ઞાનની મહત્તાનું સૌ કોઈ આગંતુકોને જ્ઞાન થાય એ માટે શ્રી શ્રુતમહાપૂજાનું અનેરું અનુષ્ઠાન યોજાયું.

અપેક્ષાએ કેવળજ્ઞાન કરતાંય ચડિયાતા એવા શ્રુતજ્ઞાનના ઉદ્‌ગમ, વિકાસ, વિનાશ અને સંરક્ષણ અંગેના અનેકવિધ પાસાંઓનું જ્ઞાન થાય એ માટે ચલ અને અચલ અનેક રચનાઓ એક વિશાળ મંડપમાં ગોઠવવામાં આવી છે, સાથોસાથ શ્રુત સાથે સંકળાયેલ આગમાદિ ગ્રંથો પૂર્વાચાર્યો તેમજ પરમગુરુદેવશ્રીજીના જીવન અને સાહિત્યનાં દર્શન સૌને થાય એ માટેનાં આયોજનો પણ સુંદર અને આકર્ષક રૂપે ગોઠવાયાં છે.

ઉદ્‌ઘાટન થયા બાદ વીસ દિવસ વીતી જવા છતાં રોજેરોજ હજારો ભાવુકો કતારબંધ ઊભા રહી મહાપૂજાના દર્શન કરે છે, કલાકો એ ખંડમાં ગાળે છે, પરિવાર સ્વજન મિત્રોને લાવે છે અને ફરી ફરી એની સમજ મેળવે છે, એજ એની પ્રભાવકતાનો પ્રગટ પરચો છે.

વિખ્યાત સમાજનેતાઓએ અને વિદ્વાનોએ આ શ્રુતમહાપૂજાની યંત્રણા-ગોઠવણને શ્રુતજ્ઞાન ભવનનું નિર્માણ કરી કાયમી રીતે સ્થાપવા હાર્દિક સૂચનો પણ કર્યા છે.

આ શ્રુત મહાપૂજામાં મૂકાયેલ દરેક રચના વગેરે બાબતોના લખાણો આદિને મેળવવા માટે દર્શકો અને આગંતુકો વારંવાર પૃચ્છા કર્યા કરતા હતા. તેમની જિજ્ઞાસાને સંતોષવા ખૂબ જ ઝડપથી એ લખાણને સંકલિત-સંપાદિત કરી આ પુસ્તિકાના માધ્યમથી પ્રકાશિત કરવાનો નિર્ણય કરાયો છે.

એ માટે **પૂજ્યપાદશ્રીજીના** પ્રશિષ્યરત્ન પ્રવચન પ્રભાવક **પૂ.આ.શ્રી. વિજયકીર્તિયશસૂરીશ્વરજી મહારાજા**ને વિનંતિ કરતાં એઓશ્રી અને એઓશ્રીજીનાં શિષ્યગણે ખૂબ જ જહેમતથી આમાં સહકાર સમર્પ્યો છે, જેથી જ આ પુસ્તક આ રીતે પ્રકાશિત થવા પામી રહેલ છે. સૌ કોઈ શ્રુતના સ્વરૂપ અને મહત્ત્વને સમજી એની જીવનમાં ઉપાસના-આરાધનાદિ થાય તેમજ ભાવી પેઢીને શ્રુતનો અસ્ખલિતપણે વારસો મળ્યા કરે એ અંગેના તમામ આયોજનોમાં તન-મન-ધનથી સહયોગી બને તો અમારો આ પ્રયાસ લેખે લાગશે.

શ્રુતમહાપૂજા તેમજ આ પુસ્તકનું આયોજન ખૂબજ ઝડપથી કરેલ હોવાથી બની શકે કે ત્રુટિઓ રહેવા પામી હોય તેથી સુજ્ઞ દર્શકો-વાચકો એ અંગે અમારું ધ્યાન દોરશો. આપનું સૂચન અમને અવશ્ય ઉપયોગી બનશે. અમો આપના આભારપૂર્વક ભાવી પ્રકાશન વખતે એ સૂચનોને અમલી બનાવવા યત્ન કરશું.

વિ. સ. ૨૦૫૮
મહાસુદ ૧૦ શુક્રવાર
તા. ૨૨-૨-૨૦૦૨
અમદાવાદ - સાબરમતી.

લિ.
પૂ. આ.શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિ, સ્મૃતિમંદિર
અંજન પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ તથા
**શ્રી શ્રુત મહાપૂજા સમિતિ**

**॥ શ્રી શ્રુતજ્ઞાનાય નમઃ ॥**

શાસનનું અસ્તિત્વ જે શ્રુતના આધારે છે તે શ્રુતજ્ઞાનના પ્રભાવને દિગદિગંતમાં ફેલાવતી શ્રુત મહાપૂજામાં પરમ પૂજ્ય ગુરુદેવ શ્રીમદ્વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના આશીર્વાદથી ઊછામણી પૂર્વક મુખ્ય લાભ મેળવનાર

સૌભાગી પરિવાર મુંબઈ નિવાસી શેઠ **શ્રી જયેન્દ્રભાઈ વેલજીભાઈ હરણિયા પરિવાર**

**શ્રુત મહાપૂજામાં પોતાનો મહત્વપૂર્ણ ફાળો નોંધાવનાર શ્રુત રસિક પરિવારો**

૧. શ્રી બાબુલાલ મંગળજી ઉંબરી પરિવાર, – સૂરત, મુંબઈ

૨. શ્રુત ભક્તો : ચંદ્રશેખર, ચિંતન, જયેશ, નિપુણ, સમીર – મુંબઈ

૩. સંઘવી ભેરુતારકધામ તીર્થ સ્થાપક
સંઘવી ભેરુમલજી હુકમાજી પરિવાર, – માલગાંવ

૪. વોહેરા તારાચંદ મલુકચંદ પરિવાર, શ્રી ભોરોલ તીર્થ

૫. સુશીલાબેન સુરેશચંદ્ર વખારીયા, હ:મુનીશ, શ્રમણ – રાધનપુર

૬. પારુબેન, લીલાબેન આત્મશ્રેયાર્થે મૂલચંદ ધરમાજી – ભાંડોત્રા

૭. શેઠ શ્રી હીરાચંદ લુંબાજી પરિવાર – કવરાડા

૮. કુ. ગીતાનાં જ્ઞાનાંતરાય કર્મ નિવારણાર્થે બાફના પરિવાર – કોલ્હાપુર

૯. પૂ. આ. શ્રી ગુણયશ સૂ- પૂ. આ. શ્રી કીર્તિયશ સૂ.ના સંયમની
અનુમોદનાર્થે – સુરત.

તદુપરાંત અનેક નામી-અનામી પુણ્યાત્માઓએ મહિનાઓ સુધી દિન-રાત જોયા વિના શ્રુત મહાપૂજાને પ્રભાવક બનાવવા માટે તન-મન-ધનનો સહયોગ આપ્યો છે તે સર્વેનો અત્રે હાર્દિક આભાર માનીએ છીએ.

-: પ્રકાશક : -

પરમ પૂજ્ય સિદ્ધાંત સંરક્ષક તપાગચ્છાધિરાજ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિ મંદિર

**અંજન પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ વતિ**

**શ્રુત મહાપૂજા સમિતિ**

## વિજયરામચંદ્રસૂરિ સ્મૃતિમંદિર અંજનશલાકા પ્રતિષ્ઠામહોત્સવ આમંત્રણ પત્રિકામાંથી ઉધ્ધૃત

જૈન શાસનની સ્થાપના થાય છે શ્રુતથી, જૈન શાસન ચાલે છે તે પણ શ્રુતથી જ. અને જ્યાં સુધી શ્રુતની વિદ્યમાનતા રહેશે ત્યાં સુધી જ શાસનની વિદ્યમાનતા રહેશે. શાસન સ્થાપવા-ચલાવવાની અપેક્ષાએ કેવળજ્ઞાન કરતાંય શ્રુત મહત્વનું છે. કેવળી કેવળજ્ઞાનથી જાણે બધું જ પણ એ જ્ઞાનનો બોધ અન્ય જીવોને આપવો હોય તો એ માટે શ્રુતનો સહારો અનિવાર્ય છે.

જૈન શાસનના સાધુભગવંતોની આંખ શ્રુત છે. શ્રુત ચક્ષુથી જોઈ જોઈને જ તેઓ ચાલે. જેણે શ્રુતનું અવલંબન લીધું તેણે જ વીતરાગનું અવલંબન લીધું છે અને વીતરાગને અવલંબનારને પદે પદે સંપદાઓ સાપડે એમાં કોઈ નવાઈ નથી.

આ વિષમકાળમાં ભવ તરવાનાં જે બે મહા આલંબનો છે, તેમાં પહેલા નંબરે જિનબિંબને સ્થાન આપ્યા બાદ જ્ઞાનીઓ બીજો નંબરે જિનશ્રુતને જ સ્થાન આપે છે.

પ્રભુ શ્રી તીર્થંકરદેવો દ્વારા ત્રિપદીરૂપે ગણધરોને અપાયેલ; અર્થ દ્વારા પર્ષદાને અપાયેલ, શ્રી ગણધરો દ્વારા સૂત્રરૂપે રચાયેલ અને આચાર્ય-ઉપાધ્યાયની જુગલ જોડી દ્વારા અખંડ-અસ્ખલિત-અવ્યાબાધપણે શ્રમણસંઘને વિતરીત કરાયેલ શ્રુતનો મહિમા ગાવા કોણ સમર્થ છે ?

ટૂંકમાં કહેવું હોય તો શ્રુત જ પરમ આધાર છે. એ જ શ્વાસ છે, એ જ પ્રાણ છે. એ જ સર્વસ્વ છે. આવા શ્રુતના ઉદ્ગમની.. ગ્રહણની.. ધારણની.. અમલની.. વિકાસની.. અને કાળના પ્રભાવે થયેલા એના વિનાશની પણ સિલસિલાબંધ વાતો આપણે જાણશું... સાથોસાથ એ શ્રુતચિંતામણિના સંરક્ષણની શૌર્યભરી વાર્તાઓ પણ માણશું.. શ્રુતમહાપૂજાના માધ્યમે !

આજ સુધી નહિ જોયેલ - નહિ સાંભળેલ એવી રોમાંચક આ મહાપૂજા હશે.

અનેક જીવંત રચનાઓ, રંગોળીઓ, માંડણીઓ, સજ્જાઓ અને સજાવટોના માધ્યમથી પ્રભુશ્રી મહાવીરદેવના શ્રુતવારસાને આપના ચર્મચક્ષુ સમક્ષ સાકાર કરવામાં આવશે.

એને જોવા જાણવા માટે કલાકો લાગશે અને માણવા માટે તો મહિનાઓ ઓછા પડશે.

આપણા મહાન પૂર્વપુરુષોએ આપણા પર કેવો મહાન ઉપકાર કર્યો છે અને આપણી ભાવી પેઢી કાજે આપણે શું શું કરવું જોઈએ ? એનું નક્કર જ્ઞાન મેળવવા માટે લાખો રૂપિયાના ખર્ચે, મહિનાઓની મહેનત પછી હજારો કાર્યકરોના સહિયારા પુરુષાર્થે સજાવવામાં આવેલ, શ્રુતમહાપૂજાના અર્ચક બનજો... સાચા ભાવથી શ્રુતસેવા કરશું અને જરૂર શ્રુતના સ્વામી અવશ્ય બનશું.

## અનુક્રમણિકા


૧. શ્રુત મહાપૂજા ........ ૪
૨. મોટી રચના ........ ૫
૩. ખંડ-૧ થી ૯ ........ ૭
૪. દરેક ગ્રંથો માટેની આ.ભ. શ્રી રામચંદ્ર સૂરિ મ. સા.ની એક રૂપરેખા ........ ૨૫
૫. શ્રુત સ્વરૂપ ઉપમાઓ દ્વારા ........ ૨૮
૬. શ્રુતજ્ઞાન શું કરે ? ........ ૨૯
૭. નિહ્નવોનું સ્વરૂપ ........ ૩૦
૮. જ્ઞાનના ઉપકરણો ........ ૩૦
૯. પુસ્તકોના પ્રકારો ........ ૩૦
૧૦. ૧૮ લિપિ ........ ૩૧
૧૧. ચૌદ પૂર્વના નામો અને પદો ........ ૩૧
૧૨. પરમાત્માના નિર્વાણથી ૧૦૦૦ વર્ષ દરમ્યાનમાં શ્રુતરક્ષા માટે થયેલ વાચનાઓ ........ ૩૨
૧૩. શ્રુત કંઠસ્થ કરવા દ્વારા મહાપુરુષોએ કરેલી આરાધનાની ઝાંખી ........ ૩૨
૧૪. જૈનાચાર્યોએ વિભિન્ન વિષયોમાં સર્જેલ સાહિત્ય તથા આપેલ યોગદાન ........ ૩૩
૧૫. જૈન ગણિત ........ ૩૪
૧૬. જૈનશાસનમાં બતાવેલ કાળ ........ ૩૫
૧૭. વિવિધ દૃષ્ટિકોણથી જ્ઞાનનું સ્વરૂપ ........ ૩૬
૧૮. જૈન શાસનનું અનેકાર્થ સાહિત્ય ........ ૩૭
૧૯. મહાપુરુષોએ કરેલ ગ્રંથરચનાની ઝલક ........ ૩૮
૨૦. શું જાણવું છે ? કયો ગ્રંથ વાંચશો ? ........ ૩૯
૨૧. રુચિ આપની, આજ્ઞા ગુરુની, આરાધના શાસનની ! ........ ૪૦
૨૨. ગ્રંથ રચના કઈ ભાષામાં ? ........ ૪૨
૨૩. ૪૫ આગમનો સંક્ષિપ્ત પરિચય ........ ૪૨
૨૪. પૂર્વાચાર્યોકૃત મહાન ગ્રંથોનો અલ્પ પરિચય ........ ૫૧
૨૫. પ.પૂ.આ.દે. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિ મહારાજા દ્વારા
લખાયેલાં કેટલાંક પુસ્તકોનો અલ્પ પરિચય – ........ ૮૦
૨૬. આગમ સાથે સંબંધી શબ્દોની સમજણ ........ ૮૭
૨૭. જૈન શાસનના મહાશાસ્ત્રોમાં દર્શાવેલ અપૂર્વ શ્રુતની ઝાંખીઓ ........ ૮૮
૨૮. શ્રુતજ્ઞાનની આરાધનાનું ફળ ........ ૮૯
૨૯. જ્ઞાનની વિરાધનાનું સ્વરૂપ ........ ૯૦
૩૦. તમને ખરેખર આ શ્રુતમહાપૂજા ગમી હોય તો...
શ્રુતની આરાધનાને જીવનનું એક લક્ષ્ય બનાવજો !
શ્રુતની આરાધના કઈ રીતે કરશો ? ........ ૯૧

# શ્રુત મહાપૂજા

પંચમ ગણધર સુધર્માસ્વામીના મુખરૂપી ગંગોત્રીમાંથી વહેલી શ્રુતગંગા બાર અંગમાં વહેંચાયેલી છે. તેમાંના અગિયાર અંગ તે વખતની લોકભાષા એવી પ્રાકૃતભાષામાં અને બારમુ અંગ સંસ્કૃત ભાષામાં રચાયેલ છે. દૃષ્ટિવાદ નામનું બારમાં અંગમાં પ્રચલિત એવા ચૌદ પૂર્વો આવેલા છે.

શ્રમણ ભગવંત મહાવીરના મુખે અર્થ દ્વારા કહેવાયેલું અને સુધર્માસ્વામી વડે સૂત્ર દ્વારા ગૂંથાયેલું શ્રુતજ્ઞાન ચરમ કેવળી જંબૂસ્વામી-પ્રભવસ્વામી-શય્યંભવસૂરિ આદિ સુવિહિત સૂરિપુરંદરોની પરંપરા દ્વારા આજ સુધી વહેતું રહ્યું છે.

- ❖ આ શ્રુતજ્ઞાન આપણા સુધી કઈ રીતે પહોંચ્યું ?
- ❖ ક્યાં - કઈ સાલમાં તે કયા આક્રમણોનો ભોગ બન્યું ?
- ❖ કેવી રીતે - કેટલા અંશે તે નાશ પામ્યું ?
- ❖ નવી નવી રચનાઓ દ્વારા કેવી રીતે સચવાયું ?
- ❖ રક્ષા માટે કયા મહાપુરુષોએ કેવો ભોગ આપ્યો ?
- ❖ નિર્ભેળ અને સંપૂર્ણ સાચવવા શું પ્રયત્નો થયા ?
- ❖ શ્રુતજ્ઞાનની આરાધનાથી કોણે-કોણે આત્મકલ્યાણ કર્યું ?
- ❖ શ્રુતજ્ઞાનની વિરાધનાનું ફળ કોને - કઈ રીતે મળ્યું ?
- ❖ આપણને અત્યારે પ્રાપ્ત થયેલ શ્રુતજ્ઞાન કેવું અને કેટલું છે ?

આ શ્રુતજ્ઞાનની આરાધના-પ્રભાવના-રક્ષા માટે આપણા સૌના આરાધ્ય, પ્રાતઃસ્મરણીય પૂ. સાહેબજીએ આઠ-આઠ દાયકા સુધી શું શું કર્યું?

આ બધા પ્રશ્નોનો સચોટ ઉત્તર એટલે જ આ **શ્રુત મહાપૂજા.**

## મોટી રચના-૧

ગણધર રચિત દ્વાદશાંગીનું બારમું અંગ એટલે દૃષ્ટિવાદ અને તેના ૫ વિભાગ પૈકી ૪થો વિભાગ એટલે જ ૧૪ પૂર્વ.

એક કદાવર હાથી જેટલી કોરી શાહીમાં પાણી નાંખી, જેટલું લખાણ કરી શકાય, તેટલું ૧ પૂર્વના લખાણનું પ્રમાણ છે. પછી પછીના પૂર્વો બમણા-બમણા હાથી પ્રમાણ શાહીથી લખાય તેટલા હોય છે. અર્થાત્ ૧-૪-૮ આ રીતે ૧૪ વાર બમણું-બમણું કરતા ૧૪ પૂર્વનું સંપૂર્ણ લખાણ ૧૬,૩૮૩ હાથી પ્રમાણ કોરી શાહીથી લખી શકાય તેટલું હોય છે.

## મોટી રચના-૨

### જૈન શાસ્ત્રોમાં દર્શાવેલ વાસ્તવિક વિશ્વ = ૧૪ રાજલોક

વાસ્તવિક જગતૃથી અજાણ એવા આ ૧૪ રાજલોક ૩ વિભાગમાં વહેંચાયેલો છે. ઊર્ધ્વલોક-તિર્ચ્છાલોક તથા અધોલોક. મુખ્યતાએ અધોલોકમાં નારકીના જીવો, તિર્ચ્છાલોકમાં મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવો તથા ઊર્ધ્વલોકમાં દેવગતિના જીવો રહેલા છે. ૧૪ રાજલોકના મસ્તક ઉપર સિદ્ધના જીવો રહેલા છે. ચારે ગતિના ત્રસજીવો ૧ રાજલોક પ્રમાણ પહોળી અને ૧૪ રાજલોક પ્રમાણ ઊંચી ત્રસનાડીમાં રહેલા છે.

૧ રાજલોક = અસંખ્યાતા યોજન

આવા ૧૪ રાજલોકના એક એક પ્રદેશ ઉપર આપણે અનંતીવાર જન્મમરણ કર્યા છે અને હવે જો જન્મ મરણ ન કરવા હોય તો શું કરવું ? જરા વિચારજો.

## મોટી રચના-૩

### શ્રુત અધિષ્ઠાત્રી - મા શારદા એટલે જ સરસ્વતી દેવી

"કલ્લાણકંદં" સૂત્રની ચોથી ગાથામાં વર્ણવાયેલી, શ્રુતજ્ઞાનની અધિષ્ઠાત્રી, આત્મિક પરિણતિને ઉત્પન્ન કરનારી, જ્ઞાનના ફળરૂપે શ્રદ્ધા-સમર્પણ અને સંયમને આપનારી દેવી એટલે જ સરસ્વતી દેવી કે જેને સિદ્ધ કરી પૂ. આ. બપ્પભટ્ટીસૂરીશ્વરજી મ., કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. હેમચંદ્રસૂરીશ્વરજી મ., પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ., વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આ. વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. આદિ અનેક મહાપુરુષોએ શ્રુતજ્ઞાનની સાધના કરી હતી.

## મોટી રચના-૪

### દીવો... દીવો... દીવો... આગમ દીવો.

### ... જરા ધ્યાનથી જોજો ...

... એક જ્યોત એટલે શ્રુત દીપક...

... બે જ્યોત એટલે અંગપ્રવિષ્ટ શ્રુત તથા અંગબાહ્ય શ્રુત...

... પાંચ જ્યોત એટલે મૂળ-નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ-ટીકા સ્વરૂપ પંચાંગી શ્રુત...

... અગિયાર જ્યોત એટલે ૧૧ અંગ સૂત્રો...

... બાર જ્યોત એટલે ૧૨ ઉપાંગ સૂત્રો...

... દશ જ્યોત એટલે ૧૦ પયન્ના સૂત્રો...

... છ જ્યોત એટલે ૬ છેદગ્રંથ સૂત્રો ...

... ચાર જ્યોત એટલે ૪ મૂળસૂત્રો...

... બે જ્યોત એટલે ૨ ચૂલિકા સૂત્રો...

અને પિસ્તાળીસ જ્યોત એટલે જ ... ૪૫ આગમ

## મોટી રચના-૫

### શાસન સ્થાપનાના પ્રતિક સમું સમવસરણ

૧૨॥ વર્ષના ઘોર તપ બાદ કેવલજ્ઞાન પ્રાપ્ત થતાં પરમાત્મા મહાવીરસ્વામીએ દેવરચિત, ચાંદી-સુવર્ણ અને રત્નમય, ૩ ગઢ યુક્ત, ૧૨ પર્ષદાયુક્ત, અષ્ટપ્રાતિહાર્યયુક્ત, ક્રોડો દેવતાથી યુક્ત એવા સમવસરણમાં ધર્મદેશના આપી... ચતુર્વિધ સંઘની સ્થાપના કરી... ૧૧ ગણધરોને ત્રિપદી આપી, તેમણે અંતર્મુહૂર્તમાં રચેલ દ્વાદશાંગી ઉપર વાસક્ષેપ કરવા દ્વારા મહોર છાપ આપી શાસનની... શ્રુતધર્મની સ્થાપના કરી. अर्हद्वक्त्रप्रसूतं, गणधररचितं, द्वादशांगं विशालम् ।

उपन्नेइवा । विगमेइवा । धूवेइवा ॥

## મોટી રચના-૬

### આગમ પુરુષ

નંદિસૂત્ર નામના આગમમાં વર્તમાનકાલીન પ્રચલિત ૪૫ આગમોને સંકલિત એક પુરુષ તરીકે કલ્પી તેના અંગ-ઉપાંગ આદિ સ્થાનોમાં ૧૧ અંગ આદિ આગમોને કલ્પવામાં આવેલ છે. જે આગમોનું મહાપુરુષો યોગોદ્વહન કરી અધ્યયન કરે છે અને કરાવે છે, તે જ રીતે પૂજ્યશ્રીજીએ પણ પાવાપુરીમાં ૪૫ આગમની વાચના આપી હતી તે દર્શાવેલ છે.

## ખંડ-૧

**પરમાત્માથી માંડી વિ. સં. ૪૭૦ સુધીનો ઈતિહાસ**
**જૈન શાસનના શ્રુતવારસાનો સંક્ષિપ્ત ઈતિહાસ**
**॥ વંદના, વંદના, વંદના રે; સૂરિરાજ કો મોરી વંદના રે ॥**

– પરમાત્માની ત્રિપદી સાંભળી અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગી રચનાર **ગૌતમસ્વામી આદિ ગણધર ભગવંતોના** ચરણોમાં કોટી કોટી વંદના...

– ૧-૧ પયન્ના સૂત્ર મુજબ ૧૪૦૦૦ પયન્ના સૂત્રોની રચના કરનારા **પરમાત્માના ૧૪૦૦૦ શિષ્યોનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

– જે ગ્રંથ ન ભણે તો શ્રાવકોને અતિચાર લાગે તેવા ઉપદેશમાળા ગ્રંથકર્તા, પરમાત્માના હાથે દીક્ષિત થનાર **શ્રી ધર્મદાસગણિનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

– સ્વપુત્ર મનકમુનિ માટે, ૧૪ પૂર્વમાંથી ઉદ્ધાર કરી પાંચમા આરાના અંત સુધી રહેનાર દશવૈકાલિક સૂત્રની રચના કરનાર **શ્રી શય્યંભવસ્વામીનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

– સૂત્ર-અર્થથી સંપૂર્ણ ૧૪ પૂર્વના અંતિમ જ્ઞાતા, નિર્યુક્તિ ગ્રંથો તથા છેદગ્રંથોના રચયિતા અને જીવોના ક્ષયોપશમનો અભાવ જાણી અર્થથી અંતિમ ૪ પૂર્વના જ્ઞાનને ન આપનાર **શ્રી ભદ્રબાહુસ્વામીજીનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

– સૂત્રથી અંતિમ ચૌદપૂર્વી, બ્રહ્મચર્યના પ્રતાપે ૮૪ ચોવીસી સુધી જેમનું નામ રહેનાર છે, તેવા **શ્રી સ્થૂલિભદ્રસ્વામીજીનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

– શ્રેષ્ઠ પદાર્થોનો સંગ્રહ કરનાર, તત્ત્વાર્થ આદિ ૫૦૦ ગ્રંથના રચયિતા, પૂર્વધર મહર્ષિ વાચકવર્ય **શ્રી ઉમાસ્વાતિજી મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

– 'તરંગવતી' મહાકથા, જ્યોતિષ્કરંડકમ્ આદિ અનેક ગ્રંથોના કર્તા **આચાર્ય પાદલિપ્તસૂરિજી મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

– સીમંધરસ્વામી પરમાત્માની જેમ શ્રુતના આધારે નિગોદનું સ્વરૂપ વર્ણન કરનારા આગમ ગ્રંથોનું ૪ અનુયોગમાં વિભાગીકરણ કરી અનુયોગસૂત્રની રચના કરનારા **પૂ. આર્યરક્ષિતસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

– રોજની ૭૦૦ ગાથા કંઠસ્થ કરનાર **પૂ. દુર્બલિકાપુષ્પમિત્રનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

## મુખ્ય રચના (૧) ભદ્રબાહુસ્વામીજી-સ્થૂલભદ્રજી મહારાજા

૫૦૦-૫૦૦ શ્રમણશ્રેષ્ઠોને રોજની ૭ વાચનાઓ આપવા દ્વારા શ્રુતની અપૂર્વ આરાધના-રક્ષા કરનારા અંતિમ ચૌદ પૂર્વધર ભદ્રબાહુસ્વામીજી મહારાજા.

ચાર-ચાર મહિના કોશાએ કરેલા નૃત્ય અને સંગીતના રાગના નિમિત્તોમાં વિરાગની સાધનાને સિદ્ધ કરનાર સ્થૂલભદ્રજી મ. જેવા મહાપુરુષને પણ પોતાનું જ્ઞાન બહેન-સાધ્વીજીને બતાવવાનો ક્ષણિક પણ મોહજન્ય વિચાર આવ્યો. સિંહનું રૂપ કરી આત્મકલ્યાણ માટે પ્રાપ્ત થયેલ જ્ઞાનનો ખોટો ઉપયોગ કર્યો. જ્ઞાનનો દુરુપયોગ એટલે જ્ઞાનપ્રાપ્તિ માટેની અયોગ્યતા. "ભદ્રબાહુસ્વામીએ અયોગ્યોઽસિ" તમે અયોગ્ય છો, એમ કહી અંતિમ ૪ પૂર્વનું અર્થથી જ્ઞાન ન આપ્યું.

દશ પૂર્વધર મહાપુરુષોના જીવનમાં પણ કર્મો કેવી ભૂલ કરાવે છે. એક ક્ષણ માટે કરેલું પણ જ્ઞાનનું અભિમાન અભિનવ જ્ઞાનપ્રાપ્તિની યોગ્યતાને બાળી નાખે છે.

**'જ્ઞાન નાશ પામે તે ચાલે, પણ અયોગ્યને તો ન જ અપાય'** - આ શાસ્ત્રવચનનો જીવંત ચિતાર.

**- મુખ્ય ચિત્ર -**

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના રચયિતા - શ્રી ભદ્રબાહુ સ્વામી મહારાજા.

પોતાને આચાર્ય પદવી ન મળવાથી જૈન દિક્ષા છોડનાર વરાહમિહિરે રાજકુમારને શતાયુ ભવઃ ના આશીર્વાદ આપી રાજાની કાનભંભેરણી કરી. જૈન શાસનની નિંદા અટકાવવા શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ જ્યોતિષ જ્ઞાનના સહાયથી ભાખેલ રાજપુત્રનું માત ૭ દિવસનું આયુષ્ય છે, એ વાત સત્ય થઈ. રાજાથી તિરસ્કૃત વરાહમિહિર વ્યંતર દેવ થયો અને સંઘને ઉપદ્રવ કરવા લાગ્યો. તેથી આચાર્ય ભગવંતે સ્મરણ કરતાં જ ઉપદ્રવ દૂર થાય એવા ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કરી અને દેવે કરેલો ઉપદ્રવ દૂર થયો.

**-અન્ય ચિત્રો -**

રોહિણીયો ચોર, સંગ્રામસિંહ સોની

# ૧૧ અંગ

૧. શ્રી આચારાંગ સૂત્ર
૨. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
૩. શ્રી સ્થાનાંગ સૂત્ર
૪. શ્રી સમવાયાંગ સૂત્ર
૫. શ્રી ભગવતી સૂત્ર
૬. શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭. શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮. શ્રી અંતકૃત્‌દશાંગ સૂત્ર
૯. શ્રી અનુત્તરોપપાતિક દશાંગ સૂત્ર
૧૦. શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧. શ્રી વિપાકાંગ સૂત્ર

## ૧૨ – ઉપાંગ

| | |
|---|---|
| ૧. શ્રી ઔપપાતિક સૂત્ર | ૭. શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ |
| ૨. શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | ૮. શ્રી નિરયાવલિકા |
| ૩. શ્રી જીવાજીવાભિગમ સૂત્ર | ૯. શ્રી કપ્પવડંસિયા સૂત્ર |
| ૪. શ્રી પન્નવણા સૂત્ર | ૧૦. શ્રી પુષ્પિકા |
| ૫. શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ | ૧૧. શ્રી પુષ્પચૂલિકા |
| ૬. શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૧૨. શ્રી વન્હિદશા સૂત્ર |

## ખંડ–૨

**વિક્રમથી માંડી લગભગ વિક્રમની લગભગ ૭મી સદી સુધીનો ઈતિહાસ**
**જૈન શાસનના શ્રુતવારસાનો સંક્ષિપ્ત ઈતિહાસ**
**॥ વંદના, વંદના, વંદના રે; સૂરિરાજ કો મોરી વંદના રે ॥**

☞ પ્રમાણનયતત્ત્વાવલોકાકાર જેવા મહાગ્રંથકર્તા **આ. વૃદ્ધવાદિદેવસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

☞ સંમતિતર્ક, ન્યાયાવતાર, કલ્યાણમંદિર જેવા અદ્ભુત ગ્રંથરચયિતા, મહાતાર્કિક **આ. સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

☞ પઉમચરિયં જેવા વિશાળકાય પ્રાકૃત ગ્રંથોના રચયિતા **આ. વિમલસૂરિ મ.** નાં ચરણોમાં કોટી કોટી વંદના...

☞ દ્વાદશારનયચક્ર જેવા ગ્રંથના ૧ શ્લોકમાંથી ૧૦,૦૦૦ શ્લોકપ્રમાણ ગ્રંથ રચયિતા તાર્કિક શિરોમણિ **આ. મલ્લવાદિસૂરિ મ.** નાં ચરણોમાં કોટી કોટી વંદના...

☞ શત્રુંજય માહાત્મ્ય જેવા માહાત્મ્ય ગ્રંથોના કર્તા, સંઘસમક્ષ પ્રથમવાર કલ્પસૂત્રનું વાંચન કરનાર **પૂ. આ. ધનેશ્વરસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

☞ દૃષ્ટિવાદના ૨ જા પૂર્વમાંથી ઉદ્ધાર કરી ૪૭૫ ગાથા પ્રમાણ 'કમ્મપયડી' ગ્રંથ રચનાર **આ. શિવશર્મસૂરિ મ.** નાં ચરણોમાં કોટી કોટી વંદના...

☞ કર્મસિદ્ધાંત માટે આકર ગ્રંથ કહેવાય તેવા પંચસંગ્રહ ગ્રંથના કર્તા **ચંદ્રર્ષિ મહત્તરનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

☞ સૌ પ્રથમવાર શ્રુતજ્ઞાનને પુસ્તકારૂઢ કરનાર, વલ્લભીવાચનામાં મુખ્ય આચાર્ય તરીકે બિરાજમાન **શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

☞ વિશેષાવશ્યકભાષ્ય, બૃહત્સંગ્રહણી, ધ્યાનશતક, જીતકલ્પ આદિ અનેક ગ્રંથોના રચયિતા મહાભાષ્યકાર, આગમપ્રધાન **આચાર્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

## મુખ્ય રચના (૨) - બાળપાઠી શ્રી વજ્રસ્વામીજી મહારાજા

જન્મથી જ દિક્ષા માટે રુદન કરવાથી કંટાળીને માએ ધનગિરિ મુનિને વ્હોરાવેલ બાળ વજ્રે ઘોડિયામાં રમતાં રમતાં સાધ્વીજી ભગવંતના મુખથી ૧૧ અંગને કંઠસ્થ કર્યા. માના મોહમાં ન મુંઝાઈ સંઘની આશાતનાથી બચવા રાજદરબારમાં આચાર્ય ભગવંતના હાથે રજોહરણ લઈ નાચનારા અને મહાત્માઓની ગેરહાજરીમાં તેમની ઉપધી ગોઠવી વાચના આપનારા બાળ છતાં જ્ઞાની એવા વજ્ર સ્વામીની રમત કેવી?

**- મુખ્ય ચિત્રો -**

૨૧૦૦૦ વર્ષ રહેનાર શ્રી દશવૈકાલિક સૂત્ર રચયિતા શ્રી શય્યંભવસૂરિ મહારાજા

જૈન મુનિઓ દ્વારા સત્યતત્ત્વને સાંભળીને શય્યંભવ બ્રાહ્મણે હિંસક યજ્ઞાદિનો ત્યાગ કર્યો અને ક્રમે કરીને તેઓ શ્રમણ-આચાર્ય-યુગપ્રધાન મહાપુરુષ બન્યા. ૬ મહિનાના આયુષ્યવાળા પોતાના પુત્ર માટે તથા સમગ્ર શ્રમણ સંઘના હિત માટે દ્વાદશાંગીના સારરૂપ શ્રી દશવૈકાલિક ગ્રંથની રચના કરી.

**અન્ય રચનાઓ** - શાસ્ત્રની સર્વોચ્ચતા, પીસ્તાલીસ આગમનું કલ્પવૃક્ષ, જમાલી.

**ગ્રંથો** - ૧૦ પયન્ના, ૬ છેદસૂત્રો, ૪ મૂળસૂત્રો, ૨ ચૂલિકાસૂત્રો

## ૮૪ આગમનાં નામ

૧. શ્રી આચારાંગ સૂત્ર
૨. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
૩. શ્રી સ્થાનાંગ સૂત્ર
૪. શ્રી સમવાયાંગ સૂત્ર
૫. શ્રી ભગવતી સૂત્ર
૬. શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭. શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮. શ્રી અંતકૃત્દશાંગ સૂત્ર
૯. શ્રી અનુત્તરોપપાતિકદશાંગ સૂત્ર
૧૦. શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧. શ્રી વિપાકાંગ સૂત્ર
૧૨. શ્રી ઔપપાતિક સૂત્ર
૧૩. શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
૧૪. શ્રી જીવાભિગમ સૂત્ર
૧૫. શ્રી પન્નવણા સૂત્ર
૧૬. શ્રી સૂર્યપન્નતિ
૧૭. શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ
૧૮. શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ
૧૯. શ્રી નિરયાવલિકા
૨૦. શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧. શ્રી પુષ્પિકા
૨૨. શ્રી પુષ્પચૂલિકા
૨૩. શ્રી વન્હિદશા સૂત્ર
૨૪. શ્રી ચતુઃશરણ પયન્ના
૨૫. શ્રી આતુર પ્રત્યાખ્યાન પયન્ના
૨૬. શ્રી મહાપ્રત્યાખ્યાન પયન્ના

૨૭. શ્રી ભક્તિપરિજ્ઞા પયન્ના
૨૮. શ્રી તંદુલ વૈચારિક પ્રકીર્ણક
૨૯. શ્રી ગણિવિજ્જા પયન્ના
૩૦. શ્રી ગચ્છાચાર પયન્ના
૩૧. શ્રી દેવેન્દ્રસ્તવ પયન્ના
૩૨. શ્રી મરણસમાધિ પયન્ના
૩૩. શ્રી સંસ્તારક પયન્ના
૩૪. શ્રી દશાશ્રુતસ્કંધ
૩૫. શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૬. શ્રી વ્યવહાર સૂત્ર
૩૭. શ્રી જિતકલ્પ
૩૮. શ્રી નિશીથ સૂત્ર
૩૯. શ્રી મહાનિશીથ સૂત્ર
૪૦. શ્રી આવશ્યક સૂત્ર
૪૧. શ્રી દશવૈકાલિક સૂત્ર
૪૨. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૪૩. શ્રી પિંડનિર્યુક્તિ
૪૪. શ્રી નંદીસૂત્ર
૪૫. શ્રી અનુયોગદ્વાર સૂત્ર
૪૬. શ્રી કલ્પિતાકલ્પિત
૪૭. શ્રી ચૂલ્લકલ્પ સૂત્ર
૪૮. શ્રી મહાકલ્પ સૂત્ર
૪૯. શ્રી મહાપ્રજ્ઞાપના
૫૦. શ્રી ચંદ્રાવેધ્યક
૫૧. શ્રી પ્રમાદાપ્રમાદ
૫૨. શ્રી પોરિસિમંડલ
૫૩. શ્રી મંડલ પ્રવેશ
૫૪. શ્રી વિદ્યાચરણ વિનિશ્ચય
૫૫. શ્રી ધ્યાન વિભક્તિ
૫૬. શ્રી નાગ પરિયાવલિકા
૫૭. શ્રી આત્મવિશોધિ
૫૮. શ્રી સમુત્થાન શ્રુત
૫૯. શ્રી વીતરાગ શ્રુત
૬૦. શ્રી વિહારકલ્પ
૬૧. શ્રી ચરણવિધિ
૬૨. શ્રી ઋષિભાષિત સૂત્ર
૬૩. શ્રી દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ
૬૪. શ્રી ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ
૬૫. શ્રી મહલ્લિકા વિમાન પ્રવિભક્તિ
૬૬. શ્રી અંગચૂલિકા
૬૭. શ્રી વર્ગચૂલિકા
૬૮. શ્રી વિવાહચૂલિકા
૬૯. શ્રી અરુણોપપાત
૭૦. શ્રી વરુણોપપાત
૭૧. શ્રી ગરુડોપપાત
૭૨. શ્રી વૈશ્રવણોપપાત
૭૩. શ્રી વેલંધરોપપાત
૭૪. શ્રી દેવેન્દ્રોપપાત
૭૫. શ્રી ઉત્થાનશ્રુત
૭૬. શ્રી બંધદશા
૭૭. શ્રી દ્વિગૃદ્ધિદશા
૭૮. શ્રી દીર્ઘદશા
૭૯. શ્રી ત્રણ સ્વપ્નભાવના
૮૦. શ્રી ચારણ સ્વપ્નભાવના
૮૧. શ્રી તેજોનિઃસર્ગ
૮૨. શ્રી આશીવિષ ભાવના
૮૩. શ્રી દૃષ્ટિવિષ ભાવના
૮૪. શ્રી અંગવિદ્યા

## ખંડ-૩

**વિક્રમની ૭મી સદીથી માંડી વિક્રમની ૧૧મી સદી સુધીનો ઈતિહાસ**
**જૈન શાસનના શ્રુતવારસાનો સંક્ષિપ્ત ઈતિહાસ**
**॥ વંદના, વંદના, વંદના રે; સૂરિરાજ કો મોરી વંદના રે ॥**

- ભક્તામર સ્તોત્રની રચના કરનાર શ્રી માનતુંગસૂરિ મહારાજાના ચરણોમાં કોટી કોટી વંદના...
- પંચકલ્પ મહાભાષ્યના રચયિતા તથા વસુદેવહીડી જેવા ગ્રંથોની શરૂઆત કરનારા **શ્રી સંઘદાસ ક્ષમાશ્રમણનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- નંદીસૂત્ર, નિશીથસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર આદિ ગ્રંથોના ચૂર્ણિગ્રંથોની રચના કરનાર **શ્રી જિનદાસ મહત્તર ભ.નાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- સીમંધરસ્વામી પરમાત્માની જેમ નિગોદના સ્વરૂપનું વર્ણન કરનારા **પૂ. આ. કાલિકસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- હ્રી દેવીના દર્શન બાદ કુવલયમાળાજેવા કથાગ્રંથોની રચના કરનારા પૂ. આ. **શ્રી ઉદ્યોતનસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- ૧૪૪૪ ગ્રંથના રચયિતા, પ્રાયઃ સંસ્કૃત ટીકા ગ્રંથોની શરૂઆત કરનારા, ભવવિરહપ્રિય સૂરિદેવ યાકિનીસૂનુ **આ. હરિભદ્રસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- ૧૧ અંગ ઉપર વૃત્તિ રચનારા **પૂ. આ. શીલાંકાચાર્યનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- ઉપમિતિ ભવપ્રપંચા કથા જેવા મહાન વૈરાગ્ય ગ્રંથોની રચના કરનારા **શ્રી સિદ્ધર્ષિગણિનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- વાદીઓમાં અગ્રણી - અનેક રાજા પ્રતિબોધક **આ. પ્રદ્યુમ્નસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

### મુખ્ય રચના (૩) આર્યરક્ષિતસૂરિજી

નગરમાં પ્રવેશ છે ચૌદ વિદ્યાના પારગામી બ્રાહ્મણ પુત્ર આર્યરક્ષિતનો ! પ્રજાની આંખ જુવે છે આર્યરક્ષિતને, પણ તેની આંખો તો શોધે છે, પોતાની સંસ્કારદાત્રી જનેતાને. જૈન ધર્મને પામેલી એ 'મા' નથી આવી દીકરાને વધાવવા કે નથી મનમાં આનંદ એ દુર્ગતિમાં લઈ જનારા જ્ઞાનનો.

૧૨ વર્ષ ભણીને આવેલો એ આર્યરક્ષિત માના આનંદ માટે ઘર છોડી જૈનાચાર્ય તોષલીપુત્ર અને વજ્રસ્વામી પાસે ભણ્યો. શેરડીના શુભ શુકન દ્વારા સૂચિત સાડા નવ

પૂર્વના જ્ઞાતા પૂર્વધર મહર્ષિ થયાં. જૈન શાસનના સંપૂર્ણ શ્રુતવારસાને ચાર અનુયોગ (વિભાગ)માં વહેંચી તેઓએ શ્રુતની પૂર્ણતા-ગહનતા અને મહાનતા જગતમાં પ્રતિષ્ઠિત કરી. ધન્ય છે એ મહાપુરુષને, જેમણે શ્રુતજ્ઞાન માટે સંયમનો સ્વીકાર કર્યો અને ધન્ય છે તે અનુયોગદ્વાર સૂત્રને જે આગમો ખોલવાની ચાવી સ્વરૂપ છે.

**- મુખ્ય ચિત્ર -**

મહાતાર્કિક – કવિશ્રેષ્ઠ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજા

ઘડપણમાં સરસ્વતીને સિદ્ધ કરી સાંબેલા ઉપર ફૂલ ઉગાડનાર વાદિદેવસૂરિને સિધ્ધસેન સાથે વાદ થયો. વાદમાં હારેલ સિધ્ધસેન બ્રાહ્મણે દીક્ષા લીધી. ક્રમે આચાર્ય બન્યા. પ્રાકૃતભાષામાં રચાયેલ આગમને સંસ્કૃતમાં ફેરવવાની ઈચ્છાથી કરેલા પ્રયત્ને ગુરુએ પારાંચિત જેવું મોટું પ્રાયશ્ચિત આપ્યું. ૧૨ વર્ષના અંતે વિક્રમાદિત્ય રાજાને પ્રતિબોધ કરી પ્રાયશ્ચિત પૂર્ણ કર્યું. કલ્યાણમંદિર સ્તોત્ર રચીને અવંતી પાર્શ્વનાથ પરમાત્માને પ્રગટ કર્યા. એકવાર સ્તંભમાં ભંડારેલા ગ્રંથોને પ્રતિક્રિયાથી કાઢ્યા. વાંચવા બેઠા, દેવે અટકાવ્યા, ગ્રંથને લઈ થાંભલો બંધ કર્યો.

**કેવી શ્રુતરક્ષા !!**

અન્ય રચના - શ્રોતાના પ્રકાર, બહુશ્રુત શ્રાવક, દુર્બલિકા પુષ્યમિત્ર

**અન્ય ગ્રંથો** - ઉપદેશમાળા, પ્રશમરતિ, તત્ત્વાર્થ સૂત્ર, જ્યોતિષકરંડક, દ્વાદશારનયચક્ર, પ્રમાણનયતત્વાવલોકાંકાર, કલ્યાણમંદિર, ન્યાયાવતાર, શ્રાવકપ્રજ્ઞપ્તિ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા, સંમતિતર્ક, પઉમચરિયં, છઠ્ઠો કર્મગ્રંથ, શત્રુંજયમાહાત્મ્ય, કમ્મપયડી, પંચસંગ્રહ, ભક્તામર, બૃહદ્સંગ્રહણી, બૃહદ્ક્ષેત્રસમાસ, ધ્યાનશતક, પંચસૂત્ર

## ખંડ-૪

**વિક્રમની ૧૧મી સદીથી માંડી વિક્રમની ૧૩મી સદી સુધીનો ઈતિહાસ**

**જૈન શાસનના શ્રુતવારસાનો સંક્ષિપ્ત ઈતિહાસ**

**॥ વંદના, વંદના, વંદના રે; સૂરિરાજ કો મોરી વંદના રે ॥**

- યમકયુક્ત સ્તુતિ રચનારા **શ્રી શોભનમુનિનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- તિલકમંજરી જેવા શ્રેષ્ઠ કાવ્યોની રચના કરનારા સિદ્ધસારસ્વત **ધનપાલ કવિનાં** પુરુષાર્થને કોટી કોટી વંદના...
- નવાંગી વૃત્તિકાર, જયતિહુઅણ આદિ સ્તોત્રોના રચયિતા, તર્કપંચાનન, ન્યાયવનસિંહ **શ્રી અભયદેવસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

- ચૈત્યવંદન મહાભાષ્ય; ઉત્તરાધ્યન સૂત્રની પાઈઅ ટીકા આદિ ગ્રંથોની રચના કરનારા વાદિવેતાળ **શ્રી શાંતિસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- આરાધના પતાકા વગેરે ગ્રંથોના રચયિતા **શ્રી વીરાચાર્યનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- ઉપદેશપદ-ઉપદેશમાળા આદિ ગ્રંથોના ટીકાકાર **શ્રી વર્ધમાનસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- સંવેગરંગશાળા જેવા વૈરાગ્યમય ગ્રંથોના રચયિતા **શ્રી જિનચંદ્રસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- 'મનોરમા કહા'ના રચયિતા **શ્રી વર્ધમાનાચાર્યનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- પ્રશ્નોત્તરશતક - પિંડવિશુદ્ધિ પ્રકરણ, શૃંગારશતક આદિ અનેક ગ્રંથોના રચયિતા **શ્રી જિનવલ્લભસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

## મુખ્ય રચના (૪) જીવનની અંતિમ ક્ષણ સુધી અભિનવ શ્રુતસર્જક હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

જેનું વચન ન સમજાય તેનો શિષ્ય થઈશ' એ પ્રતિજ્ઞાબધ્ધ ૧૪ વિદ્યાનાં પારગામી હરિભદ્ર બ્રાહ્મણે યાકિની મહત્તરાનં વચન ન સમજાતાં આચાર્ય ભગવંત પાસે દીક્ષા સ્વીકારી અને શ્રુતના મહાન જ્ઞાતા બન્યા. એકવાર બૌદ્ધમતમાં ભણવા ગયેલ સ્વશિષ્યો હંસ-પરમહંસની બૌદ્ધોના રાજસૈન્ય દ્વારા હત્યા થતાં તેમને બૌદ્ધોને વાદ દ્વારા હરાવી ઉકળતા તેલમાં મારવાની ભાવના થઈ. તેના પરિણામે તેઓ ૧૪૪૪ ગ્રંથ રચનાનું પ્રાયશ્ચિત પામ્યા, અંતે તે મહાપુરુષે લલ્લિગ નામના શ્રાવકની શ્રુતભક્તિથી ગ્રંથરચનાનું કાર્ય પૂર્ણ કર્યું.

### - મુખ્ય ચિત્ર-
### શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિ

એકદા પ્રસન્નચંદ્રરાજર્ષિ સૂર્યની આતાપના લેતા કાયોત્સર્ગે—ધ્યાનમાં સ્થિત હતાં. આ જોઈ રાજાશ્રેણિકે પ્રભુવીરને પ્રશ્ન કર્યો. પ્રભો ! આ મહાત્મા અત્યારે કાળ કરે તો ક્યાં જાય-? પ્રભુ – દુર્મુખના કટુ વચનના શ્રવણથી રૌદ્રધ્યાને ચડેલા મહાત્મા સાતમી નરકે જાય. શ્રેણિકે પુનઃ પ્રશ્ન કર્યો. પ્રભો ! અત્યારે કાળ કરે તો ? પ્રભુ— કેશલુંચિતમસ્તક ઉપર હાથ પડતાં તે મહાત્મા શુક્લધ્યાને ચડી કેવળી થયા છે.

કેવી ગજબ છે શબ્દની શક્તિ !!

એક અશુભ શબ્દનું શ્રવણ મુનિ જીવનનું પતન કરી શકે છે.

**અન્ય રચના** – બપ્પભટ્ટી સૂરિ, ષડ્દર્શનનું સ્વરૂપ

**અન્ય ગ્રંથો –** અનેકાંત જયપતાકા, અષ્ટક પ્રકરણ, ઉપદેશપદ, લલિતવિસ્તરા, ધર્મબિંદુ, ધર્મસંગ્રહણી, પંચવસ્તુક, પંચાશક, યતિદિનકૃત્ય, યોગશતક, વિંશતિ વિંશિકા, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ, લોકતત્ત્વનિર્ણય, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, શ્રાવક ધર્મવિધિ પ્રકરણ, ષડ્દર્શન સમુચ્ચય, ષોડશક પ્રકરણ, સંબોધ પ્રકરણ, સમરાઈચ્ચ કહા, સર્વજ્ઞ સિદ્ધિ પ્રકરણ, બ્રહ્મ સિદ્ધાંત સમુચ્ચય, સંસાર દાવાનલ, સમ્યક્ત્વ સપ્તતિ,જંબુદ્વીપ સંગ્રહણી

## ખંડ–૫

**વિક્રમની ૧૩મી સદીનો ઈતિહાસ**

**જૈન શાસનના શ્રુતવારસાનો સંક્ષિપ્ત ઈતિહાસ**

**॥ વંદના, વંદના, વંદના રે; સૂરિરાજ કો મોરી વંદના રે ॥**

- ધર્મરત્ન પ્રકરણ ગ્રંથના રચયિતા **શ્રી શાંતિસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- સિદ્ધહેમ શબ્દાનુશાસન, યોગશાસ્ત્ર, વીતરાગ સ્તોત્ર, સ્યાદ્વાદ રહસ્ય આદિ ૩॥ કરોડ શ્લોક પ્રમાણ સાહિત્યનું સર્જન કરનારા કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- વાદ જીતી સિંહશિશુ બિરૂદ ધરનારા, સિદ્ધાન્તાર્ણવ આદિ ગ્રંથોના રચયિતા **શ્રી અમરચન્દ્રસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- અનેક આગમાદિ ગ્રંથો ઉપર સરળ ટીકા રચનારા **શ્રી મલયગિરિજી મ.** નાં ચરણોમાં કોટી કોટી વંદના...
- ભવભાવના આદિ ગ્રંથો ઉપરાંત અનેક ગ્રંથોની ટીકાઓ રચનારા **મલધારી શ્રી હેમચંદ્રસૂરિ મ.** નાં ચરણોમાં કોટી કોટી વંદના...
- ૨ લાખ શ્લોક પ્રમાણ સાહિત્યની રચના કરનારા **આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- સિન્દુર પ્રકરણ આદિ ગ્રંથોની રચના કરનારા **આ. શ્રી સોમપ્રભસૂરિ** **મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- પ્રવચન સારોદ્ધારઆદિ ગ્રંથોના કર્તા **આ. શ્રી નેમિચંદ્રસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- નરનારાયણાનંદ આદિ કાવ્યાદિ ગ્રંથોના રચયિતા **વસ્તુપાળ મંત્રીનાં** ભવ્ય પુરુષાર્થને કોટી કોટી વંદના...

## મુખ્ય રચના (૫) મહાવીર સ્વામીરૂપી હિમાલયમાંથી વહેતી શ્રુત ગંગા.

શ્રી મહાવીર સ્વામી  રૂપી હિમાલયમાંથી શ્રુતજ્ઞાનરૂપી ગંગા વહી રહી છે.

कल्याणपादपारामं श्रुतगंगा हिमाचलम् ।
विश्वाम्भोजरविंदेवं वंदे श्री ज्ञात नन्दनम् ।।

**- મુખ્ય ચિત્ર -**

સાડા ત્રણ કરોડ શ્લોક સર્જક કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા
અને ૭૦૦ લહિયાઓ પાસે તાડપત્ર પર ગ્રંથો લખાવનાર કુમારપાળ મહારાજા

ગુર્જરેશ સિદ્ધરાજની વિનંતીનો સ્વીકાર કરીને કલિકાલ સર્વજ્ઞ ભગવંતે "સિદ્ધહેમ શબ્દાનુશાસન" પંચાગી વ્યાકરણની રચના કરી. પરીક્ષા કરવામાં આવી ત્યારે તેમની આ વ્યાકરણની રચના સર્વોચ્ચ અને સર્વથા નિર્દોષ સિધ્ધ થઈ. તેમને ૩।। કરોડ નવા શ્લોકોની રચના કરી હતી. તેમણે રચેલ ગ્રંથો તાડપત્ર ઉપર લખાવાતા. એકવાર તાડપત્ર ખૂટતાં લેખન કાર્ય અટક્યું, તો ૭૨ વર્ષના શ્રુતભક્ત કુમારપાળ રાજાએ તાડપત્ર ન મળે ત્યાં સુધી નિર્જળ ઉપવાસનું પચ્ચકખાણ કર્યું. તેમની ભક્તિથી પ્રેરાઈને દેવતાઓએ તુરંત તેમના બગીચામાં જ તાડપત્ર ઉપલબ્ધ કર્યાં.

## મુખ્ય રચના (૬)
## આચારાંગ સૂત્રના આધારે ચાર પ્રકારના દ્રહ જેવા આચાર્ય ભગવંતો.
## દ્રહ-સરોવર સમા સૂરિરામ !

શ્રી આચારાંગજી આગમમાં સૂરીશ્વરોને દ્રહ-સરોવરની સુંદર ઉપમાથી નવાજવામાં આવ્યા છે. ત્યાં દ્રહ-સરોવરનું મનોરમ વર્ણન કરાયું છે. આપણા પરમતારક પરમગુરુ જૈન શાસન શિરતાજ પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું જીવન પણ એવા મહાદ્રહ-સરોવર સમું હતું. દ્રહ ચાર પ્રકારના હોય છે :

**૧. પાણી અંદર આવે અને બહાર જાય તેવો :**
આપણા પૂજ્યપાદના જીવનમાં બહારથી અઢળક જ્ઞાન આવતું અને સુયોગ્ય જીવોને પ્રવચનરૂપે એનું પ્રદાન પણ થતું.

**૨. પાણી અંદર આવે અને બહાર ન જાય તેવો :**
આપણા પરમતારકના હૈયામાં આલોચના લેનારના મહાપાપો આવતા અને ત્યાં જ સમાઈ જતાં. એનો હરફ પણ બહાર ન જતો.

**૩. પાણી આવે નહિ ને જાય પણ નહિ તેવો :**
દુનિયાના પાપાશ્રવો (પાપકર્મોનું આગમન) તેમનામાં થતો નહિ અને એમનાથી ક્યારેય પાપનો પ્રચાર થતો નહિ.

**૪. પાણી અંદર આવે નહિ છતાં બહાર જાય :**

પોતાપર ઉપકારનો છાંટો પણ ન ઉડાડનાર એટલું જ નહિ અપકારનો ગંદો ટોપલો ઠાલવનાર પર પણ એ સૂરિદેવે કરુણા, પરમોપકાર, હિતામૃતનો વરસાદ જ વરસાવ્યો હતો.

આવા સૂરિશ્રેષ્ઠનાં પાવન ચરણે કોટિશઃ વંદન...

**- મુખ્ય ચિત્ર -**
૫૦૦-૫૦૦ સૂરીવરોની નિશ્રામાં થયેલ વાલ્લભી વાચનાના
સૂરિશ્રેષ્ઠ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ

સૌધર્મેન્દ્ર વડે પૂછાયેલ અને પરમાત્મા મહાવીરસ્વામીની મુખે પાવન બનેલ હરિણગમૈષી દેવને મનુષ્યભવ પામ્યા પછી મોતના મોઢામાંથી બચાવી, દેવે આચાર્ય ભગવંત પાસે મૂક્યા અને તેજ પુણ્યાત્માએ શ્રુતસાગરનું પાન કરી કાળના પ્રભાવે ઘટતા એવા શ્રુતવારસાની રક્ષા માટે વલ્લભીપુરમાં ૫૦૦ સૂરિવરોને એકત્રિત કરી તે શ્રુતવારસો સૌ પ્રથમ પુસ્તકારૂઢ કર્યો.

**અન્ય રચના** - વસ્તુપાળ તેજપાળ, શ્રુતવિનાશ, જ્ઞાનની આશાતનાનાં પ્રકારો.
તાડપત્રોના લખાણો... હસ્ત લિખિત પત્રો તથા જૂના તાડપત્રો

## ખંડ-૬

**વિક્રમની ૧૩મી તથા ૧૪મી સદીનો ઈતિહાસ**
**જૈન શાસનના શ્રુતવારસાનો સંક્ષિપ્ત ઈતિહાસ**
**।। વંદના, વંદના, વંદના રે; સૂરિરાજ કો મોરી વંદના રે ।।**

- સમ્યક્ત્વ પ્રકરણ ઉપરાંત અનેક ટીકાગ્રંથોના રચયિતા **આ. શ્રી ચંદ્રપ્રભસૂરિનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- આરંભસિદ્ધિ, ઉપદેશમાળા કર્ણિકાવૃત્તિ આદિ ગ્રંથોના રચયિતા **આ. શ્રી ઉદયપ્રભસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- શીઘ્ર કવિત્વાદિ બિરૂદધારી, વસ્તુપાળ મંત્રીની પ્રશંસા કરનારા **આ. શ્રી અમરચંદ્રસૂરિનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- આયંબિલના અજોડ તપના પ્રભાવથી તપાબિરૂદને ધરનારા, જેનાથી તપાગચ્છની શરૂઆત થઈ તેવા **આ. શ્રી જગત્ચંદ્રસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- હિતોપદેશમાળા આદિ ગ્રંથોના રચયિતા **આ. શ્રી પરમાનંદ સૂરિમહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

⌘ ધર્મોપદેશ પ્રકરણ આદિ ગ્રંથોના રચયિતા **આ.શ્રી યશોદેવસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

⌘ મંત્રરાજ રહસ્ય, વર્ધમાનવિદ્યાકલ્પ આદિ ગ્રંથોના રચયિતા **આ.શ્રી સિંહતિલકસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

⌘ પ્રવ્રજ્યાવિધાન, મૂલશુદ્ધિ પ્રકરણ આદિ ગ્રંથોના રચયિતા **આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

⌘ પ્રભાવક ચરિત્ર આદિ ગ્રંથોના કર્તા **આ. શ્રી પ્રભાચંદ્રસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

**મુખ્ય રચના (૭) નાનકડા સૂત્રની અચિંત્ય શક્તિનો સાક્ષાત્ ચિતાર એટલે... અઈમુત્તા મુનિ**

ભિક્ષાર્થે નીકળેલા ગૌતમસ્વામીએ બાળ રાજકુમાર અઈમુત્તાને પાપમય સંસારનું સ્વરૂપ સમજાવ્યું. પાપના ભયથી બાળકુમારે દીક્ષા લીધી. એકદા વર્ષાઋતુમાં સ્થંડિલભૂમિથી આવતાં બાળસ્વભાવે પાણીમાં પાત્રી મૂકી રમવા લાગ્યા. સ્થવિરોએ ભૂલ જણાવી. ભગવાન પાસે પ્રાયશ્ચિત માંગ્યું. ભગવાને ઇરિયાવહિ કરવા કહ્યું. 'દગ મટ્ટિ' શબ્દની અનુપ્રેક્ષા કરતાં સર્વજીવોને ખમાવી તેઓ કેવળી થયા.

**શ્રુતના બે શબ્દની શક્તિ કેટલી ? ?**

**- મુખ્ય ચિત્ર -**
**ભવવૈરાગ્યકારક 'શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા' ગ્રંથસર્જક શ્રી સિદ્ધર્ષિગણિ**

જુગારની લતે ચડેલ સિદ્ધ મોડી રાત્રે ઘરે આવ્યો થાકેલ માએ કહ્યું 'જ્યાં દ્વાર ખુલ્લા હોય ત્યાં જા'. જેના દ્વાર સદા ખુલ્લા છે તેવા ઉપાશ્રયે સિધ્ધ પહોંચ્યો. સંયમ સ્વીકારી શાસ્ત્રાભ્યાસ કર્યો. બાદ બૌદ્ધમતનો અભ્યાસ કર્યો, તે સાચું લાગ્યું તેથી ત્યાં ગયા પછી જૈન મત સાચું લાગતા પુનઃ અહીં આવ્યા આ રીતે ૨૧ વાર ગમન આગમન કર્યું. અંતે લલિતવિસ્તરા વાંચી જૈન મતમાં સ્થિર થયા. આવા સિદ્ધર્ષિગણિએ જીવના ભયંકર ભૂતકાળને બતાવનાર અને ભવિષ્યમાં સાચા સુખના માર્ગે લઈ જનાર વિશ્વ સાહિત્યના શિરમોર કહી શકાય એવા 'શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા' ગ્રંથની રચના કરી.

**અન્ય રચના** - સાધ્વીજી મેઘમાલા, ચિલાતી પુત્ર, જ્ઞાની-અજ્ઞાનીનું સ્વરૂપ

અન્ય ગ્રંથો – કુવલયમાળા, ઉપમિતિ ભવપ્રપંચા કથા, તિલકમંજરી, ચૈત્યવંદન મહાભાષ્ય, સંવેગ રંગશાળા, ધર્મરત્ન પ્રકરણ, સિદ્ધહેમ શબ્દાનુશાસન, યોગશાસ્ત્ર, વીતરાગ સ્તોત્ર, ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, અભિધાન ચિંતામણિ કોશ, પ્રમાણ

મિમાંસા, પરિશિષ્ટ પર્વ, મહાવીર ચરિયં, પ્રવચન સારોદ્ધાર, ૫ કર્મગ્રંથ, ભાષ્યાદિત્રયમ્, પ્રભાવક ચરિત્ર, હિતોપદેશમાળા, શાલિભદ્ર મહાકાવ્ય, આચાર દિનકર, ભવભાવના, પંચલિંગી પ્રકરણ, પિંડવિશુદ્ધિ પ્રકરણ, નમસ્કાર સ્વાધ્યાય

## ખંડ-૭

**વિક્રમની ૧૪મી સદીથી ૧૬મી સદીનો ઈતિહાસ**
**જૈન શાસનના શ્રુતવારસાનો સંક્ષિપ્ત ઈતિહાસ**
**॥ વંદના, વંદના, વંદના રે; સૂરિરાજ કો મોરી વંદના રે ॥**

- સ્યાદ્વાદમંજરી આદિ ગ્રંથોના કર્તા **શ્રી મલ્લિસેનસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- રોજ નવું સ્તવન કરનારા, વિવિધતિર્થ કલ્પ આદિ ૫૮ કલ્પ વગેરે અનેક ગ્રંથો રચનારા **શ્રી જિનપ્રભસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- સમ્યક્ત્વ સપ્તતિકા આદિ ગ્રંથોના રચયિતા **શ્રી સંઘતિલકસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- પ્રબંધ ચિંતામણિ આદિ ગ્રંથોના રચયિતા **આ. શ્રી મેરુતુંગસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- નવ્ય ૫ કર્મગ્રંથો, ૩ ભાષ્ય આદિ ગ્રંથોના રચયિતા **આ. શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- ચતુર્વિંશતિ પ્રબંધ, રત્નાવતારિકા પંજિકા ટીકા આદિ અનેક ગ્રંથોના કર્તા **આ. શ્રી રત્નશેખરસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- શ્રીપાળ ચરિત્ર, ગુણસ્થાનક ક્રમારોહ, ગુરુગુણષટ્ત્રિંશિકા, સંબોધ સિત્તરી આદિ ગ્રંથોના રચયિતા **આ. શ્રી રત્નશેખરસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- અધ્યાત્મકલ્પદ્રુમ, સંતિકરં, ઉપદેશ રત્નાકર આદિ ગ્રંથોના રચયિતા, સહસ્રાવધાની, સિદ્ધ સારસ્વત કવિ **આ. શ્રી મુનિસુંદરસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- સમ્યક્ત્વ કૌમુદી આદિ ગ્રંથોના રચયિતા **આ. શ્રી જયચંદ્રસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- શ્રાદ્ધવિધિ વિનિશ્ચય, પર્યુષણા વિચાર આદિ ગ્રંથોના કર્તા **શ્રી હર્ષભૂષણગણિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

## મુખ્ય રચના (૮) માષતુષમુનિ

બે રાજકુમારભાઈઓએ દીક્ષા લીધી. એક ભાઈ અજ્ઞાની અને પ્રમાદી છે. બીજો ભાઈ જ્ઞાની અને દાની છે. શિષ્યો વારંવાર કાળ - અકાળ જોયા વિના જ્ઞાની મુનિને પ્રશ્નો પૂછતાં તેથી કંટાળીને તેમણે મોટાભાઈના પ્રમાદની પ્રશંસા કરી અને પોતે મૌન લીધું. આ જ્ઞાનની વિરાધનાનું ભવાંતરમાં ફળ એ આવ્યું કે તેઓ 'મા રુષ મા તુષ' જેવા શબ્દો પણ ભૂલી જતાં. છતાં ગુરૂ પ્રત્યેની શ્રદ્ધાપૂર્વક, આયંબિલના તપ સાથે ગોખવાનું ચાલુ રાખ્યું. અંતે કર્મ ખપાવી કેવળી થયા.

**જ્ઞાન માટે કરેલો પ્રયત્ન કદિ વૃથા જતો નથી.**

**જ્ઞાન માટેનો પ્રમાદ કર્મ બંધાવ્યા વિના રહેતો નથી.**

### - મુખ્ય ચિત્ર -
### ક્ષુલ્લકમુનિ

બાર બાર વર્ષની માંગણી દ્વારા મા સાધ્વી, પ્રવર્તિની સાધ્વી અને આચાર્ય ભગવંત દ્વારા એમ કુલ ૩૬ વર્ષ સુધી સંયમમાં સ્થિર કરવા પ્રયત્ન કરવા છતાં ક્ષુલ્લક મુનિ કર્મોદયે ઘરે પાછા ફર્યા. નગરમાં પ્રવેશતાં જ રાજા અને પ્રજા સમક્ષ ઈનામ માટે નૃત્ય કરતી થાકેલી નર્તકીને ઉદ્દેશીને તેની અક્કા દ્વારા બોલાયેલા "બહુત ગઈ થોડી રહી" તેવા શબ્દોના શ્રવણથી અનુપ્રેક્ષા કરતાં કરતાં સંસારની વાસ્તવિકતા સમજતાં સંયમ જીવનમાં સ્થિર થયા પછી ગુરુ પાસે આલોચના કરી આત્મ કલ્યાણ સાધી ગયા. 'બહુત ગઈ થોડી રહી' આ વાક્ય પોતાના માટે વિચારી જોજો.

**અન્ય રચના –** આત્મારામજી મહારાજ, શ્રેણિક મહારાજા, અનેકાન્તવાદ દ્વારા સાતનયનું સ્વરૂપ

અન્ય ગ્રંથો – અધ્યાત્મ કલ્પદ્રુમ, ઉપદેશ રત્નાકર, શ્રાદ્ધવિધિ, આચારપ્રદીપ, સિરિસિરિવાલકહા, ગુણસ્થાનક ક્રમારોહ, યોગસાર, હૃદય પ્રદીપ, વૈરાગ્ય શતક, અષ્ટ લક્ષાર્થી, ઉપદેશ તરંગીણી, વર્ધમાનદેશના-ગૌતમ પૃચ્છા, ભરતેશ્વર બાહુબલીવૃત્તિ, ઉપદેશ સપ્તતિ, હીરસૌભાગ્ય મહાકાવ્ય, સપ્તસંધાન મહાકાવ્ય, લોકપ્રકાશ, જિનસહસ્ર નામ સ્તોત્ર, શાંતસુધારસ, ધર્મસંગ્રહ, દ્રવ્યસપ્તતિકા, વિજયદેવ માહાત્મ્યમ્, હીરપ્રશ્ન, સેનપ્રશ્ન, ચાર પ્રકરણ, ભૂવલય મહાગ્રંથ.

## ખંડ-૮

**વિક્રમની ૧૭મી તથા ૧૮મી સદીનો ઈતિહાસ**
**જૈન શાસનના શ્રુતવારસાનો સંક્ષિપ્ત ઈતિહાસ**
**॥ વંદના, વંદના, વંદના રે; સૂરિરાજ કો મોરી વંદના રે ॥**

- આચારોપદેશ આદિ ગ્રંથોના કર્તા **શ્રી ચારિત્રસુંદર ગણિનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- બાળપણમાં વાદિને જીતનાર, શ્રાદ્ધવિધિ-આચારપ્રદીપ આદિ ગ્રંથોના કર્તા **શ્રી રત્નશેખરસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- ધર્મપરીક્ષા આદિ ગ્રંથોના કર્તા **શ્રી જિનમંડન ગણિનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- ભોજપ્રબંધ, ઉપદેશ તરંગીણી આદિ ગ્રંથોના કર્તા **શ્રી રત્નમંડનગણિનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- શિષ્યને અયોગ્ય જાણી જ્ઞાન ન આપનારા, ૨૦૦૦ શ્રમણસંઘના અધિનેતા **શ્રી હીરસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- જેના પ્રશ્નોના ઉત્તરો 'સેનપ્રશ્ન' ગ્રંથ તરીકે ઓળખાય છે, તેવાં મહા ગીતાર્થ **પૂ. આ. શ્રી સેનસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- તત્ત્વતરંગિણી, પ્રવચન પરીક્ષા, જેવા મહાન ગ્રંથોના રચયિતા મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજાનાં ચરણે કોટી કોટી વંદના...
- કલ્પસૂત્ર ઉપર સુબોધિકા ટીકા, શાંતસુધારસ, લોકપ્રકાશ, 'સિદ્ધારથનારે નંદન વિનવું...' સ્તવન વગેરે ગ્રંથોની રચના કરનારા **ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- સપ્તસંધાન મહાકાવ્ય ઉદયદીપિકા, અધ્યાત્મગીતા, બ્રહ્મબોધ આદિ અનેક ગ્રંથોના કર્તા ઉપા. **શ્રી મેઘવિજયજી મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- રહસ્ય-સાર-શતક-શબ્દાંત સેંકડો ગ્રંથોના રચયિતા વિપુલ ગુજરાતી સાહિત્ય સર્જનારા, ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહામહોપાધ્યાય **શ્રી યશોવિજયજી મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

### મુખ્ય રચના (૯) ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજા

બાળપણથી વિશિષ્ટ ક્ષયોપશમના ધારકએવા જશવંતે ભયંકર વરસાદમાં રોજ ભક્તામર સાંભળવાની 'મા'ની પ્રતિજ્ઞાને પૂર્ણ કરે છે. ક્રમે સંયમ પામી ધનજી શૂરા નામના શ્રાવકની સહાયથી કાશી ભણવા જાય છે. વાદનો અવસર આવતા જૈન સાધુના વેશમાં

રહી વાદ જીતી 'ન્યાયવિશારદ'ની પદવી પ્રાપ્ત કરે છે. તેઓ સમગ્ર જીવન દરમ્યાન સૂર્યાસ્ત સુધી ગ્રંથ રચનાનું અદ્‌ભૂત કાર્ય કરે છે. ઘણી વાર તો શિષ્યે લાવેલા પાણીની પાત્રીનો પણ ખ્યાલ રહેતો નથી.

**- મુખ્ય ચિત્ર : ૧ -**
**ન્યાયાચાર્ય મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા**

મહોપાધ્યાયજી એક બાજુ અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજા સાથે અધ્યાત્મની વાતો કરી રહ્યા છે, તો બીજી બાજુ બ્રાહ્મણ પંડિતની પત્ની પાસેથી 'ન્યાય ચિંતામણિ' ગ્રંથ મેળવી એક જ રાત્રિમાં સહમુનિ સાથે મળી બીજી નકલ કરી રહ્યા છે તથા કાશીમાં ભણ્યા બાદ જ્યારેપાછા ફરે છે, ત્યારે શ્રાવકે આટલા સમય સુધી કાશીમાં શું ઘાસ કાપ્યું ? આવી મશ્કરીના જવાબમાં ખૂબજ વિશાળ એવી સજ્ઝાય રચીને પ્રતિક્રમણમાં સંભળાવીને શ્રાવકને જવાબ આપ્યો કે "કાશીમાં આટલા સમય સુધી ઘાસ કાપ્યું તો પૂળા બાંધતા વાર તો લાગે જ ને".

**- મુખ્ય ચિત્ર : ૨ -**
**વ્યાખ્યાન શ્રવણવિધિ**

૧. ગુરુભગવંતને ૩ પ્રદક્ષિણા આપવી.

૨. ઉભા રહી, હાથ જોડી ગુરુ ભગવંતની સ્તુતિ કરવી.

૩. મુખે અષ્ટપડ કોશ કરી વાસક્ષેપથી ગુરુભગવંતની નવાંગી પૂજા તથા જ્ઞાનપૂજા કરવી.

૪. ગુરુભગવંતની સન્મુખ ગહૂંલી, ધૂપ તથા દીપક કરવા.

૫. ગુરુ ભગવંતને વંદન કરવું.

૬. ઉભા રહી, હાથ જોડી, ગુરુ ભગવંત દ્વારા માંગલિક શ્રવણ કરવું.

૭. ગુરુ સન્મુખ ચૈત્યવંદન મુદ્રામાં ખભે ખેસ નાંખી ખેસનો એક છેડો હાથથી મુખ આગળ મૂકી વ્યાખ્યાન શ્રવણ કરવું.

૮. વ્યાખ્યાન બાદ પુનઃ ગુરુ ભગવંતને વંદન કરવું.

૯. ઉભા રહી, હાથ જોડી, ગુરુ ભગવંત પાસે પચ્ચક્ખાણ લેવું.

૧૦. ઉભા રહી, હાથ જોડી, ગુરુ ભગવંત દ્વારા અંતિમ મંગલાચરણ સાંભળવું.

**અન્ય રચના –** આનંદઘનજી મહારાજા અને યશોવિજયજી મહારાજા, શંખેશ્વર તીર્થ અને યશોવિજયજી મહારાજા

**અન્ય ગ્રંથો** – યતિલક્ષણ સમુચ્ચય, અધ્યાત્મમત પરીક્ષા, અધ્યાત્મ સાર, ઉપદેશ રહસ્ય, ગુરુતત્ત્વ વિનિશ્ચય, જ્ઞાનસાર, જૈન તર્કભાષા, નયપ્રદીપ, વૈરાગ્ય કલ્પલતા, અધ્યાત્મ ઉપનિષદ્, જ્ઞાનબિંદુ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા, ધર્મપરીક્ષા, પ્રતિમા શતક, યોગવિંશિકા ટીકા, જ્ઞાનાર્ણવ, ભાષા રહસ્ય, માર્ગ પરિશુદ્ધિ, વૈરાગ્યરતિ, સામાચારી પ્રકરણ, આરાધકવિરાધક ચતુર્ભંગી, ગૂર્જર સાહિત્ય સંગ્રહ-૧-૨, સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ, શ્રીપાળ રાજાનો રાસ, વિવિધ પૂજા સંગ્રહ, જૈન તત્ત્વાદર્શ, સમ્યક્ત્વ શલ્યોદ્ધાર, વિવિધ પ્રશ્નોત્તર, પ્રબોધ ટીકા, તપોરત્ન મહોદધિ, અભક્ષ્ય અનંતકાય વિચાર, દ્રવ્યગુણ પર્યાયનો રાસ, હેમ સંસ્કૃત પ્રવેશિકા ૧-૨-૩, દર્શન શુદ્ધિ પ્રકરણ, જીવ સમાસ પ્રકરણ,ન્યાય સિદ્ધાંત મંજરી, ચેઈયવંદણ મહાભાસ, અનેકાંત વ્યવસ્થા પ્રકરણ.

## ખંડ–૯

**વિક્રમની ૧૮મી સદીથી ૨૦મી સદીનો ઈતિહાસ**

**જૈન શાસનના શ્રુતવારસાનો સંક્ષિપ્ત ઈતિહાસ**

**॥ વંદના, વંદના, વંદના રે; સૂરિરાજ કો મોરી વંદના રે ॥**

- સ્યાદ્વાદમુક્તાવલી આદિ અનેક ગ્રંથોના રચયિતા **શ્રી જસવંતસાગરસૂરિનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- ધર્મસંગ્રહ આદિ અનેક ગ્રંથોના કર્તા **શ્રી માનવિજય ઉપાધ્યાયનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- આધ્યાત્મિક પદોની રચના કરનારા અધ્યાત્મયોગી **શ્રી આનંદઘનજી મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- અનેક સ્તવનોની રચના કરનારા **ઉપાધ્યાયશ્રી પદ્મવિજયજી મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- અનેક ગ્રંથોના ટબાગ્રંથોની રચના કરનારા, અનેક સ્તવનાદિની રચના કરનારા **શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- ઉપદેશ પ્રાસાદ આદિ ગ્રંથો, દેવવંદનો તથા સ્તવનોની રચના કરનારા **વિજય લક્ષ્મીસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- સમ્યક્ત્વશલ્યોદ્ધાર, તત્ત્વનિર્ણયપ્રાસાદ આદિ ગ્રંથોની રચના કરનારા **શ્રી આત્મારામજી મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- સદ્ધર્મસંરક્ષક શ્રી **કમલસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- આશુકવિ વચનસિદ્ધ પૂ. ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી મહારાજાનાં ચરણોમાં કોટી કોટી વંદન...

- જ્યોતિષમાર્તંડ પૂ. આ. શ્રી **દાનસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- કવિકુલકિરીટ પૂ. આ. શ્રી **લબ્ધિસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- કર્મસાહિત્ય સર્જક, કર્મસાહિત્ય સુનિપુણમતિ **પૂ. આ. શ્રી પ્રેમસૂરિ મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...
- વ્યાખ્યાનવાચસ્પતિ, અજોડ આલોચનાચાર્ય, સત્યનું સમર્થન આદિ ગ્રંથોના રચયિતા **પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનાં** ચરણોમાં કોટી કોટી વંદના...

## મુખ્ય રચના (૧૦) અસંદિન દ્વિપની રચના તથા દીવાદાંડીસમા સૂરિરામ

બારમાં અંગમાં જે પ્રથમ અંગ છે તે આચારાંગમાં એક અસંદીન દ્વિપનું વર્ણન આવે છે. આ દ્વિપ સમુદ્રનાં કોઈપણ પ્રકારના પ્રવાહોમાં કે વાવાઝોડામાં ડુબતો નથી તેમ પ્રચંડ પ્રતિભાશાળી - ઊન્માર્ગલોપક - સત્યપથરક્ષક - વ્યાખ્યાન વાચસ્પતિ - જિનશાસન શિરતાજ - પ. પૂ. આ. શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા અસંદીન દ્વિપ જેવા હતા. અર્થાત્ કદી ન ડૂબે તેવા હતા.

દ્વિપનો બીજો અર્થ દીપ પણ છે. સમુદ્રમાં જેમ દીવાદાંડી માર્ગદર્શન આપે છે તેમ પૂજ્ય શ્રી વર્તમાન કાલીન સંઘ માટે ભયાનક - ઘોર - અપાર સંસાર રૂપ સમુદ્રમાં દીવાદાંડીની જેમ સત્ય માર્ગદર્શક હતા.

**- મુખ્ય ચિત્ર -**

શાસન શિરતાજ પ.પૂ. પરમારાધ્યપાદ વિજય રામચંદ્ર સૂરિ મહારાજા.

- સત્ય સિદ્ધાંત માટે જ જીવનભર જીવ્યા. પ.પૂ. રામચંદ્ર સૂરિ મહારાજા જો ન હોત તો સાધુઓ રેંટીયો કાંતતા હોત અને સાધ્વીઓનર્સનું કામ કરતી હોત, વગેરે વિગતો વડે વ્યાખ્યાન વાચસ્પતિશ્રીજીના વ્યાખ્યાનનો પરમ પ્રભાવ
- પાદરાની પાઠશાળામાં સમકિતના ૬૭ બોલની સજ્ઝાય દ્વારા પરિક્ષામાં બાળ ત્રિભુવન પ્રથમક્રમે આવ્યા અને મુનિ રામવિજય બની જગતને સમ્યક્ત્વની સાચી સમજણ આપી.
- શાસ્ત્રો માટેનો જે એમનો અનુરાગ હતો તે તોડવા માટે જગતના કહેવાતા બુદ્ધિજીવી વર્ગે તેમને હદ પાર વિરોધ કર્યો કચરાની ડોલ પણ અને કાચના ટુકડા પણ નાંખવામાં આવ્યા. માથે છત્રીઓ પણ ઝીંકાણી. કોર્ટે કેસ પણ થયા અને મુનિરામ વિજય પાછા જાવના કાળાવાવટા પણ ફેલાણા પણ આપણા સૌના આત્માના પરમ કલ્યાણાર્થી એ મહાપુરુષે પોતાની જાતને વહેંચી જગતને સાચું પમાડવા જાતને પણ હથેળી પર રાખી સાચો માર્ગ આપ્યો.

**અન્ય ચિત્રો –** મુનિ રામવિજયજીનો આછો પરિચય.

**અન્ય ગ્રંથો –** પતન અને પુનરુત્થાન, સંઘ સ્વરૂપ દર્શન, સમ્યગ્દર્શન, ચારગતિના કારણો, આચારાંગ સૂત્ર, સત્યનું સમર્થન, જૈન પ્રજામત દીપિકા, સનાતન સત્યનો સાક્ષાત્કાર, આત્મોન્નતિના સોપાન, શ્રાદ્ધગુણદર્શન, શ્રમણગુણદર્શન, ધર્મસ્વરૂપદર્શન, જૈન પ્રવચન, આર્યસંસ્કૃતિનો આદર્શ, નવપદદર્શન, આત્માને ઓળખો, સાચા સુખની શોધમાં, સાચા સુખનો માર્ગ, કેમ ઉતરશો પાર ?, મુક્તિનો રાજ માર્ગ, ધર્મકા મર્મ, સમ્યક્તપનું સ્વરૂપ, જીવન સાફલ્યદર્શન, મનુષ્ય જીવનની સાર્થકતા, પ્રકાશનાં કિરણો, જિનભક્તિનો મહોત્સવ, અંશ પ્રવચનનો સાર દ્વાદશાંગીનો.

## દરેક ગ્રંથો માટેની આ.ભ. શ્રી રામચંદ્ર સૂરિ મ. સા.ની એક રૂપરેખા

### (૧) અનુયોગદ્વાર

વડીલો દ્વારા સાંભળ્યું કે 'અનુયોગદ્વાર' આગમને ખોલવાની ચાવી છે. ૨૦૦૦ ગાથા પ્રમાણ આગમને માત્ર ૨૦ દિવસમાં તેને કંઠસ્થ કરી લીધું. એટલું જ નહિ પણ એ ૨૦ દિવસમાં ઉપલબ્ધ તમામ ટીકા સાથે એનું વાંચન કરી અજોડ ગુરુકૃપા પ્રાપ્ત કરી. કેવી શ્રુતભક્તિ !!

### (૨) ઉત્તરાધ્યયન

પૂજ્યશ્રી ઘણીવાર કહેતાં કે, આ એક જ ગ્રંથમાં એટલી કથાઓ આવે છે, વ્યાખ્યાન કરનાર જો આ કથાઓ કહેવાની રાખે તો તેમને વ્યાખ્યાન માટે બીજી કોઈ કથાની જ જરૂર ન પડે. કથા દ્વારા અધ્યાત્મનો માર્ગ જાણવો હોય તો આપણે પણ તે વાંચવું રહ્યું.

### (૩) ૪૫ આગમ

જેઓશ્રીએ સંપૂર્ણ ૪૫ આગમની વાંચના એક જ ચાતુર્માસમાં આપી હતી, તે સ્થળ હતું ભગવાન વીરની નિર્વાણભૂમિ - પાવાપુરી. સાલ હતી : ૨૦૧૨ અને સ્વાધ્યાય ચાલતો હતો નિત્યનો ૭ થી ૮ કલાકનો... ડોલીમાં બેસી વિહાર કરવાનો આવ્યો ત્યારબાદ બે વાર એ મહાપુરુષે ૪૫ આગમ ટીકા સાથે વાંચી લીધા.

### (૪) ઉપમિતિ ભવપ્રપંચા કથા

આ ગ્રંથનું વાંચન પૂજ્યશ્રીએ અનેકવાર કર્યું છે. વાંચન નહિ, પરંતુ ગંભીર માંદગીમાં 'ચિત્તરક્ષા'ના વિષયવાળા આ ગ્રંથના શ્લોકોને કંઠસ્થ પણ કર્યાં છે. પોતાના શિષ્યોને આ ગ્રંથ માટે એવી પ્રેરણા કરાઈ છે કે, તેઓએ અઠ્ઠમ કરીને ત્રણ જ દિવસમાં આખો આ ગ્રંથ જોયો છે.

દુનિયાની અજાયબી જેવો અને સાહિત્યના શિરતાજ જેવો આ ગ્રંથ છે.

### (૫) જ્ઞાનસાર

મરણાંત માંદગી ચાલતી હતી, માંદગી એવી હતી જેમાં વેદના સિવાય કાંઈ યાદ ન આવે. આવા સમયે પણ પૂજ્યપાદશ્રી આ ગ્રંથનો એક જ શ્લોક

निर्वाणपदमप्येकं, भाव्यते यन्मुहुर्मुहुः ।।
तदेव ज्ञानमुत्कृष्टं, निर्बन्धो नास्ति भूयसा ।।

એનો અર્થ છે : નિર્વાણ-મોક્ષઃ આ એક પણ પદની જે વારંવાર ભાવના કરે છે તેનું તે જ્ઞાન એ ઉત્કૃષ્ટ જ્ઞાન છે. એથી વધુ જ્ઞાનનો આગ્રહ હોતો નથી.

-પૂ. ઉ. શ્રી યશોવિજયજી મ. સા.

આના અર્થનો વિચાર કરતાં મહાસમાધિમાં ઝીલતા રહ્યા હતા.

### (૬) કલ્પસૂત્ર

આ ગ્રંથનું ૯મું વ્યાખ્યાન લગભગ આજે વંચાતું નથી. પૂજ્યશ્રી કહેતા તેના કારણે આજે ઘણા અનર્થો ઉભા થયા છે. સંયમ ખપી આત્માઓએ આ વ્યાખ્યાન તથા વીર પ્રભુના સંયમને વર્ણવતા શ્લોકો કંઠસ્થ કરવા જેવા છે.

### (૭) ઉપદેશમાળા

પૂજ્યશ્રી કહેતા - આ ગ્રંથનું વાંચન આત્મા માટે અત્યંત ઉપકારક છે. માટે સૌએ આ ગ્રંથને વાંચવો-ગોખવો જોઈએ. શ્રાવક જો આ ગ્રંથ ન ભણે તો એને અતિચાર લાગે છે.

### (૮) તત્ત્વાર્થ સૂત્ર

આ ગ્રંથની કારિકા ઉપર પૂજ્યશ્રીના ઘણા પ્રવચનો થયા છે. તેઓશ્રી કહેતા - પ્રથમ અધ્યયન ઉપર પૂ. ઉપાધ્યાયજી મ. સા. એ સુંદર ટીકા બનાવી છે. આવી દશેય અધ્યયનની ટીકા કોઈ અત્યારે બનાવે તો સારું ! તેઓશ્રીની આ ભાવના અત્યારે કોઈ જ્ઞાનપ્રેમી સફળ કરશે ખરી ?

### (૯) લલિત વિસ્તરા

રવિવારના પ્રવચનોમાં આ ગ્રંથનું વાંચન થતાં પ્રભુભક્તો વિચારમૂઢ બની જતાં ચૈત્યવંદન કરવાનું કઈ રીતે અને આપણે કરીએ છીએ કેવું ?

ક્યાં આ સૂત્રનો અર્થ અને અર્થવિહીન ક્યાં આપણી ક્રિયા ?

શું થશે આપણું ? કઈ રીતે કરશું તો કલ્યાણ થશે ?

આશ્વાસન આપતા આચાર્ય ભગવંત કહેતા - ચિંતા ન કરો... અભ્યાસ ચાલુ કરો... કેવી મહાપુરુષની કરુણા !!

### (૧૦) યોગવિંશિકા

ક્રિયામાં પ્રાણ પૂરનાર આ ગ્રંથ ઉપર આચાર્ય ભગવંતે અનેકવાર પ્રવચનો કર્યાં અને જડ ક્રિયાને જીવંત બનાવી. ક્રિયા એ જડ નથી; પરંતુ ભાવપ્રાણનું કારણ છે. પણ તેમાં કેવા ભાવ જોઈએ, તે આ ગ્રંથના માધ્યમે તેઓશ્રીએ જણાવ્યું.

### (૧૧) પ્રતિમાશતક

તેઓશ્રીને ગુણનો અનુરાગ કેવો !! પોતાના પરમ વિરોધી ગણાતા છતાં પૂ. ઉપાધ્યાયજી મ. સા. ના ગ્રંથોનો ભાવાનુવાદ કરનાર માટે કહેતા કે 'આ લોકોએ આ ઘણું ઉત્તમ કામ કર્યું છે. ઘણાંને લાભ થશે.' આવા શબ્દો હૈયાની નિખાલસતા વિના શેના નીકળે ?

### (૧૨) સૂર્યપ્રજ્ઞપ્તિ

સ્મૃતિ કેવી ?

એકદા મુહૂર્ત માટે થોડી ચર્ચા થઈ ? દીક્ષા માટે મુહૂર્ત જોવાની શી જરૂર ?

કેવળજ્ઞાન માટે કોઈ જુએ છે ? પૂજ્યશ્રી કહે - આવું ન બોલાય. મિથ્યાત્વ લાગે. પ્રશ્ન થયો કે, કયા શાસ્ત્રમાં લખ્યું છે ? સાહેબે કહ્યું... જુઓ : '**સૂર્યપ્રજ્ઞપ્તિ**'માં આ સ્થાન છે.

### (૧૩) અધ્યાત્મોપનિષદ્

પૂજ્યશ્રીનો અતિ પ્રિય આ ગ્રંથ. પત્ર લખે તો પણ આના શ્લોકનો આશ્રય લે. આત્મપ્રવૃત્તૌ... અને વ્યાખ્યાનમાં પણ આ જ ગ્રંથનો શ્લોક લે -

आत्मप्रवृत्तावतिजागरुक, परप्रवृतौ बधिरान्धमूकः ।
सदाचिदानन्दपदोपयोगी, लोकोत्तरं साम्यमुपैति योगी ।।

### (૧૪) ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર

પરમાત્મ ભક્તિ પણ આ મહાપુરુષની કેવી ? આ ગ્રંથમાં આવતા ભગવદ્ ભક્તિના શ્લોકોને કંઠસ્થ કરવાનો તેમને આજીવન પ્રયત્ન ચાલુ રાખ્યો હતો ! એક મહિનામાં જવાબદારીઓની બધી પ્રવૃત્તિઓ કરવા છતાં આખો ગ્રંથ વાંચ્યો હતો.

### (૧૫) શાંત સુધારસ

આ ગ્રંથને પૂજ્યશ્રીએ હૃદયસ્થ કર્યો હતો. તેઓશ્રી વ્યાખ્યાનમાં પણ સતત કહેતાં કે, "અનિત્યાદિ બાર ભાવનાથી હૃદયને ભાવિત કર્યા વિના સંસારથી વૈરાગ્ય ન થાય અને ધર્મમાં મન સ્થિર ન થાય." વૈરાગ્યભાવને પ્રગટાવવા અને ધર્મમાં મનને સ્થિર કરવા આપણે પણ આ ગ્રંથ વાંચીએ.

### (૧૬) દ્રવ્યસપ્તતિકા

ધાર્મિક વહીવટ કરનાર ટ્રસ્ટીઓને પૂજ્યશ્રી ખાસ કહેતા કે, "દરેક ટ્રસ્ટીઓએ ગીતાર્થ ગુરુ ભગવંત પાસે આ ગ્રંથનો અભ્યાસ કરવો જ જોઈએ. આ ગ્રંથના અભ્યાસ વિના વહીવટ કરના આત્માઓના હાથે ધર્મદ્રવ્યમાં ભૂલ થવા સંભવ છે અને આ ભૂલ મોટા અનર્થને કરનાર છે.

### (૧૭) મહાનિશીથ

છેદસૂત્રની વાંચના યોગ્ય આત્માઓને આપતાં પૂજ્યશ્રી ખાસ કહેતા કે, "આ છેદસૂત્રો કોઈના પર્યાયનો છેદ કરવા માટે નથી, પરંતુ કર્મવશ થયેલા જીવોને સ્થિર કરવા માટે છે."

## શ્રુત સ્વરૂપ ઉપમાઓ દ્વારા

**૧. સૂર્ય :**

સૂર્ય જેમ અંધકારનો નાશ કરી જગત ઉપર પ્રકાશ ફેલાવે છે, તેમ શ્રુતજ્ઞાન રૂપી સૂર્ય મોહરૂપ અંધકારનો નાશ કરી સમગ્ર પદાર્થોની વાસ્તવિક સમજ આપવારૂપ પ્રકાશને કરે છે. સૂર્ય જેમ ઉષ્મા પેદા કરી જગતમાં તાજગી લાવે છે, તેમ શ્રુતજ્ઞાન શ્રદ્ધા અને સંયમરૂપ ઉષ્મા પેદા કરી, કર્મ કચરાનો નિકાલ કરી, આત્મઘરમાં તાજગી લાવે છે.

**૨. સાગર :**

સમુદ્ર જેમ અગાધ જલના ભંડારરૂપ છે, તેમ શ્રુતજ્ઞાન સુંદર પદોની રચનારૂપ પાણીના ભંડાર તુલ્ય છે.

**૩. ચંદ્ર :**

ચંદ્રની કળા દિન-પ્રતિદિન વધે છે, તેમ શ્રુતજ્ઞાન આત્માની કળાને વધારે છે.

**૪. દર્પણ :**

મુખ ઉપર રહેલો ડાઘ દર્પણ દેખાડે છે, તેમ આત્મા ઉપર પડેલા રાગ-દ્વેષના ડાઘને આગમ રૂપી અરીસો બતાવે છે.

**૫. મોરપીંછ :**

મોરપીંછ જેમ બાહ્યરજને દૂર કરે છે, તેમ શ્રુતજ્ઞાન કર્મરજનો નિકાલ કરે છે.

**૬. શંખ :**

શંખ ઉપર કોઈ પ્રકારનું અંજન થઈ શકતું નથી, તેમ જ્ઞાનવાન આત્મા ઉપર રાગાદિના અંજન થઈ શકતા નથી.

**૭. સ્તંભ :**

આખી ઈમારતનો આધાર થાંભલો છે, તેમ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો આધાર શાસ્ત્રજ્ઞાન છે.

૮. વજ્ર :

વજ્રરત્ન જેમ શત્રુનો સંહાર કરે છે, તેમ જ્ઞાનરૂપ રત્ન રાગાદિ શત્રુનો વિનાશ કરે છે.

૯. સિંહ :

સિંહના મુખનું દર્શન થતાં જ ક્ષુદ્ર જંતુઓ ભાગી જાય છે, પાસે આવતાં નથી, તેમ શાસ્ત્રજ્ઞાનનો એક ટંકારઆત્માના ક્ષુદ્રભાવો ભાગી જાય છે.

## શ્રુતજ્ઞાન શું કરે ?

રાગીને વીતરાગી બનાવે.
દ્વેષીને વીતદ્વેષી બનાવે.
અજ્ઞાનીને સર્વજ્ઞ બનાવે.
આત્માને પરમાત્મા બનાવે.
દુરાત્માને મહાત્મા બનાવે.
બહિરાત્માને અંતરાત્મા બનાવે.
ક્રોધીને શાંત બનાવે.
અભિમાનીને નમ્ર બનાવે.
માયાવીને સરળ બનાવે.
લોભીને સંતોષી બનાવે.
કામીને નિષ્કામી બનાવે.
હિંસકને અહિંસક બનાવે.
અધર્મીને ધર્મી બનાવે.
પાપીને પુણ્યશાળી બનાવે.
ચોરને શાહુકાર બનાવે.
શ્રીમંતને દાનવીર બનાવે.
રંકને રાય બનાવે.
દુર્જનને સજ્જન બનાવે.
સંસારીને મુક્ત બનાવે.
સાધકને સિદ્ધ બનાવે.
પતિત ને પાવન બનાવે.
ઉન્માર્ગીને સન્માર્ગી બનાવે.
ભોગીને યોગી બનાવે.
પૂજકને પૂજ્ય બનાવે.
નાશવંતને શાશ્વત બનાવે.
મોહીને નિર્મોહી બનાવે.
લૌકિકને લોકોત્તર બનાવે.
કૃતઘ્નને કૃતજ્ઞ બનાવે.
દેવને દેવાધિદેવ બનાવે.
માનવને મહામાનવ બનાવે.
બુદ્ધિને સદ્‌બુદ્ધિ બનાવે.
અનાર્યને આર્ય બનાવે.
આર્યને આર્હત્ બનાવે.
આર્હત્‌ને અર્હત્ બનાવે.
અનાપ્તને આપ્ત બનાવે.
સસ્નેહીને નિસ્નેહી બનાવે.
શરીરીને અશરીરી બનાવે.
ચંચળને સ્થિર બનાવે.
અપૂર્ણને પૂર્ણ બનાવે.
નામચીનને નામાંકિત બનાવે.
જિનદાસને જિનરાજ બનાવે.
પરોક્ષને પ્રત્યક્ષ બનાવે.
જીવનને જાગતું બનાવે.
અંતે મરણને મહોત્સવ બનાવે.

## નિહ્નવોનું સ્વરૂપ
## (સત્યને છુપાવે તે નિહ્નવ કહેવાય)

| નામ | નગર | સંવત્ | માન્યતા |
|---|---|---|---|
| ૧. જમાલી | શ્રાવસ્તી નગરી | પરમાત્માના કેવલજ્ઞાન પછી ૧૪ વર્ષે | 'કડે માણે કડે' મતની ઉત્થાપના પૂર્વક 'કડે કડે' મતની સ્થાપના કરી. |
| ૨. તિષ્યગુપ્ત | ઋષભપુર નગર | પરમાત્માના કેવલજ્ઞાન પછી ૧૬ વર્ષે | 'આત્માના છેલ્લા પ્રદેશમાં જીવત્વ' માન્યું. |
| ૩. અષાઢાચાર્ય | શ્વેતિકા નગરી | વિ. સં. ૨૧૪ | 'સાધુ છે કે દેવ છે ?' એવી શંકા કરનાર. |
| ૪. અશ્વમિત્રાચાર્ય | મિથિલાનગરી | વિ.સં. ૨૨૦ | 'ક્ષણિક નાશ'ની માન્યતા |
| ૫. ગંગાચાર્ય | ઉલ્લુકાતીર નગર | વિ. સં. ૨૨૮ | 'એક સમયમાં બે ઉપયોગ' માન્યા. |
| ૬. રોહગુપ્ત | અંતરંજિકા નગર | વિ. સં. ૫૮૪ | નોજીવની પ્રરૂપણા કરી. |
| ૭. ગોષ્ઠામાહિલ | દશપુરનગર | વિ. સં. ૫૮૪ | 'સર્પ-કાંચળી' જેમ જીવ કર્મનો સંબંધ માન્યો. |
| ૮. શિવભૂતિ | – | વિ. સં. ૬૦૯ | દિગંબર મત સ્થાપનાર. |
| ૯. લુંકામતિ | – | વિ. સં. ૧૫૩૧ | 'જિન પ્રતિમા ઉત્થાપક.' |

### જ્ઞાનના ઉપકરણો

૧. તાડપત્ર
૨. કાગળ
૩. કાપડ
૪. કાષ્ઠપટ્ટિકા
૫. ભોજપત્ર
૬. શિલા
૭. કંબિકા-લાકડાની પટ્ટી
૮. દોરો
૯. ગ્રંથિ
૧૦. છંદણ
૧૧. સાંકળ
૧૨. સાપડો
૧૩. નવકારવાળી
૧૪. અકીકનો પત્થર
૧૫. ટેબલ (Desk)
૧૬. તામ્રપત્ર
૧૭. કવળી

### પુસ્તકોના પ્રકારો

૧. ગંડી પુસ્તક
૨. કચ્છપી પુસ્તક
૩. મુષ્ટિ પુસ્તક
૪. સંપુટ પુસ્તક
૫. છેદપાટી
૬. ટિપ્પણાં
૭. કાગળના
૮. ત્રિપાટી
૯. પંચપાટી
૧૦. શૂડ/શૂઢ
૧૧. ચિત્ર પુસ્તક
૧૨. સુવર્ણાક્ષરી પુસ્તકો
૧૩. રૌપ્યાક્ષરી
૧૪. સૂક્ષ્માક્ષરી
૧૫. સ્થૂલાક્ષરી
૧૬. કાતરથી કાપીને લખેલા પુસ્તકો

## ૧૮ લિપિ

| | |
|---|---|
| ૧. હંસ લિપિ | ૧૦. તુરૂક્કી લિપિ |
| ૨. ભૂત લિપિ | ૧૧. કીરી લિપિ |
| ૩. જક્ષી લિપિ | ૧૨. દ્રાવિડી લિપિ |
| ૪. માલવિલી લિપિ | ૧૩. સેંધાવિ લિપિ |
| ૫. નડિ લિપિ | ૧૪. લાડ લિપિ |
| ૬. નાગરી લિપિ | ૧૫. પારસી લિપિ |
| ૭. રાક્ષસી લિપિ | ૧૬. અનિમિત્તિ લિપિ |
| ૮. ઉડ્ડી લિપિ | ૧૭. ચાણક્યી લિપિ |
| ૯. યવનિ લિપિ | ૧૮. મૂળદેવી લિપિ |

## ચૌદ પૂર્વના નામો અને પદો

૧. ઉત્પાદ પૂર્વ – ૧ કરોડ પદ

૨. અગ્રાયણી પૂર્વ – ૯૬ લાખ પદ

૩. વીર્ય પ્રવાદ – ૭૦ લાખ પદ

૪. અસ્તિ પ્રવાદ – ૬૦ લાખ પદ

૫. જ્ઞાન પ્રવાદ – ૧ કરોડમાં ૧૦ પદ ન્યૂન

૬. સત્ય પ્રવાદ – ૧ કરોડને ૬ પદ

૭. આત્મ પ્રવાદ – ૩૬ કરોડ પદ

૮. કર્મ પ્રવાદ – ૧ કરોડને ૮૦ લાખ પદ

૯. પ્રત્યાખ્યાન પ્રવાદ – ૮૪ લાખ પદ

૧૦. વિદ્યા પ્રવાદ – ૧૧ કરોડ ૧૫૦૦૦ પદ

૧૧. કલ્યાણ પ્રવાદ – ૨૬ કરોડ પદ

૧૨. પ્રાણવાય પ્રવાદ – ૧ કરોડ ૫૫ લાખ પદ

૧૩. ક્રિયા પ્રવાદ – ૯ કરોડ પદો

૧૪. લોકબિંદુસાર – ૧૨॥ કરોડ પદો

## પરમાત્માના નિર્વાણથી ૧૦૦૦ વર્ષ દરમ્યાનમાં શ્રુતરક્ષા માટે થયેલ વાચનાઓ

| ક્યાં ? | ક્યારે ? | કોની નિશ્રામાં ? | વિશેષ |
|---|---|---|---|
| ૧. નેપાળ | વિ.સં.૧૬૦ | આ. ભદ્રબાહુસ્વામીજી મ. | શ્રી દ્વાદશાંગ શ્રુત સંકલન વાચના |
| પાટલીપુત્ર | વિ.સં.૧૬૦ | આ. સ્થૂલિભદ્રસ્વામીજી મ. | |
| ૨. ઉજ્જૈની | વિ.સં.૨૪૫ થી વિ.સં. ૨૯૧ | આ. સુહસ્તિ સૂ.મ. | સમ્રાટ સંપ્રતિની વિનંતીથી આગમ સંરક્ષણ વાચના |
| ૩. કલિંગ દેશ ઉદય પર્વત | વિ.સં.૩૦૦થી વિ.સં.૩૦૩ | આ. સુસ્થિત સૂ.મ. આ. સુપ્રતિબદ્ધ સૂ.મ. | સમ્રાટ ખારવેલની વિનંતીથી આગમ વાંચના |
| ૪. દશપુરનગર | વિ.સં. ૫૯૨ | આ. આર્યરક્ષિત સૂ.મ. | ચતુરનુયોગ વિભાગ વાચના |
| ૫. મથુરા | વિ.સં. ૮૨૭ થી ૮૪૦ | આ. સ્કન્દિલ સૂ. મ. | આગમ અનુયોગ વાચના |
| ૬. વલ્લભીપુર | વિ.સં. ૮૨૭ થી ૮૪૦ | આ. નાગાર્જુન સૂ. મ. | આગમ અનુયોગ વાચના |
| ૭. વલ્લભીપુર | વિ.સં. ૯૮૦ | દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ | પુસ્તકારોહણ વાચના |

## શ્રુત કંઠસ્થ કરવા દ્વારા મહાપુરુષોએ કરેલી આરાધનાની ઝાંખી

| | | |
|---|---|---|
| ૧. | દુર્બલિકા પુષ્પમિત્ર | રોજ ૭૦૦ શ્લોક |
| ૨. | આ. બપ્પભટ્ટી સૂ. મ. | રોજ ૧૦૦૦ શ્લોક |
| ૩. | આ. ધર્મઘોષ સૂ. મ. | ૬ ઘડીમાં ૫૦૦ શ્લોક |
| ૪. | આ. મુનિસુંદર સૂ. મ. | ૧૦૦૦ જુદાં જુદાં સ્વર સાંભળી પારખી શકે. |
| ૫. | ઉપાધ્યાય યશોવિજયજી | (બાલ્યાવસ્થામાં) સાંભળીને ભક્તામર કંઠસ્થ |
| ૬. | જિતવિજયજી મ. | ૪ ઘડીમાં ૩૬૦ શ્લોક |
| ૭. | આત્મારામજી મ. | રોજ ૩૦૦ શ્લોક |
| ૮. | આ. રામચંદ્ર સૂ. મ. | ૨૦ દિવસમાં ૨૦૦૦ ગાથા પ્રમાણ અનુયોગદ્વાર ગ્રંથ કંઠસ્થ |
| ૯. | કુમારપાળ મહારાજા | ૭૨ વર્ષની ઉંમરે ગોખતા, યોગ શાસ્ત્ર અને વિતરાગસૂત્રનો રોજ સ્વાધ્યાય કરતા. |
| ૧૦. | પેથડશાહ મંત્રી | રાજદરબાર જતાં રોજ હાથીની અંબાડી ઉપર ઉપદેશમાળા આદિ ગ્રંથો ગોખતા |
| ૧૧. | વસ્તુપાલ મહામંત્રી | સ્વયં સંસ્કૃતમાં નવસર્જન કરી મહાકાવ્યો રચતા, કંઠસ્થ કરતાં. |

## જૈનાચાર્યોએ વિભિન્ન વિષયોમાં સર્જેલ સાહિત્ય તથા આપેલ યોગદાન

૧. આગમો
૨. આગમિક સાહિત્ય (ભાષ્ય)
૩. આગમિક સાહિત્ય (નિયુક્તિ)
૪. આગમિક સાહિત્ય (ચૂર્ણિ)
૫. આગમિક સાહિત્ય (ટીકા)
૬. કર્મ સાહિત્ય
૭. અધ્યાત્મ તથા યોગ
૮. વૈરાગ્ય
૯. દાર્શનિક ગ્રંથો
૧૦. અનેક પ્રકારના કાવ્યો
૧૧. કથા સાહિત્ય
૧૨. ઐતિહાસિક સાહિત્ય
૧૩. લલિતવાઙ્મય સાહિત્ય
૧૪. વિધિવિધાનના ગ્રંથો
૧૫. કલ્પ ગ્રંથો
૧૬. મંત્ર શાસ્ત્રો
૧૭. તંત્ર શાસ્ત્રો
૧૮. પર્વ શાસ્ત્રો
૧૯. તીર્થ સ્વરૂપના ગ્રંથો
૨૦. સંગીત શાસ્ત્ર
૨૧. કલા સાહિત્ય
૨૨. ગણિત શાસ્ત્ર
૨૩. જ્યોતિષ શાસ્ત્ર
૨૪. શકુન શાસ્ત્ર
૨૫. નિમિત્ત શાસ્ત્ર
૨૬. સ્વપ્ન શાસ્ત્ર
૨૭. ચૂડામણિ શાસ્ત્રો
૨૮. સામુદ્રિક શાસ્ત્રો
૨૯. રમલ શાસ્ત્ર
૩૦. લક્ષ્મણ શાસ્ત્ર
૩૧. આર્ય શાસ્ત્ર
૩૨. અર્ઘ શાસ્ત્ર
૩૩. કોષ્ઠક શાસ્ત્ર
૩૪. આયુર્વેદ શાસ્ત્ર
૩૫. અર્થ શાસ્ત્ર
૩૬. નીતિ શાસ્ત્ર
૩૭. શિલ્પ શાસ્ત્ર
૩૮. રત્ન શાસ્ત્ર
૩૯. વ્યાકરણ શાસ્ત્ર
૪૦. કોષ ગ્રંથો
૪૧. અલંકાર શાસ્ત્રો
૪૨. છંદ શાસ્ત્ર
૪૩. નાટ્યશાસ્ત્ર
૪૪. કામશાસ્ત્ર
૪૫. ગજપરીક્ષા
૪૬. મુદ્રા શાસ્ત્ર
૪૭. ધાતુ વિજ્ઞાન શાસ્ત્ર
૪૮. પ્રશ્ન વિજ્ઞાન શાસ્ત્ર
૪૯. ભૂગોળ
૫૦. ખગોળ
૫૧. અશ્વપરિક્ષા વગેરે

## જૈન ગણિત

| | | |
|---|---|---|
| (૧) અનંત સૂક્ષ્મ પરમાણુ | = | ૧ વ્યવહારિક પરમાણુ |
| અનંત વ્યવહારિક પરમાણુ | = | ૧ ઉશ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા |
| ૮ ઉશ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા | = | ૧ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા |
| ૮ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા | = | ૧ ઊર્ધ્વરેણુ |
| ૮ ઊર્ધ્વરેણુ | = | ૧ ત્રસરેણુ |
| ૮ ત્રસરેણુ | = | ૧ રથરેણુ |
| ૮ રથરેણુ | = | ૧ કુરુક્ષેત્રના યુગલિયાનો વાળ |
| ૮ કુરુક્ષેત્ર યુગલિકના વાળ | = | ૧ હરિવર્ષના યુગલિયાનો વાળ |
| ૮ હરિવર્ષ | = | ૧ હૈમવતના યુગલિયાનો વાળ |
| ૮ હૈમવત | = | ૧ પૂર્વવિદેહના માણસનો વાળ |
| ૮ પૂર્વવિદેહના માણસના વાળ | = | ૧ ભરત ક્ષેત્રના મૉણસનો વાળ |
| ૮ ભરત ક્ષેત્રના માણસના વાળ | = | ૧ લીખ |
| ૮ લીખ | = | ૧ જૂ |
| ૮ જૂ | = | ૧ યવનો મધ્યભાગ |
| ૮ યવનો મધ્યભાગ | = | ૧ ઉત્સેધાંગુલ |
| ૬ અંગુલ (પહોળાઈ) | = | ૧ પાદ |
| ૨ પાદ | = | ૧ વેંત |
| ૨ વેંત | = | ૧ હાથ |
| ૨ હાથ | = | ૧ કુક્ષિ |
| ૨ કુક્ષિ | = | ૧ ધનુષ્ય |
| ૨૦૦૦ ધનુષ્ય | = | ૧ કોસ |
| ૪ કોસ | = | ૧ યોજન |
| ૧યોજન | = | ૮ માઈલ (૧૩ કિલોમીટર લગભગ) |
| અસંખ્યાત કોટાકોટી યોજન | = | ૧ રાજલોક |

**આવા ૧૪ રાજલોક પ્રમાણ આ લોક – વિશ્વ છે.**

## જૈનશાસનમાં બતાવેલ કાળ

| | | |
|---|---|---|
| કેવળીની દૃષ્ટિએ સૂક્ષ્મમાં સૂક્ષ્મ | = | કાળ |
| અસંખ્યાતા સમય | = | ૧ આવલિકા |
| ૧,૬૭,૭૦,૨૧૬ આવલિકા | = | ૧ મુહૂર્ત |
| ૨ ઘડી | = | ૧ મુહૂર્ત |
| ૨ ઘડીથી (૪૮ મિનીટથી) કાંઈક ઓછું | = | ૧ અંતર્મુહૂર્ત |
| ૪ પ્રહર | = | ૧ દિવસ/૧ રાત |
| ૮ પ્રહર | = | ૧ અહોરાત્રી |
| ૧૫ અહોરાત્રી | = | ૧ પક્ષ |
| ૨ પક્ષ | = | ૧ મહિનો |
| ૨ માસ | = | ૧ ઋતુ |
| ૩ ઋતુ | = | ૧ અયન |
| ૨ અયન | = | ૧ વર્ષ |
| ૫ વર્ષ | = | ૧ યુગ |
| સંખ્યાતા વર્ષો ૩ પ્રકારે | | |
| ઉત્કૃષ્ટ સંખ્યાતું + ૧ | = | પહેલું અસંખ્યાતું |
| અસંખ્યાતા વર્ષો | = | ૧ પહેલું અસંખ્યાતું |
| ૧૦ કોડાકોડી પલ્યોપમ વર્ષ | = | ૧ સાગરોપમ |
| ૧૦ કોડાકોડી સાગરોપમ વર્ષ | = | ૧ ઉત્સર્પિણી/૧ અવસર્પિણી |
| ૧ ઉત્સર્પિણી+૧ અવસર્પિણી | = | ૧ કાળચક્ર |
| અસંખ્યાતા કાળચક્ર | = | ૧ પુદ્‌ગલ પરાવર્ત |

**આવા અનંતા પુદ્‌ગલ પરાવર્તકાળથી આપણે ૧૪ રાજલોકમાં રખડીએ છીએ. હજી સાવધાન ન થયા તો વધુ ભટકવા તૈયાર રહેવું પડશે.**

## વિવિધ દૃષ્ટિકોણથી જ્ઞાનનું સ્વરૂપ

(૧) મતિજ્ઞાન
શ્રુતજ્ઞાન
અવધિજ્ઞાન
મનઃપર્યવજ્ઞાન
કેવલજ્ઞાન

(૨) શ્રુતજ્ઞાન
ચિંતાજ્ઞાન
ભાવનાજ્ઞાન

(૩) વિષયપ્રતિભાસ જ્ઞાન
આત્મપરિણત જ્ઞાન
તત્ત્વસંવેદન જ્ઞાન

(૪) પ્રત્યક્ષજ્ઞાન
પરોક્ષજ્ઞાન

(૫) સાકાર ઉપયોગ
નિરાકાર ઉપયોગ

(૬) સમ્યક્જ્ઞાન
મિથ્યાજ્ઞાન

(૭) જ્ઞપરિજ્ઞા (ગ્રહણશિક્ષા)
પ્રત્યાખ્યાન પરિજ્ઞા (આસેવન શિક્ષા)

(૮) ભૂતજ્ઞાન
ભવિષ્યજ્ઞાન
વર્તમાનજ્ઞાન

(૯) પ્રત્યક્ષજ્ઞાન
અનુમિતિજ્ઞાન
ઉપમિતિજ્ઞાન
શાબ્દજ્ઞાન

(૧૦) મૂકજ્ઞાન
અમૂકજ્ઞાન

(૧૧) સવિકલ્પજ્ઞાન
નિર્વિકલ્પજ્ઞાન

(૧૨) ક્ષાયોપશમિકજ્ઞાન
ક્ષાયિકજ્ઞાન

(૧૩) બુદ્ધિના ગુણ
સુશ્રૂષા
શ્રવણ
ગ્રહણ
વિજ્ઞાન
ધારણ
ઉહ
અપોહ
તત્ત્વાભિનિવેશ (તત્ત્વનો આગ્રહ)

(૧૪) સાલંબનજ્ઞાન
નિરાલંબનજ્ઞાન

(૧૫) આગમથી
નોઆગમથી
તદ્વતિરિક્ત

(૧૬) નયજ્ઞાન
પ્રમાણજ્ઞાન

(૧૭) અભિલાપ્યજ્ઞાન (વક્તવ્ય)
અનભિલાપ્યજ્ઞાન (અવક્તવ્ય)

(૧૮) અન્વયજ્ઞાન
વ્યતિરેકજ્ઞાન

(૧૯) મતિઅજ્ઞાન
શ્રુતઅજ્ઞાન
વિભંગજ્ઞાન

(૨૦) સંશયજ્ઞાન
વિપર્યયજ્ઞાન
અનધ્યવસાયજ્ઞાન

(૨૧) નૈશ્ચયિકજ્ઞાન
વ્યવહારિકજ્ઞાન
(૨૨) ઉત્સર્ગજ્ઞાન
અપવાદજ્ઞાન
(૨૩) સ્મૃતિજ્ઞાન
અનુભવજ્ઞાન
(૨૪) સૂત્રજ્ઞાન
અર્થજ્ઞાન
(૨૫) શ્રવણ
ચિંતન
નિદિધ્યાસન
(૨૬) જ્ઞાનના નિક્ષેપા :
નામ
સ્થાપના
દ્રવ્ય
ભાવ
(૨૭) સ્વાધ્યાય :
વાચના
પૃચ્છના
પરાવર્તના
અનુપ્રેક્ષા
ધર્મકથા
(૨૮) દ્રવ્યજ્ઞાન
ભાવજ્ઞાન
(૨૯) લૌકિકજ્ઞાન
લોકોત્તરજ્ઞાન
(૩૦) પ્રધાન જ્ઞાન
અપ્રધાનજ્ઞાન

## જૈન શાસનનું અનેકાર્થ સાહિત્ય

| ગ્રંથનું નામ | કેટલા અર્થ ? | કર્તા |
|---|---|---|
| ૧. તત્ત સીઅલી અષ્ટશતાર્થી | ૮૦૦ | આ. બપ્પભટ્ટી સૂ. મ. |
| ૨. ભૂભારોદ્ધરણો પદ | ૧૦૦ | કવિ શ્રીપાળ |
| ૩. રત્નાકરાવતારિકાગત પદ્ય | ૧૦૦ | આ. રત્નપ્રભ સૂ. મ. |
| ૪. કુમારવિહારપ્રશસ્તિ-૮૭મું પદ્ય | ૧૧૬ | વર્ધમાનગણિ |
| ૫. શ્રી સિદ્ધાર્થ નરેન્દ્ર કાવ્ય | ૨૫ | આ. સોમતિલકસૂરિ |
| ૬. શતાર્થી કાવ્ય | ૧૦૦ | જિન માણિક્યસૂરિં |
| ૭. 'નમો અરિહંતાણં' પદ | ૧૧૦ | પં. શ્રી હર્ષકુલગણિ |
| ૮. યોગશાસ્ત્ર પ્ર. ૨, શ્લોક-૧૦ | ૧૦૦ | શ્રી માનસાગર |
| ૯. શતાર્થી વિવરણ | ૧૦૦ | આ. શ્રી સોમવિમલસૂરિ |
| ૧૦. યોગશાસ્ત્ર પ્ર. ૨, શ્લોક-૫ | ૧૦૦ | આ. જયસુંદર સૂરિ |
| ૧૧. ઉપદેશમાળા ગાથા-૫૧ | ૧૦૦ | ઉદયધર્મ મુનિ |
| ૧૨. શ્રી વર્ધમાન જિનકાવ્ય | ૬ | શ્રી દાનસૂરિ શિષ્ય |

| | | |
|---|---|---|
| ૧૩. યોગશાસ્ત્ર પ્ર. ૧, શ્લોક-૧ | ૫૦૦ | ઉ. લાભવિજયજીગણિ |
| ૧૪. 'રાજા નો દદતે સૌખ્યમ્' | ૮ લાખ | મહો. સમયસુંદરગણિ |
| ૧૫. સપ્તસંધાન કાવ્ય | ૭ | મહો. મેઘવિજયજી ગણિ |
| ૧૬. 'નમો લોએ સવ્વસાહૂણં'નું "સવ્વ" પદ | ૩૯ | આ. દેવરત્નસૂરિ |
| ૧૭. દ્વયાશ્રય મહાકાવ્ય | ૨ | આ. હેમચંદ્રસૂરિ મ. (કલિકાલસર્વજ્ઞ) |
| ૧૮. નાભેય નેમિ દ્વિસંધાન મહાકાવ્ય | ૨ | આ. હેમચંદ્રસૂરિ મ. (વડગચ્છ) |
| ૧૯. યોગશાસ્ત્ર : નમો દુર્વારરાગાદિ શ્લોક | ૭૦૦ | આ.શ્રી વિજયસેન સૂ. (અકબરના દરબારમાં) |

આવા અનેક ગ્રંથો જૈન શાસનમાં વર્તમાનકાળમાં પણ ઉપલબ્ધ છે.

**મહાપુરુષોએ કરેલ ગ્રંથરચનાની ઝલક**

| | | |
|---|---|---|
| ૧. | પરમાત્માના ૧૪,૦૦૦ શિષ્યો | ૧૪,૦૦૦ પયન્ના |
| ૨. | ભદ્રબાહુસ્વામીજી | નિર્યુક્તિ ગ્રંથો-કલ્પસૂત્ર |
| ૩. | મલ્લવાદી સૂ. મ. | ૧ શ્લોકને આધારે ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ દ્વાદશારનય ચક્ર |
| ૪. | સિદ્ધસેન દિવાકર સૂરિ | મહાતાર્કિક-મહાકવિ-સંમતિતર્ક આદિ ગ્રંથોની રચના કરનાર |
| ૫. | આર્યરક્ષિત સૂ. મ. | ચાર અનુયોગનું વિભાગીકરણ |
| ૬. | જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ | ભાષ્યગ્રંથોની રચના + આગમપ્રધાન આચાર્ય |
| ૭. | જિનદાસ મહત્તર | ચૂર્ણિ ગ્રંથોની રચના |
| ૮. | ઉમાસ્વાતિ મ. | ૫૦૦ ગ્રંથો |
| ૯. | હરિભદ્ર સૂ. મ. | ૧૪૪૪ ગ્રંથો - સંસ્કૃત ટીકાની શરૂઆત કરનાર |
| ૧૦. | સિદ્ધર્ષિગણિ | ઉપમિતિ આદિ ગ્રંથો રચનાર |
| ૧૧. | અભયદેવ સૂ. મ. | નવાંગી વૃત્તિકાર |
| ૧૨. | હેમચંદ્ર સૂ. મ. | ૩॥ કરોડ શ્લોક/૧ લીંબુ નીચે પડે તેટલામાં ૯ શ્લોક બનાવનાર પંચાંગી વ્યાકરણ કર્તા |

| | |
|---|---|
| ૧૩. ઉપા. યશોવિજયજી મ. | બિંદુ-સાર-શતક-રહસ્ય અંતવાળા ૧૦૦ ગ્રંથો, ન્યાયના ગ્રંથો, વિપુલ ગુજરાતી સાહિત્ય |
| ૧૪. સમયસુંદર ગણિ | राजा नो ददते सौख्यम् ના ૮ લાખ અર્થ |
| ૧૫. ઋષભદાસ કવિ | ૩૨ રાસા |

| **શું જાણવું છે ?** | **કયો ગ્રંથ વાંચશો ?** |
|---|---|
| ૧. શ્રાવકપણાના આચારો જાણવા છે ? | : શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ, શ્રાવકધર્મવિધિ પ્રકરણ..... |
| ૨. ધાર્મિક સંસ્થાનો વહીવટ કરવો છે ? | : દ્રવ્યસપ્તતિકા |
| ૩. ૧૪ રાજલોકના જીવોને જાણવા છે ? | : જીવવિચાર |
| ૪. જૈન શાસનના તત્ત્વો સમજવા છે ? | : નવતત્ત્વ, તત્ત્વાર્થ |
| ૫. જિનમંદિરમાં વિધિ કેમ કરાય ? તે જાણવું છે ? | : ચૈત્યવંદન ભાષ્ય |
| ૬. ગુરુ ભગવંત સાથેના વ્યવહારો શીખવા છે ? | : ગુરુવંદન ભાષ્ય |
| ૭. જૈન શાસનના કર્મસિદ્ધાંતો જાણવા છે ? | : કર્મગ્રંથ |
| ૮. સાધકનું જીવન જાણવું છે ? | : યોગશાસ્ત્ર પ્રકાશ-૧-૨-૩ |
| ૯. મોક્ષમાર્ગની સાધના જાણવી છે ? | : યોગશાસ્ત્ર પ્રકાશ-૪ |
| ૧૦. ઉત્તમ મહાપુરુષોનાં જીવન જાણવા છે ? | : ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર |
| ૧૧. શ્રાવકના દ્રવ્યથી અને ભાવથી ગુણો જાણવા છે ? | : ધર્મરત્ન પ્રકરણ |
| ૧૨. ધર્મમાં પ્રવેશ પામવો છે ? | : ધર્મબિંદુ, યોગશાસ્ત્ર |
| ૧૩. વિવિધ વિષયો અંગેના મહાપુરુષોના શાસ્ત્રીય ઉત્તરો જાણવા છે ? | : હીરપ્રશ્ન, સેનપ્રશ્ન, વિવિધ પ્રશ્નોત્તર |
| ૧૪. માતા-પિતા, ભાઈ-પતિ-પત્ની-પુત્ર-ધર્મગુરુ સરકારી પુરુષો, મિત્રવર્તુળ વગેરે સાથેનો ઉચિત આચાર જાણવો છે ? | : હિતોપદેશમાળા |
| ૧૫. સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણવું છે ? | : વૈરાગ્ય શતક, શાંત સુધારસ, ભવભાવના, ઉપમિતિ ભવપ્રપંચા કથા |
| ૧૬. અધ્યાત્મની પ્રાપ્તિના ઉપાયો જાણવા છે ? | : અધ્યાત્મસાર |
| ૧૭. મહાપુરુષોનું નામસ્મરણ કરવું છે ? | : ભરહેસર સૂત્ર |

| | | |
|---|---|---|
| ૧૮. | ૧૪ રાજલોકના તીર્થોને વંદના કરવી છે ? | : સકલતીર્થ સૂત્ર |
| ૧૯. | જીવનમાં થતા પાપોનું મિચ્છામિ દુક્કડમ્ આપવું છે ? | : અઢાર પાપસ્થાનક સૂત્ર |
| ૨૦. | અરિહંત પરમાત્માના વિશેષે ગુણો જાણવા છે ? | : નમુત્થુણં સૂત્ર, લલિત વિસ્તરા |
| ૨૧. | જંબુદ્વીપનું સ્વરૂપ સમજવું છે ? | : જંબુદ્વીપ સંગ્રહણી |
| ૨૨. | સમ્યગ્દર્શનનું સ્વરૂપ તથા ભેદો જાણવા છે ? | : સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાય |
| ૨૩. | અરિહંત પરમાત્માનું સ્વરૂપ જાણવું છે ? | : અરિહંત વંદનાવલી |
| ૨૪. | ધર્મમાં પ્રયત્ન કરતા થવું છે ? | : ઉપદેશમાળા |
| ૨૫. | જીવનને સમાધિમય બનાવવું છે ? | : નમસ્કાર મહામંત્ર |

**રુચિ આપની, આજ્ઞા ગુરુની, આરાધના શાસનની !**

**ક્રિયા કરવી બહુ ગમે છે તો .....**

* ત્રિકાળ દર્શન-પૂજા કરવી
* ત્રિકાળ ગુરુ વંદના કરવી
* ખમાસમણ ૧૭ સંડાસાપૂર્વક આપવા
* મુહપત્તિ પ્રતિલેખન ૫૦ બોલપૂર્વક કરવું
* સામાયિક કરવું
* ગુરુ ભગવંતની વૈયાવચ્ચ કરવી
* જ્ઞાનના ૫૧ ખમાસમણ આપવા (આ રીતે અન્ય પદની આરાધના)
* સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા કરવી
* જ્ઞાન વગેરે પદને આશ્રયી પદ વગેરે લોગસ્સનો કાયોત્સર્ગ કરવો
* કોઈપણ વસ્તુની લે-મૂક કરતાં પૂંજવું-પ્રમાર્જવું
* બીજાના કામ કરી તેને ધર્મમાં સહાયક બનવું.

**નવા નવા પદાર્થો જાણવા ગમે છે તો .....**

* જીવનું અલગ અલગ દ્વારો દ્વારા સ્વરૂપ જાણવું
* જીવ-અજીવ વગેરે નવ તત્ત્વોનું સ્વરૂપ જાણવું
* ષડ્દ્રવ્યનું સ્વરૂપ જાણવું
* દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ જાણવું
* સંસાર અને મોક્ષનું સ્વરૂપ જાણવું
* ચાર ગતિ અને ૧૪ રાજલોકનું સ્વરૂપ જાણવું

* કર્મ અને ગુણસ્થાનકનું સ્વરૂપ જાણવું
* સ્યાદ્વાદ-૭ નય-નિક્ષેપાનું સ્વરૂપ જાણવું
* સંખ્યાતું-અસંખ્યાતું-અનંતું-પલ્યોપમ-સાગરોપમ-પુદ્ગલ પરાવર્તાદિનું સ્વરૂપ જાણવું.

**આત્મિક ગુણોનો વિકાસ કરવો છે તો.....**

* યોગની પૂર્વસેવાના ગુણો જાણજો
* મુક્તિ પ્રત્યે અદ્વેષ ભાવ કેળવજો
* માર્ગાનુસારીપણાનાં ૩૫ ગુણો પામવાની મહેનત કરજો
* અધ્યાત્મ પ્રાપ્તિના ૩૩ ઉપાયો જાણજો
* આત્માનુભૂતિના ૧૫ ઉપાયો જાણજો
* અપુનર્બંધક કક્ષાના ૩ ગુણો પામવાની મહેનત કરજો
* ક્રિયાઓમાં અપેક્ષિત પ્રણિધાન વગેરે ૫ આશયો કેળવજો
* વિષ, ગર વગેરે ૫ પ્રકારના અનુષ્ઠાનનું સ્વરૂપ જાણજો
* પ્રીતિ, ભક્તિ વગેરે ૪ પ્રકારના અનુષ્ઠાન જાણજો
* અધ્યાત્મ વગેરે ૫ પ્રકારના યોગને જાણજો
* સ્થાન, વર્ણ વગેરે ૫ પ્રકારના યોગને જાણજો
* ઈચ્છા, પ્રવૃત્તિ વગેરે ૪ પ્રકારના યોગને જાણજો
* ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગને પામવાની મહેનત કરજો
* મિત્રા, તારા વગેરે ૮ દૃષ્ટિઓનો વિકાસક્રમ પામવાની મહેનત કરજો
* સમ્યગ્દર્શનના ૩ ગુણોને ઉત્કંઠાપૂર્વક પામવાનો પ્રયત્ન કરજો
* ભાવશ્રાવકના ક્રિયાગત ૬ અને ભાવગત ૧૭ ગુણો મેળવવાનો પ્રયત્ન કરજો
* સતત આત્મનિરીક્ષણ કરજો
* લોકોની મારા માટે શું કલ્પના છે, તે જાણવાનો પ્રયત્ન કરજો
* સ્વદોષોને જાણી પ્રયોજનપૂર્વક કાઢવાનો પ્રયત્ન કરજો
* મારા યોગો શુદ્ધ થાય છે કે અશુદ્ધ તે સતત વિચારજો
* તીવ્ર સંવેગીપણું મને કેવી રીતે પ્રાપ્ત થાય તેની વિચારણા કરજો
* કષાય અને વિષયોની ભાવનાઓને હૈયામાંથી દૂર કરજો
* નિરંતર ગીતાર્થ-જયણાવંત-ભવભીરુ-મહાન ગુરુનું માર્ગદર્શન મેળવજો
* પરમાત્માની આજ્ઞાને જીવનમાં પૂરેપૂરી વણવાનો પ્રયત્ન કરજો.

**જપ કરવો બહુ ગમે છે તો .....**

- ♦ નમસ્કાર મહામંત્રનો જપ કરવો
- ♦ નવપદનો જપ કરવો
- ♦ જ્ઞાનની આરાધના માટે 'નમો નાણસ્સ' પદનો જપ કરવો
- ♦ બ્રહ્મચર્યની વિશુદ્ધિ માટે 'પરમાત્મા નેમિનાથ' તથા 'સ્થૂલિભદ્રસ્વામી'ને આશ્રયી જપ કરવો.

**ધ્યાન કરવું બહુ ગમે છે તો .....**

- ❋ સ્થિરાસને બેસી આત્માના દોષોનું ચિંતન કરવું
- ❋ ધ્યેય સ્વરૂપ પરમાત્મદશાનું ચિંતન કરવું
- ❋ આર્તધ્યાનના ચાર પાયાની વિચારણા કરવી
- ❋ રૌદ્રધ્યાનના ચાર પાયા વિચારવા
- ❋ દુર્ધ્યાનના ફળની વિચારણા કરવી
- ❋ ૪-૪ પાયાપૂર્વક ધર્મધ્યાન-શુક્લધ્યાનની વિચારણા કરવી
- ❋ ધર્મધ્યાનમાં પરમાત્માની આજ્ઞાની વિચારણા કરવી
- ❋ શુભધ્યાનના ફળનું ચિંતન કરવું
- ❋ સમવસરણનું ચિંતન કરવું
- ❋ નવપદનું ધ્યાન કરી તન્મય બનવું
- ❋ કર્મબંધના કારણો તથા તેના ફળનું ચિંતન કરવું.

**ગ્રંથ રચના કઈ ભાષામાં ?**

| | | |
|---|---|---|
| ૧. પ્રાકૃત (અર્ધમાગધી) | ૫. મરાઠી | ૮. શૌરસેની |
| ૨. સંસ્કૃત | ૬. કન્નડ | ૯. માગધી |
| ૩. હિંદી | ૭. તમિલ | ૧૦. પૈશાચી |
| ૪. ગુજરાતી | | |

## ૪૫ આગમનો સંક્ષિપ્ત પરિચય

# ૧૧ અંગ

### ૧ – શ્રી આચારાંગ સૂત્ર (૨૫૫૪ શ્લોક પ્રમાણ)

**શીલાંકાચાર્ય કૃત ટીકા – ૧૨૦૦૦ શ્લોક પ્રમાણ**

આ આચારાંગ સૂત્ર જીવનશુદ્ધિના સ્તરને ઉંચુ લાવવા માટે ખાસ જરૂરી છે. દરેક જીવો સાથે આત્મીયભાવ ઉભો કરવો અને તે માટે છ પ્રકારના જીવોની જયણા કરવા દ્વારા આચારની શુદ્ધિ શી રીતે કરવી ? તેની સમજૂતી આ સૂત્ર આપે છે.

**૨ – શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર (૨૧૦૦ શ્લોક પ્રમાણ)**
**શીલાંકાચાર્ય કૃત ટીકા – ૧૨૮૫૦ શ્લોક પ્રમાણ**

આ સૂત્રકૃતાંગ સૂત્રમાં જગતના ષડ્દર્શન તથા વિવિધ દર્શનોની અપૂર્ણતા જણાવી સ્યાદ્વાદ સિદ્ધાંતની સ્થાપના કરી છે. સાધુના આચારોનું, નરકના દુઃખોનું વર્ણન છે. આ આગમના અધ્યયનથી દૃઢ શ્રદ્ધાવાળા થવાય છે.

**૩ – સ્થાનાંગ સૂત્ર (૩૭૦૦ શ્લોક પ્રમાણ)**
**અભયદેવીય ટીકા – ૧૪૨૫૦ શ્લોક પ્રમાણ**

આ ઠાણાંગ સૂત્રમાં જગતના ભિન્ન ભિન્ન પદાર્થોનું વર્ગીકરણ ૧ થી ૧૦ સુધીની સંખ્યામાં કર્યું છે. આત્મતત્ત્વને ઓળખવા ઉપયોગી-અનુપયોગી પદાર્થોનું વિવરણ કરી કુતૂહલ વૃત્તિનું શમન થયા પછી તત્ત્વજ્ઞાનની ભૂમિકા સ્થિર થાય છે. આ આગમ સચોટ રીતે સિદ્ધાંત સમજાવે છે.

**૪ – સમવાયાંગ સૂત્ર (૧૬૬૭ શ્લોક પ્રમાણ)**
**અભયદેવીય ટીકા – ૩૫૭૫ શ્લોક પ્રમાણ**

આ સમવાયાંગ સૂત્રમાં ૧ થી ૧૦૦ સુધીની સંખ્યામાં વસ્તુનું નિરૂપણ કરી ક્રોડા ક્રોડી સુધીની સંખ્યાવાળા પદાર્થોનો નિર્દેશ કર્યો છે. છેવટે સમસ્ત દ્વાદશાંગી (સર્વ આગમો)નો સંક્ષિપ્ત પરિચય, તીર્થંકરો, ચક્રવર્તી વાસુદેવ-બલદેવ-પ્રતિવાસુદેવ વગેરે ઘણી વસ્તુઓનો સંગ્રહ છે.

**૫ – ભગવતી સૂત્ર (૧૫૭૫૧ શ્લોક પ્રમાણ)**
**અભયદેવીય ટીકા – ૧૮૬૧૬ શ્લોક પ્રમાણ**

આ ભગવતી સૂત્રમાં ગૌતમસ્વામીજીએ પ્રભુને પૂછેલ ૩૬૦૦૦ પ્રશ્નોના સુંદર સમાધાનો છે. અન્ય ગણધર-શ્રાવક-શ્રાવિકા અને કેટલાક અજૈનો દ્વારા પૂછાયેલ પ્રશ્નોત્તર પણ છે. આ આગમમાં અનેક વિષયોનું વિશિષ્ટ શૈલીથી ગંભીર વર્ણન છે. ગુરુમુખે સાંભળવા જેવું છે.

**૬ – જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર (૫૪૫૦ શ્લોક પ્રમાણ)**
**અભયદેવીય ટીકા – ૩૮૭૦ શ્લોક પ્રમાણ**

આ જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર રૂપક દૃષ્ટાંતો તથા મહાપુરુષોના જીવનચરિત્રથી સમૃદ્ધ છે. પૂર્વે આ આગમમાં બે અબજ છેતાલીસ કરોડ પચાસ લાખ કથા-ઉપકથાઓ હતી એ વાત નોંધાયેલી છે. આજે માત્ર ૧૯ કથાઓ ઉપલબ્ધ છે. બાલ જીવોને ધર્મ પ્રત્યે અનુરાગવાળા થવા માટે કથાનુયોગનો ઉત્તમ ગ્રંથ છે.

**૭ – ઉપાસકદશાંગ સૂત્ર (૮૧૨ શ્લોક પ્રમાણ)**
**અભયદેવીય ટીકા (૮૦૦ શ્લોક પ્રમાણ)**

આ ઉપાસકદશાંગ સૂત્રમાં ભગવાનશ્રી મહાવીર પ્રભુના બાર વ્રતધારી મુખ્ય દશ શ્રાવક સંબંધી રોચક સંક્ષિપ્ત વર્ણન છે. જેમાં આદર્શ શ્રાવક જીવનનો બોધ થાય છે. ગોશાલાનો નિયતિવાદ તેમજ ગોશાલાએ પરમાત્માને આપેલી મહામાહણ; મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મક અને મહાનિર્યામિકની યથાર્થ ઉપમાઓનું વર્ણન છે.

**૮ – અંતકૃત્‌દશાંગ સૂત્ર (૯૦૦ શ્લોક પ્રમાણ)**
**અભયદેવીય ટીકા (૪૦૦ શ્લોક પ્રમાણ)**

આ અંતકૃત્‌દશાંગ સૂત્રમાં અંતકૃત્ કેવલીઓનું વર્ણન આવે છે. 'અંત સમયે કેવલજ્ઞાન પામી અંતર્મુહૂર્તમાં મોક્ષે ગયા હોય તેને અંતકૃત્ કેવલી કહેવાય છે. દ્વારિકા નગરીનાં વર્ણનથી આ આગમની શરૂઆત થાય છે. દ્વૈપાયન દ્વારા દ્વારિકાનો નાશ, અર્જુન માલી, અઈમુત્તા, શત્રુંજયનો અધિકાર જણાવ્યો છે. શ્રેણિક રાજાની ૨૩ રાણીઓની તપશ્ચર્યાનું સુંદર વર્ણન છે.

**૯ – અનુત્તરોપપાતિકદશાંગ સૂત્ર (૧૩૦૦ શ્લોક પ્રમાણ)**
**અભયદેવીય ટીકા (૫૯૩૦ શ્લોક પ્રમાણ)**

આ સૂત્રમાં શુદ્ધ ચારિત્રનું પાલન કરી અનુત્તર દેવવિમાને ગયેલા એકાવતારી ૩૩ ઉત્તમ આત્માઓના જીવનચરિત્ર છે. ખુદ મહાવીર પ્રભુએ જેમની પ્રશંસા કરી હતી અને એક માત્ર જેમના શરીરનું વર્ણન કર્યું હતું તે ધન્ના-કાકંદીની કઠોર તપસ્યાનું રોમાંચક વર્ણન પણ છે. જે તપશ્ચર્યાથી તેઓનું શરીર હાડપિંજર જેવું બની ગયું હતું.

**૧૦ – પ્રશ્નવ્યાકરણ સૂત્ર (૧૨૫૦ શ્લોક પ્રમાણ)**
**અભયદેવીય ટીકા (૯૦૦ શ્લોક પ્રમાણ)**

આ સૂત્રમાં હિંસા-જૂઠ-ચોરી-મૈથુન-પરિગ્રહ એ પાંચ મહાપાપોનું વર્ણન તથા તેના ત્યાગરૂપ પાંચ મહાવ્રતોનું સ્વરૂપ જણાવેલું છે. પૂર્વકાલમાં મંત્ર-તંત્ર-વિદ્યા અતિશયોની અનેક વાતો તથા ભવનપતિ આદિ દેવો સાથે વાત કરવાની તથા ભૂત-ભાવિને જાણવાની માંત્રિક પદ્ધતિઓ આ આગમમાં હતી.

**૧૧ – શ્રી વિપાકાંગ સૂત્ર (૧૧૬૭ શ્લોક પ્રમાણ)**
**અભયદેવીય ટીકા (૯૦૦ શ્લોક પ્રમાણ)**


આ સૂત્રમાં અજ્ઞાન અવસ્થામાં હિંસા આદિ ભયંકર પાપોના ફલ (વિપાક) રૂપે પરભવમાં કારમી પીડા અનુભવનારા દશ મહાપાપી જીવો અને ધર્મની ઉત્તમ આરાધનાથી પરભવમાં સુંદર સુખ અનુભવનારા દશ ધર્મી જીવોનાં ચરિત્રનું વર્ણન છે. મૃગાપુત્ર (લોઢીયો) અને મહામુનિ સુબાહુના પ્રસંગો અદ્‌ભૂત છે.

# સમ્યગ્દર્શન



આત્માના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન કરાવનાર ગુણ સમ્યગ્દર્શન છે. આ ગુણની પ્રાપ્તિ થયા વિના કોઈને સાચું સુખ તો નથી મળતું, પરંતુ તેનો ધર્મ, જ્ઞાન કે પ્રયત્ન પણ સફળ થતાં નથી. દિશાના જ્ઞાન વિના દોટ જેમ શ્રમ વધારે છે, તેમ આ ગુણ વિનાનો ધર્મપ્રયાસ પણ માત્ર પુણ્ય બંધાવી સંસાર પરિભ્રમણ જ કરાવે છે. સમ્યગ્દર્શન ગુણને સમજવા, પામવા, આ પુસ્તકનું વાંચન અત્યંત ઉપકારક છે, માટે આ પુસ્તકને વસાવો અને વાંચો.



॥ શ્રુત મહાપૂજા ॥





























## ૧૨ – ઉપાંગ

**૧ – શ્રી ઔપપાતિક સૂત્ર (૧૧૬૭ શ્લોક પ્રમાણ)**
**અભયદેવીય ટીકા (૩૧૨૫ શ્લોક પ્રમાણ)**

આચારાંગ સૂત્રનું ઉપાંગ છે. દેવ-નારકીના ઉપપાત-જન્મ, મોક્ષ-મન વગેરે મુખ્ય વિષય છે. શ્રેણિક મહારાજાની પ્રભુને વાંદવા જવાની અપૂર્વ તૈયારી, શ્રેણિક રાજાએ કરેલું વીર પ્રભુનું સામૈયું, અંબડ તાપસના જીવન પ્રસંગો તેના સાતસો શિષ્યો, કેવલી સમુદ્‌ઘાત તથા મોક્ષનું રોમાંચક વર્ણન આ આગમમાં છે.

**૨ – રાજપ્રશ્નીય સૂત્ર (૨૧૨૦ શ્લોક પ્રમાણ)**
**મલયગિરિય ટીકા (૩૩૦૦ શ્લોક પ્રમાણ)**

એ સૂત્ર કૃતાંગ સૂત્રનું ઉપાંગ છે. જેમ પ્રદેશી રાજાએ કરેલ જીવની શોધ-પરીક્ષા કેશી ગણધર દ્વારા ધર્મબોધ, તેમનું સમાધિ-મૃત્યુ, સૂર્યાભદેવ તરીકે ઉત્પત્તિ, સમવસરણમાં કરેલા ૩૨ નાટકો, ભગવંતને પૂછેલા નાસ્તિકવાદના ગૂઢ-૬ પ્રશ્નોનું તાર્કિક નિરાકરણ આ આગમમાં છે. સિદ્ધાયતની ૧૦૮ જિન પ્રતિમાનું વર્ણન પણ છે.

**૩ – શ્રી જીવાજીવાભિગમ સૂત્ર (૪૭૦૦ શ્લોક પ્રમાણ)**
**મલયગિરિય ટીકા (૧૪૦૦૦ શ્લોક પ્રમાણ)**

એ સ્થાનાંગ સૂત્રનું ઉપાંગ છે. પ્રશ્નોત્તર શૈલીમાં જીવ-અજીવ, અઢીદ્વીપ-નરકાવાસ-દેવવિમાન સંબંધી વિશદ વિવેચન છે. વિજયદેવે કરેલી જિનપૂજાનું વિસ્તૃત વર્ણન આ આગમમાં છે. અષ્ટપ્રકારી જિનપૂજાનો અધિકાર બહુજ રસપ્રદ છે.

**૪ – શ્રી પન્નવણા સૂત્ર (મૂળ–૭૭૮૭ શ્લોક પ્રમાણ)**
**મલયગિરિય ટીકા (૧૬૦૦૦ શ્લોક પ્રમાણ)**

એ સમવાયાંગ સૂત્રનું ઉપાંગ છે. પ્રશ્નોત્તર શૈલીના આ 'ગ્રંથને લઘુ ભગવતી સૂત્ર' પણ કહે છે. જૈન દર્શનના તાત્ત્વિક પદાર્થોનો સંક્ષિપ્ત વિશ્વકોષ સમાન છે. આમાં નવતત્ત્વની પ્રરૂપણા છે. છ લેશ્યાનું સ્વરૂપ કર્મગ્રંથ સંયમ સમુદ્‌ઘાત જેવી મહત્ત્વની બાબતો સમજાવી છે. આ ઉપાંગ સૌથી મોટું છે. રત્નનો ખજાનો છે.

**૫ – શ્રી સૂર્યપન્નતિ (મૂળ–૨૨૯૩ શ્લોક પ્રમાણ)**
**મલયગિરિય ટીકા (૯૦૦૦ શ્લોક પ્રમાણ)**

આ ભગવતી સૂત્રના ઉપાંગ રૂપે છે. જેમાં ખગોળ વિદ્યાની મહત્ત્વની બાબતો ભરપૂર છે. સૂર્ય-ચંદ્ર-નક્ષત્રો-ગ્રહ આદિની ગતિના વર્ણન સાથે દિવસ-રાત-ઋતુઓ વગેરેનું વર્ણન છે. ખગોળ સંબંધી ખૂબ જ ઝીણવટભર્યા ચોક્કસ ગણિત સૂત્રો છે.

**૬ – શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ (મૂળ-૪૪૫૬ શ્લોક પ્રમાણ)**

**શાંતિચંદ્રિય ટીકા (૧૮૦૦૦ શ્લોક પ્રમાણ)**

આ જ્ઞાતાધર્મકથાંગનું ઉપાંગ છે. આ આગમ મુખ્યત્વે ભૂગોળ વિષયક છે. કાલચક્રનું છ આરાનું સ્વરૂપ બહુજ સુંદર રીતે જણાવ્યું છે. ઉપરાંત જંબૂદ્વીપના શાશ્વત પદાર્થો, નવનિધિ, મેરુપર્વત ઉપર તીર્થંકરના અભિષેક, કુલધરનું સ્વરૂપ તથા શ્રી ઋષભદેવ અને ભરત મહારાજાનું પણ પ્રાસંગિક વર્ણન છે.

**૭ – શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ (મૂળ-૨૨૦૦ શ્લોક પ્રમાણ)**

**મલયગિરિય ટીકા (૯૧૦૦ શ્લોક પ્રમાણ)**

આ ઉપાશક દશાંગ સૂત્રનું ઉપાંગ છે. જૈન ખગોળ સંબંધી ગણિતાનુયોગથી ભરપૂર ગ્રંથ છે. ચંદ્રની ગતિ, માંડલા, શુક્લ-કૃષ્ણ પક્ષમાં ચંદ્રની વૃદ્ધિ-હાનિ થવાના કારણો તથા નક્ષત્રનું વર્ણન છે. વર્તમાન કાળે જે ચંદ્રદેવ છે તે પૂર્વજન્મમાં કોણ હતાં... કેવી રીતે આ પદવી પામ્યો વગેરે રસિક બાબતોનું પ્રાસંગિક વર્ણન છે.

**૮ – શ્રી નિરયાવલિકા (૧૧૦૦ શ્લોક પ્રમાણ)**

**ચંદ્રસૂરીય ટીકા (૬૦૦ શ્લોક પ્રમાણ)**

આ અંતકૃત્દશાંગ સૂત્રનું ઉપાંગ છે. આ આગમમાં કોણિક મહારાજાએ ચેડા મહારાજાની સામે કરેલ ભીષણ સંગ્રામનું વર્ણન છે. જેમાં ૮૦ કરોડ જનસંખ્યાની ખુવારી થઈ હતી. લગભગ બધા નરક ગતિમાં ગયા તેથી આ આગમનું નામ નરક-આવલી-શ્રેણી પડ્યું છે. બીજું નામ કલ્પિકા છે.

**૯ – શ્રી કપ્પડંસિયા સૂત્ર**

અનુત્તરૌપપાતિક દશાંગનું ઉપાંગ છે. તેમાં શ્રેણિક મહારાજાના કાલ આદિ ૧૦ પુત્રો અને પદ્મ-મહાપદ્મ આદિ ૧૦ રાજકુમાર પૌત્રોએ પરમાત્મા પાસે દીક્ષા લઈ જુદા જુદા દેવલોકમાં ગયા. ત્યાંથી મોક્ષે જશે... તેમના તપ-ત્યાગ સંયમની સાધના વિસ્તારથી જણાવાઈ છે.

**૧૦ – શ્રી પુષ્પિકા**

આ આગમશ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રના ઉપાંગ તરીકે છે. પરમાત્મા શ્રી વીરપ્રભુને ૧૦ દેવ-દેવીઓ અદ્‌ભુત સમૃદ્ધિ સાથે પુષ્પક વિમાનમાં બેસી વંદનાર્થે આવે છે. તેમના પૂર્વભવ ભગવાન શ્રી વીરપ્રભુ ગૌતમસ્વામીને જણાવે છે. વધુમાં સૂર્ય-ચંદ્ર-શુક્ર-બહુપુત્રિકા દેવી-પૂર્ણભદ્ર-માણિભદ્ર-દત્ત-શીલ આદિની રોમાંચક કથાઓ આપેલી છે.

**૧૧ – શ્રી પુષ્પચૂલિકા**

શ્રી પુષ્પચૂલિકા સૂત્ર એ વિપાક સૂત્રનું ઉપાંગ છે. શ્રી હ્રીં ધૃતિ આદિ ૧૦ દેવીઓની પૂર્વભવ સહિત કથાનકો છે. શ્રી દેવી પૂર્વભવમાં ભૂતા નામની સ્ત્રી હતી. તેને શ્રી પાર્શ્વનાથ ભગવાને નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરાવી હતી. આદિનું સુંદર વિવરણ છે.

**૧૨ – શ્રી વન્હિદશા સૂત્ર**

આ સૂત્ર દૃષ્ટિવાદના ઉપાંગ તરીકે છે. તેમાં અંધકવૃષ્ણિ વંશના અને વાસુદેવ. શ્રી કૃષ્ણના વડીલબંધુ બળદેવના નિષધ વગેરે ૧૨ પુત્રો અખંડ બ્રહ્મચારી બની પ્રભુ નેમનાથ પાસે દીક્ષા સ્વીકારી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ગયા. તે ત્યાંથી મહાવિદેહ ક્ષેત્ર મોક્ષે જશે વગેરે હકીકત સુંદર શબ્દોમાં જણાવી છે.

## ૧૦ – પયન્ના

**૧ – શ્રી ચતુઃશરણ પયન્ના (મૂળ–૬૩ શ્લોક પ્રમાણ) કુલ–૮૮૦ શ્લોક પ્રમાણ**

આ પયન્નામાં આરાધક ભાવને વધારવા અરિહંત-સિદ્ધ-સાધુ અને ધર્મ એ ચાર શરણની મહત્તા, દુષ્કૃતની ગર્હા, સુકૃતની અનુમોદના ખૂબ માર્મિક રીતે જણાવી છે. ચૌદ સ્વપ્નના નામોલ્લેખ છે. આ સૂત્ર ચિત્ત પ્રસન્નતાની આવી છે. ત્રિકાલ પાઠથી ચમત્કારિક લાભ થાય છે. સૂત્રનું બીજું નામ કુશલાનુબંધિ છે.

**૨ – શ્રી આતુર પ્રત્યાખ્યાન પયન્ના (મૂળ–૮૦ શ્લોક પ્રમાણ)**
**કુલ–૫૦૦ શ્લોક પ્રમાણ**

આ પયન્નામાં અંતિમ સમયે કરવા લાયક આરાધનાનું સ્વરૂપ બાલમરણ, પંડિતમરણ-બાલ પંડિત મરણ, પંડિત-પંડિત મરણનું સ્વરૂપ ખૂબ જ સ્પષ્ટતાથી વિચારાયું છે. આવા પ્રકારના દુર્ધ્યાન જણાવી રોગ અવસ્થામાં શાનાં પચ્ચક્ખાણ કરવા, શું વોસિરાવવું, કઈ ભાવનાઓ ભાવવી વગેરે સમજાવ્યું છે.

**૩ – શ્રી મહાપ્રત્યાખ્યાન પયન્ના (મૂળ–૧૭૬ શ્લોક પ્રમાણ)**

આ પયન્નામાં સાધુઓએ અંત સમયે કરવા લાયક આરાધનાનું ખાસ વર્ણન છે. દુષ્કૃતોની નિંદા-માયાનો ત્યાગ-પંડિત મરણની અભિલાષા અને પ્રશંસા, પૌદ્ગલિક આહારથી થતી અતૃપ્તિ, પાંચ મહાવ્રતોનું પાલન અને આરાધનાનું વર્ણન છે.

**૪ – ભક્તિપરિજ્ઞા પયન્ના (૨૧૫ શ્લોક પ્રમાણ)**

આ ભક્તપરિજ્ઞા સૂત્રમાં ચારે આહારનો ત્યાગ કરી અણસણ માટેની પૂર્ણ તૈયારી જણાવી છે. પંડિત મરણના ત્રણ પ્રકાર - (૧) ભક્તપરિજ્ઞા, (૨) ઈંગિની, (૩) પાદપોપગમન છે. ભક્તપરિજ્ઞા મરણ - (૧) સવિચાર, (૨) અવિચાર એ બે પ્રકારનું છે. આમાં ચાણક્યના સમાધિ મરણનું વર્ણન છે.

**૫ – તંદુલ વૈચારિક પ્રકીર્ણક (૫૦૦ શ્લોક પ્રમાણ) પૂ. વિમલવિજય ગણીની ટીકા**

આ પયન્ના ગ્રંથ વૈરાગ્ય રસના ભંડાર છે. મનુષ્યપણાના ૧૦૦ વર્ષના આયુષ્યમાં ૪,૬૦,૮૦,૦૦,૦૦૦ ચોખાના દાણાનો આહાર થાય છે. તે જ રીતે બીજી વસ્તુઓનો આહાર થાય છે. છતાં તૃપ્તિ ન થાય. ગર્ભાવસ્થા, જન્મની વેદના, આયુની ૧૦ દશા વગેરેનું વર્ણન છે. તંદુલ-ભાત ખાવાના સંખ્યાના વિચારથી આ ગ્રંથનું નામ પડેલું છે.

**૬ – શ્રી ગણિવિજ્જા પયન્ના (૧૦૫ શ્લોક પ્રમાણ)**

આમાં જ્યોતિષ સંબંધી પ્રાથમિક માહિતીઓનું વર્ણન છે. દિવસ, તિથિ, ગ્રહ, મુહૂર્ત, શુકન, લગ્ન, હોરા, નિમિત્ત વગેરેનું વર્ણન છે.

**૭ – શ્રી ગચ્છાચાર પયન્ના (મૂળ–૨૦૦ શ્લોક પ્રમાણ)**

આ પયન્નામાં રાધાવેધનું વર્ણન છે. રાધાવેધની સાધનાંની જેમ સ્થિર ચિત્તે આરાધનાનું લક્ષ રાખી સર્વ પ્રવૃત્તિ કરી અધ્યવસાય સ્થિર કરવા અને મરણ સુધારવું એવા સ્વરૂપના ઉપદેશ છે.

**૮ – દેવેન્દ્રસ્તવ પયન્ના (મૂળ–૩૭૫ શ્લોક)**

દેવેન્દ્રસ્તવ પયન્નામાં બત્રીશ ઈન્દ્રોએ કરેલી પરમાત્માની સ્તવનાનું વર્ણન સુંદર રીતે છે. ઉપરાંત ૩૨ ઈન્દ્રોના સ્થાન, આયુષ્ય, શરીર, અગ્રમહિષીઓ, રિદ્ધિ-સિદ્ધિ-પરાક્રમ વગેરેનું વર્ણન છે. સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-સિદ્ધશિલા સ્વરૂપ સિદ્ધોની અવગાહના સુખ આદિનું પણ વર્ણન છે.

**૯ – મરણસમાધિ પયન્ના (મૂળ–૮૩૭ શ્લોક)**

આ પયન્નામાં સમાધિ-અસમાધિ મરણનો વિસ્તૃત વિચાર કરી મરણ સુધારવાની આદર્શ પદ્ધતિઓ તથા મનની ચંચળતા, કષાયની ઉગ્રતા, વાસનાની પ્રબળતા રોકવાના અમુક ઉપાયો અને આરાધક પુણ્યાત્માઓના અનેક દૃષ્ટાંતનો સમાવેશ છે.

**૧૦ – સંસ્તારક પયન્ના (૧૫૫ શ્લોક પ્રમાણ)**

આ પયન્નામાં છેલ્લા સંથારાનું માર્મિક વર્ણન છે. અંતિમ સમયે ક્ષમાપનાની આદર્શ વિધિ... આવા પંડિત મરણના બળે પ્રાપ્ત થતી આત્મઋદ્ધિની પ્રાપ્તિ... દ્રવ્ય અને ભાવ સંથારાનું સ્વરૂપ... તથા વિષમ સ્થિતિમાં પણ પંડિત મરણની આરાધના કરનાર મહાપુરુષોના ચરિત્ર જણાવ્યા છે.

## ૬ – છેદગ્રંથો

**૧ – દશાશ્રુતસ્કંધ (મૂળ–૨૦૦૦ શ્લોક પ્રમાણ)**

આ દશાશ્રુતસ્કંધમાં અસમાધિના ૨૦ સ્થાન વગેરે અધ્યયનો છે. જેમાં ૮મું પર્યુષણા કલ્પ નામનું અધ્યયન એ જ કલ્પસૂત્ર છે. જે દર વર્ષે ચતુર્વિધ સંઘ સમક્ષ ધામધૂમથી વંચાય

છે. આ આગમમાં ૨૦ અસમાધિ સ્થાન, ૨૧ શબ્દદોષ, ગુરુની ૩૩ આશાતના, સાધુ, શ્રાવકની પડિમા, નિયાણા આદિ ઘણી વિગતો છે.

**૨ – બૃહત્કલ્પ સૂત્ર (મૂળ-૪૭૩ શ્લોક પ્રમાણ) કુલ-૯૧૬૯૮ શ્લોક પ્રમાણ**

શ્રી બૃહત્કલ્પ સૂત્રમાં સાધુ-સાધ્વીના મૂલગુણ, ઉત્તર ગુણોને લગતા પ્રાયશ્ચિતનો અધિકાર છે. ઉત્સર્ગ તથા અપવાદનું ઝીણવટભર્યું વર્ણન છે. વિહાર વગેરેમાં નદી ઉતરવા આદિ પ્રસંગે કઈ રીતે આચરણા કરવી તેમાં છદ્મસ્થના અનુપયોગ કારણે લગતા દોષોનું શોધન જણાવેલ છે. પ્રત્યાખ્યાન પ્રવાદ નામના પૂર્વમાંથી સંકલિત થયેલ છે.

**૩ – શ્રી વ્યવહાર સૂત્ર (મૂળ-૩૭૩ શ્લોક પ્રમાણ) કુલ-૫૨૭૭૩ શ્લોક પ્રમાણ**

શ્રી વ્યવહાર સૂત્ર એ દંડનીતિ શાસ્ત્ર છે. પ્રમાદાદિ કારણથી પુણ્યાત્માઓને લગતા દોષોને નિવારણની પ્રક્રિયા જણાવી છે. આલોચના સાંભળનાર, કરનાર બન્ને કેવા હોવા જોઈએ, આલોચના કેવા ભાવથી કરવી, કોને કેટલું પ્રાયશ્ચિત... કોને પદવી આપવી... કયા આરાધકોને ભણાવવા, પાંચ વ્યવહાર વગેરે નિરૂપણ છે.

**૪ – શ્રી જિતકલ્પ (મૂળ-૨૨૫ શ્લોક પ્રમાણ)**

શ્રી જીતકલ્પ ગંભીર ગ્રંથ છે. સાધુ જીવનમાં... લાગેલા અતિચારો, અનાચારોના દશ અને ઓગણીશ પ્રકારના પ્રાયશ્ચિતોનું વિધાન કર્યું છે. આ ગંભીર ગ્રંથ છે. પીઢ ગીતાર્થ ભગવંતો જ આ ગ્રંથના અધિકારી ગણાય છે.

**૫ – શ્રી નિશીથ સૂત્ર (મૂળ-૮૫૦ શ્લોક)**

આ સૂત્રમાં સાધુના આચારોનું વર્ણન છે. પ્રાયશ્ચિત અને સામાચારી વિષયક વાતોનો ભંડાર છે. પ્રમાદાદિથી ઉન્માર્ગ ગયેલા સાધુને તે સન્માર્ગે લાવે છે. આ આગમનું બીજું નામ આચાર પ્રકલ્પ છે. નિશીથ=મધ્યરાત્રિએ અધિકારી શિષ્યને ખાનગીમાં ભણાવાય તેવું મહત્ત્વપૂર્ણ આગમ છે.

**૬ – શ્રી મહાનિશીથ સૂત્ર (મૂળ-૪૫૪૮ શ્લોક પ્રમાણ)**

શ્રી મહાનિશીથ સૂત્રમાં વર્ધમાન વિદ્યા તથા નવકાર મંત્રનો મહિમા... ઉપધાનનું સ્વરૂપ અને વિવિધ તપનું વર્ણન છે. ગચ્છનું સ્વરૂપ, ગુરુકુલવાસનું મહત્ત્વ, પ્રાયશ્ચિતોનું માર્મિક સ્વરૂપ, બ્રહ્મચર્ય વ્રત ભંગથી કેટલા દુઃખ પડે છે, તે જણાવી કર્મ સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. સંયમી જીવનની વિશુદ્ધિ પર ખૂબ જ ભાર મૂક્યો છે.

## ૪ – મૂળ સૂત્રો

**૧ – આવશ્યક સૂત્ર (મૂળ-૧૩૫ શ્લોક પ્રમાણ) કુલ-૨૩૭૧૪૩ શ્લોક પ્રમાણ**

આવશ્યક સૂત્રમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ દરરોજ અવશ્ય કરવા યોગ્ય છ આવશ્યક=સામાયિક, ૨૪ જિનસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણનું

વિગતવાર વર્ણન છે, આત્મોન્નતિના ઉપયોગી પદાર્થોથી ભરપૂર છે, પ્રાસંગિક રીતે પણ અનેક બાબતો આ આગમમાં જણાવી છે.

**૨ – દશવૈકાલિક સૂત્ર (મૂળ–૮૩૫ શ્લોક પ્રમાણ) કુલ–૩૨૧૪૮ શ્લોક પ્રમાણ**

પૂ. આ. શય્યંભવ સૂરિ મ. પોતાના પુત્ર મનકમુનિનું આયુષ્ય અલ્પ જાણી પૂર્વમાંથી વૈરાગ્ય રસથી ભરપૂર ગાથાઓ, દશ અધ્યયનરૂપી ઘડાઓમાં સંગ્રહિત કરી કે જેના પાનથી શ્રમણો સંયમભાવમાં સહજ રીતે સ્થિર થઈ શકે છે, મનકમુનિના કાળધર્મ પછી શ્રી સંઘની વિનંતીથી આચાર્ય મ. એ આગમ યથાવત રાખ્યું.

**૩ – ઉત્તરાધ્યયન સૂત્ર (મૂળ–૨૦૦૦ શ્લોક પ્રમાણ) કુલ–૧,૧૬,૭૦૮ શ્લોક પ્રમાણ**

પરમાત્મા મહાવીર પ્રભુએ જ્યારે આ પૃથ્વી પરથી વિદાય લેવાનો સમય થયો ત્યારે અંતિમ હિતશિક્ષા રૂપે, મહત્ત્વની વાતો સતત સોળ પ્રહરની દેશના વડે જણાવી. તેનો સંગ્રહ છે, આ દેશનામાં નવમલ્લી અને નવલચ્છી રાજાઓ ઉપસ્થિત હતા. વૈરાગ્ય, મુનિવરોના ઉચ્ચ આચારો, જીવ, અજીવ, કર્મપ્રકૃતિ લેશ્યા વગેરેનું વર્ણન આપેલ છે.

**૪ – શ્રી પિંડનિર્યુક્તિ (મૂળ–૮૩૫ શ્લોક પ્રમાણ) કુલ–૧૭,૭૭૩ શ્લોક પ્રમાણ**

આ આગમમાં મુખ્યત્વે ગોચરીની શુદ્ધિનો સ્પષ્ટ ખ્યાલ છે. સંયમ સાધના માટે શરીર જરૂરી છે, શરીર ટકાવવા માટે પિંડ, ગોચરી જરૂરી છે, આ માટે સાધુ ગોચરી જાય ત્યારે ઉદ્‌ગમ-ઉત્પાદન એષણાના દોષોરહિત આહાર લાવી ગ્રાસેષણા દોષો ટાળવાનું સુંદર નિરૂપણ કર્યું છે.

## ૨ – ચૂલિકા સૂત્ર

**૧ – શ્રી નંદીસૂત્ર (મૂળ–૭૦૦ શ્લોક પ્રમાણ) કુલ–૧૬,૪૭૭ શ્લોક પ્રમાણ**

પરમ મંગલરૂપ આ આગમમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન એ પાંચ જ્ઞાનનું વિગતવારનું વર્ણન છે. દ્વાદશાંગીનું સંક્ષિપ્ત વર્ણન ખૂબ જ સુંદર છે, અનેક ઉપમાઓ પૂર્વક શ્રીસંઘનું વર્ણન, તીર્થંકર, ગણધરના નામો, સ્થવિરોના ટૂંકા ચરિત્રો જણાવેલા છે.

**૨ – શ્રી અનુયોગદ્વાર સૂત્ર (મૂળ–૨૦૦૦ શ્લોક પ્રમાણ) કુલ–૧૩,૧૬૫ શ્લોક**

આ સૂત્ર એ સર્વ આગમોની માસ્ટર ચાવીરૂપ છે. આ આગમના અભ્યાસથી આગમોને સમજવાની પદ્ધતિ મળે છે, કેમકે પદાર્થોના નિરૂપણની વ્યવસ્થિત સંકલના સ્વરૂપ શૈલી એ જ આ આગમની આગવી વિશિષ્ટતા છે. પ્રાસંગિક કેટલીક મહત્વની માહિતીઓ પર પ્રકાશ પાડ્યો છે.

**૧૧ અંગ + ૧૨ ઉપાંગ + ૧૦ પયન્ના + ૬ છેદ ગ્રંથો + ૪ મૂળસૂત્રો + ૨ ચૂલિકા = ૪૫ આગમોનો સંક્ષિપ્ત પરિચય પૂર્ણ.**

## પૂર્વાચાર્યોકૃત મહાન ગ્રંથોનો અલ્પ પરિચય

**૧. ઉપદેશમાળા :**

આ ગ્રંથ પ્રભુ મહાવીરનાં હસ્તે દીક્ષિત થયેલાં તેમનાં જ શિષ્ય શ્રી ધર્મદાસગણીનાં કરકમલો દ્વારા રચના પામ્યો છે કે, જેઓ ત્રણ જ્ઞાનનાં ધારક હતાં. ૧૧ ગણધર ભ. સિવાય ભગવાનનાં શિષ્યો પૈકીનાં પ્રાયઃ આ એક જ મહાપુરુષનો ગ્રંથ આપણને ઉપલબ્ધ થાય છે કે, જેમાં ૨૫૦ વિષયો આવરવામાં આવ્યા છે. આપણાં જીવન માટે એટલો બધો અમૂલ્ય છે કે - જો ન ભણીએ તો આપણને અતિચાર લાગે છે. આ ગ્રંથમાં આપેલા ઉપદેશનું મહત્ત્વ અહીં તો કેટલું વર્ણવી શકાય ? પણ ગ્રંથકાર પોતે જે ૫૩૪ મી ગાથામાં કહે છે કે - "આ ગ્રંથ ભણ્યા પછી ધર્મમાં ઉદ્યમ કરવાનું જેને મન જ ન થાય તેને અનંત સંસારી જાણવો." આટલું કથન જ તેનાં મહત્ત્વ માટે પર્યાપ્ત છે.

આગમોની હરોળમાં મૂકવા જેવા આ ગ્રંથને સાચો ન્યાય આપવા એકવાર પણ તેનું વાંચન કરવું અનિવાર્ય છે.

**૨. પ્રશમરતિ :**

જૈન શાસનના પદાર્થોનું સંકલન કરતો આ ગ્રંથ ૨૨ અધિકાર અને ૩૬૩ શ્લોક પ્રમાણમાં પૂ. વાચકવર્ય ઉમાસ્વાતીજી મહારાજે રચેલ છે. જેમાં દર્શન શાસ્ત્રની ચર્ચાઓ, કષાય જીતવાના ઉપાયો, ઈન્દ્રિયોનું સ્વરૂપ, ગુરુકુળવાસ, વિનય, ૧૨ ભાવના, ૧૦ યતિધર્મ, સમ્યગ્દર્શનનું સ્વરૂપ, ધ્યાન, મુક્તાવસ્થાનું સ્વરૂપ વગેરે પદાર્થો રજૂ કરવામાં આવ્યા છે.

ઓછા શબ્દોમાં વધુ પદાર્થો જણાવવાની નિપુણતા તો ખરેખર વાચકવર્યની જ કહી શકાય !

**૩. તત્ત્વાર્થ સૂત્ર :**

કલિકાલ સર્વજ્ઞશ્રીએ સિદ્ધહેમ વ્યાકરણમાં 'उपोमास्वातिं संग्रहीतारः' કહીને શ્રેષ્ઠ સંગ્રહકાર તરીકે સંબોધેલ પૂજ્ય વાચકવર્ય ઉમાસ્વાતીજી મહારાજાએ ૮૦ અધ્યાય અને ૨ કારકાથી સુશોભિત એવા આ ગ્રંથમાં જૈન શાસનના પદાર્થોનો સંગ્રહ સુંદર રીતે કરેલ છે. આ એક જ ગ્રંથ દ્વારા જૈન શાસનના સંપૂર્ણ પદાર્થોનું જ્ઞાન મેળવી શકાય છે.

સમ્યગ્દર્શનની મુખ્યતાપૂર્વક મોક્ષમાર્ગના વર્ણન સાથે, જીવાદિ તત્ત્વો, ૭ નયો, ઔપશમિકાદિ ભાવો, નારકી, દ્વીપ સમુદ્રો, દેવો, ધર્માસ્તિકાયાદિ અજીવો, આશ્રવ, પાંચ વ્રતો, તેની ભાવના, કર્મબંધના કારણો, કર્મનું સ્વરૂપ, સંવર, તપ અને છેલ્લે મોક્ષ વગેરે પદાર્થોનું વર્ણન રોચક રીતે રજૂ કર્યું છે.

આપણે સૌ આ નાના પણ મહાગ્રંથને ભણી જૈન શાસનના પદાર્થોને સ્વનામવત્ બનાવીએ એ જ એક ભાવના.

**૪. જ્યોતિષકરંડકમ્ :**

આ પ્રકીર્ણક ગ્રંથ ઉપર આ. પાદલિપ્ત સૂ. મહારાજે ટીપ્પણી કરી છે. જેમાં ખગોળ અંગેનું જ્ઞાન, જ્યોતિષ અંગેનું જ્ઞાન આપવામાં આવ્યું છે. સૂર્ય-ચંદ્ર આદિ ગ્રહોની ગતિ વગેરેનું વર્ણન કરવામાં આવેલ છે.

**૫. દ્વાદશાર નયચક્ર :**

આ. મલ્લવાદિ સૂ. મ. જે માત્ર ૧ શ્લોકના આધારે ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે. જેમાં (૧) વિધિ, (૨) વિધિનિધિ, (૩) વિધ્યુભય, (૪) વિધિનિયમ, (૫) ઉભય, (૬) ઉભયવિધિ, (૭) ઉભયોભય, (૮) ઉભયનિયમ, (૯) નિયમ, (૧૦) નિયમવિધિ, (૧૧) નિયમોભય, (૧૨) નિયમનિયમ - ભિન્ન ભિન્ન પ્રકારના ૧૨ નયોનું વિસ્તારથી નિરૂપણ કરી અંતે જણાવ્યું છે કે - નયો=અરો અને તે રથના અરોની જેમ સ્યાદ્‌વાદરૂપી લુમ્બ=નાભિમાં જોડાયેલા રહે તો જ સાપેક્ષ રીતે સત્ય છે. આ વાત જણાવી સ્યાદ્વાદની આવશ્યકતા અને જિન વચનની સર્વનય સમૂહાત્મકતા સિદ્ધ કરી છે.

**૬. પ્રમાણનયતત્ત્વાવલોકાંકાર :**

પૂ. આ. વાદિદેવસૂરિ વિરચિત ૮ પરિચ્છેદાત્મક આ ગ્રંથ જૈન ન્યાયની અપેક્ષાએ ટોચ કક્ષાનો જણાય છે. જેમાં પ્રમાણનું લક્ષણ, પ્રમાણના ભેદ, પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણનું સ્વરૂપ તથા ભેદ, પ્રમાણનો વિષય, પ્રમાણનું ફળ, નયની વ્યાખ્યા, નયાભાસનું લક્ષણ, નયના પ્રકાર, વાદનું લક્ષણ, વાદના પ્રકારો, વાદી-પ્રતિવાદીનું સ્વરૂપ વગેરે વિષયોને ઊંડાણપૂર્વક રજૂ કરાયા છે. દાર્શનિક કક્ષાના આ ગ્રંથમાં અન્ય મતનું ખંડન પણ વિસ્તારથી કરેલ છે.

**૭. કલ્યાણમંદિર સ્તોત્ર :**

આગમ ગ્રંથોને સંસ્કૃત ભાષામાં કરવાની ભાવનાપૂર્વક ગુરુ મહારાજને વિનંતી કરતાં પારાંચિત નામનું પ્રાયશ્ચિત જેને આપ્યું હતું, તેવા આ. સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજે આ સ્તોત્રની રચના દ્વારા શિવલિંગમાંથી અવંતી પાર્શ્વનાથ ભગવાન પ્રગટ કર્યા હતા અને વિક્રમાદિત્ય રાજાને પ્રતિબોધ પમાડ્યો હતો અને પાછા સંયમ જીવનમાં પ્રવેશ પામ્યા હતા. તેવા આ ગ્રંથમાં પરમાત્માના ગુણવૈભવનું વર્ણન કરવામાં આવ્યું છે.

**૮. ન્યાયાવતાર :**

પૂ. આ. સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજે આ ગ્રંથમાં પરમતના ખંડનપૂર્વક જૈન મતના તત્ત્વોની સ્થાપના કરી છે. પ્રમાણનું સ્વરૂપ, તેના પ્રકારો, તેનું ફળ, દૂષણો, દૂષણાભાસ,

નયનું સ્વરૂપ, દુર્નયનું નિરૂપણ, પ્રમાણનું નિરૂપણ વગેરે પદાર્થોના જ્ઞાન દ્વારા ન્યાયમાં પ્રવેશ કઈ રીતે પામવો તેનું તાર્કિક નિરૂપણ આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

**૮-ક. નયોપદેશ**

આ ગ્રંથની ઉપર મહોપાધ્યાયજીએ પોતે નયામૃતતરંગિણી નામની ટીકા બનાવી છે. તેમાં વિસ્તારથી બહુ જ સ્પષ્ટ રીતે પ્રસ્થકાદિ દૃષ્ટાંતો આપીને સાતે નયોનું સ્વરૂપ, દરેક નયની ક્યારે અને ક્યાં યોજના કરવી ? દરેક નય કયા કયા નિક્ષેપા માને છે ? તે તેમજ પ્રસંગે પ્રતિમા પ્રતિષ્ઠાદિના વિચાર દર્શાવ્યા છે.

**૯. શ્રાવક પ્રજ્ઞપ્તિ :**

૫૦૦ ગ્રંથના રચયિતા પૂર્વધર મહર્ષિ ઉમાસ્વાતીજી મહારાજે રચેલ ગ્રંથો પૈકી ઉપલબ્ધ એવો આ ગ્રંથ ૪૦૫ શ્લોક પ્રમાણ છે શ્રાવક ધર્મને પ્રતિપાદન કરનારા ગ્રંથોમાં સૌથી પ્રાચીન પ્રમાણભૂત આ ગ્રંથ છે. જેમાં સમ્યક્ત્વનું સ્વરૂપ-નવતત્ત્વનું સ્વરૂપ-કર્મના ભેદ, શ્રાવકના ૧૨ વ્રતો, શ્રાવકની સામાચારી વગેરેનું વિશદ્ વર્ણન કરવામાં આવ્યું છે.

**૧૦. દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા :**

પૂ. આ. સિદ્ધસેનદિવાકરસૂરિ વિરચિત આ ગ્રંથ આજે સંપૂર્ણ ઉપલબ્ધ થતો નથી. હાલમાં માત્ર ૨૧ બત્રીસી જ ઉપલબ્ધ છે. ભિન્ન ભિન્ન વિષયોને આવરતા આ ગ્રંથમાં અનેક મતોની સમીક્ષા ઉપરાંત, વાદોપનિષદ્, વાદ, વેદવાદ, ગુણવચન, ઉપાય, સાંખ્યપ્રબોધ, વૈશિષિક, બૌદ્ધ સંતાના, નિયતિ, નિશ્ચય, દૃષ્ટિ, મહાવીર સંબંધી પદાર્થોની રજૂઆત કરવામાં આવી છે.

**૧૧. સંમતિતર્ક પ્રકરણ :**

પૂ. આ. સિદ્ધસેનદિવાકરસૂરિ રચિત આ ગ્રંથ દ્રવ્યાનુયોગનો એક પરાકાષ્ઠાનો ગ્રંથ છે. પરિકર્મિત મતિવાળા માટે જ આ ગ્રંથ વાચ્ય થાય તેવો છે. જેના દ્વારા સમ્યક્ત્વ= શુદ્ધ મતિ પ્રાપ્ત થાય તેવા તર્કનું વર્ણન જે ગ્રંથમાં છે, તેનું નામ સંમતિતર્ક પ્રકરણ.

ગ્રંથનો મુખ્ય વિષય અનેકાંતવાદથી સંબંધ છે. પરંતુ તે એકાંતના નિરસનપૂર્વક જ શક્ય હોવાથી મૂળગ્રંથમાં ન્યાય-વૈશિષિક-બૌદ્ધ વગેરે દર્શનોની સમીક્ષા કરી છે. ઉપરાંત દ્રવ્યાર્થિકાદિ નય, સપ્તભંગી, જ્ઞાનદર્શના ભેદવાદ વગેરે જૈન દર્શનના અનેક વિષયોની પણ મહત્ત્વપૂર્ણ ચર્ચા પ્રસ્તુત છે.

**૧૨. પઉમચરિયં :**

પદ્મ=રાગ=દશરથ પુત્ર રામ. તેમનું ચરિત્ર મુખ્યપણે આ ગ્રંથમાં આ. વિમલસૂરિએ વિ. સં. ૬૦ માં રજૂ કરેલ છે. જેમાં રામ, સીતા, જનક, દશરથ, રાવણ વગેરે દરેક

પાત્રોના વર્ણનપૂર્વક રામાયણનું સંપૂર્ણ વર્ણન કરેલ છે. અનેક અન્તર્ગત વિષયોનો પણ સમાવેશ કર્યો છે.

**૧૩. છઠ્ઠો કર્મગ્રંથ :**

પૂ. ચંદ્રમહત્તરાચાર્ય કૃત આ ગ્રંથ કર્મપ્રકૃતિ દ્વારા તત્ત્વની વિચારણા માટે શ્રેષ્ઠ ગ્રંથ છે. જેમાં બંધ-ઉદય-સત્તામાં પ્રકૃતિના સ્થાનક, પરસ્પર સંવેધ, ગુણસ્થાનકમાં ભાંગા વગેરે અનેક પ્રકારે ભાંગાઓ ઘટાવવામાં આવ્યા છે.

**૧૪. શત્રુંજય માહાત્મ્ય :**

૧૫ અધિકારમાં વહેંચાયેલા આ ગ્રંથમાં શાશ્વત ગિરિરાજ શત્રુંજયનું માહાત્મ્ય શ્રી હંસરત્ન મુનિએ સુંદર શબ્દોમાં નિરૂપણ કર્યું છે. કાંકરે-કાંકરે જ્યાં અનંતા આત્માઓ સિદ્ધ થયા છે તેવા ગિરિરાજના માહાત્મ્ય સાથે તેના ઉદ્ધારો - કોણે, ક્યારે ક્યારે કર્યા વગેરે વર્ણન કર્યું છે. સાથોસાથ અનેક રાજાઓનું જીવન ચરિત્ર વર્ણવ્યું છે. જેઓ ગિરિરાજ ઉપર અનશન કરી મોક્ષે ગયા.

આપણે પણ તેવા ભાવોપૂર્વક ગિરિરાજની જાત્રા કરી શકીએ, તે માટે આ ગ્રંથનું મંથન કરવું આવશ્યક છે.

**૧૫. કમ્મપયડી :**

કર્મસાહિત્યમાં વિશેષ ગણાતા ગ્રંથોમાં મોખરે ગણાતો આ ગ્રંથ પ્રાયઃ વિ. સં. ૫૦૦ની સાલમાં પૂ. આ. શિવશર્મસૂરિ મહારાજે બનાવેલ છે. જેમાં ૮ કર્મનું સ્વરૂપથી માંડી, ધ્રુવબંધિત્વાદિ ૩૧ દ્વારો, ૮ કરણોના નામો લક્ષણોપૂર્વક તથા દરેક કરણમાં તેના પદાર્થોની વિસ્તારથી છણાવટ કરી છે. અંતમાં ક્ષપકશ્રેણિનું વર્ણન કરવા પૂર્વક ઉપસંહાર કર્યો છે.

**૧૬. પંચસંગ્રહ :**

પૂ. ચંદ્રર્ષિ રચિત આ ગ્રંથના પ્રથમ વિભાગમાં યોગ-ઉપયોગનું સ્વરૂપ, જીવસ્થાનકોમાં અલગ અલગ દ્વારોનું સ્વરૂપ, ૮ કર્મ અને ૧૫૮ ઉત્તર પ્રકૃતિઓનું સ્વરૂપ, ધ્રુવબંધી-અધ્રુવબંધી પ્રકૃતિનું સ્વરૂપ, સાદ્યાદિ પ્રરૂપણા, ગુણશ્રેણીનું નિરૂપણ વગેરે પદાર્થોનું તથા બીજા વિભાગમાં કરણોનું વર્ણન વિસ્તારથી કરાયું છે. જેના વિષયો લગભગ કમ્મપયડી જેવા છે.

**૧૭. ભક્તામર સ્તોત્ર :**

વિ. સં. ૬૬૪ ની સાલમાં પૂ. આ. માનતુંગસૂરિ કૃત આ ગ્રંથ પરમાત્માની સ્તવના રૂપે છે. ૧-૧ શ્લોક બોલતા ગયા અને ૧-૧ બેડી દ્વારા જેના પ્રભાવે તૂટતી ગઈ, તેવા અલૌકિક આ ગ્રંથની રચના દ્વારા અદ્ભુત શાસન પ્રભાવના આચાર્ય ભગવંતે કરી હતી.

**૧૮. બૃહદ્સંગ્રહણી :**

ચાર ગતિ અને તેમાં રહેલા જીવોના સ્વરૂપનું વર્ણન કરતાં તે જીવોનું આયુષ્ય-શરીર-વર્ણ-અવગાહના-ગતિ-આગતિ, વિરહકાળ, લેશ્યા વગેરે અનેક દ્વારો દ્વારા વિસ્તારથી વર્ણન આ ગ્રંથમાં કર્યું છે. પૂ. આ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે માત્ર ૩૬૭ ગાથામાં જીવતત્ત્વની વિચારણા-અનુપ્રેક્ષા કરી શકાય તે માટે સુંદર નિરૂપણ કર્યું છે.

**૧૯. બૃહદ્ ક્ષેત્ર સમાસ :**

તિર્ચ્છાલોકના સ્વરૂપનું વર્ણન કરતો આ ગ્રંથ ૫ અધિકારમાં પૂ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે રચ્યો છે. જેના પ્રથમ અધિકારમાં જંબુદ્વીપ અને સૂર્ય-ચંદ્રાદિની ગતિનું વર્ણન, ૨જા અધિકારમાં લવણ સમુદ્રનું વર્ણન, ૩જા અધિકારમાં ઘાતકી ખંડનું વર્ણન, ૪થા અધિકારમાં કાલોદધિ સમુદ્રનું વર્ણન, ૫મા અધિકારમાં પુષ્કરાવર્ત્ત દ્વીપ તથા પ્રકીર્ણકાધિકારમાં શાશ્વતા જિન ચૈત્યોનું વર્ણન કુલ-૬૫૫ ગાથામાં કર્યું છે.

**૨૦. પંચનિર્ગ્રંથી પ્રકરણ (આ. અભયદેવસૂરિ રચિત) :**

નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિ મ. સા. રચિત ૧૦૬ ગાથા પ્રમાણ આ ગ્રંથમાં પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક સ્વરૂપ પાંચે નિર્ગ્રન્થને કેન્દ્રમાં રાખી તેના ઉપર વેદ-રાગ-કષાય વગેરે અનેક દ્વારોની ઘટના કરી છે. આ પાંચે પોતાના આત્મગુણની પ્રાપ્તિ માટે ઉત્તરોત્તર વધુને વધુ પ્રયત્નશીલ હોય છે. જે પૈકી બકુશ અને કુશીલ નિર્ગ્રંથોથી જ શાસન ચાલે છે.

**૨૧. ધ્યાનશતક :**

ધ્યાનનું સ્વરૂપ માત્ર ૧૦૫ ગાથામાં રજૂ કરતો આ ગ્રંથ પૂ. આ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે રચ્યો છે અને જેની ટીકા યાકિનીસુનુ આ. હરીભદ્રસૂરિ મહારાજાએ બનાવી છે. ધ્યાન એ જ મોક્ષનું શ્રેષ્ઠ કારણ છે. પણ ક્યારે ? સાધનામાં બાધક ધ્યાનો ભેદ સહિત સમજવામાં આવે અને તેને કાઢી સાધનામાં સાધક ધ્યાનો ૧૨ દ્વારો દ્વારા સમજવામાં આવે તો ! જે વાત દરેક ધ્યાનના સ્વામીપૂર્વક આ ગ્રંથમાં છણાવટ કરવામાં આવી છે.

**૨૨. પંચસૂત્ર**

એક મિનિટ !!

ઉભા રહો !!

તમને ખબર છે ? તમને અનુભવ છે ને !

સંસાર કેવો છે ?

સંસાર એટલે જ દુઃખ.

જેનું ફળ પણ દુઃખ.

જ્યાં દુઃખની વણથંભી વણઝાર ચાલે છે.

એવો કારમો ને કાતિલ આ સંસાર

તો શું કરવું ? ક્યાં જવું !

આ જાણવા માટે તમારે આ "પંચસૂત્ર" નામના ગ્રંથરત્નને વાંચવો જ પડે ! એમાં જ મળી રહેશે.

"દુઃખ કદી આવે નહીં,

સુખ કદી જાય નહીં" - આ અંતરની એકમાત્ર ઈચ્છાનો ઉત્તર...

**૨૩. અનેકાંતજયપતાકા : (કર્તા–પૂ.આ.શ્રી હરિભદ્રસૂરિ મ.)**

આ ગ્રંથમાં અનેકાંતવાદનું સ્વરૂપ વર્ણવાયું છે. શરૂમાં ભેદ-અભેદ, ધર્મ-અધર્મ, એક-અનેક, સત્-અસત્ વગેરેનો વિભાગ પાડીને એકાંતે તેને સ્વતંત્ર માનવામાં દોષ બતાવ્યા વગર અનેકાંતવાદનું સ્વરૂપ બતાવી બધા ધર્મોને એક વસ્તુમાં ઘટાવવાનો પ્રયત્ન કર્યો છે. ચાર અધિકારમાં અનેક વિષયો ઉપર પ્રકાશ પાડતો આ ગ્રંથ છે.

**૨૪. ઉપદેશપદ :**

૧૪૪૪ ગ્રંથ રચયિતા આ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા રચિત આ ગ્રંથ ૨ વિભાગમાં છે. જેમાં દૃષ્ટાંતપૂર્વક મનુષ્ય જીવનની દુર્લભતા, વિનય, ૪ બુદ્ધિનું સ્વરૂપ, મિથ્યાત્વ, ચારિત્રીના લક્ષણો, ઉચિત પ્રવૃત્તિનું ફળ, વૈયાવચ્ચનું સ્વરૂપ, માર્ગનું બહુમાન તથા સ્વરૂપ વગેરે વિષયો તથા શુદ્ધ આજ્ઞાયોગનું મહત્ત્વ, સ્વરૂપ, તેના સ્વામી, દેવદ્રવ્યનું સ્વરૂપ તથા તેના રક્ષણનું ફળ, મહાવ્રતોનું સ્વરૂપ, ગુરુકુળવાસનું મહત્ત્વ, યતનાનું સ્વરૂપ અને ફળ વગેરે વિષયો દૃષ્ટાંતપૂર્વક પોતાની આગવી શૈલીમાં રજૂ કર્યા છે.

**૨૫. લલિત વિસ્તરા : – કર્તા :**

મહાબુદ્ધિશાળી આત્માઓને આકર્ષે તેવો આ ગ્રંથ છે. આ ગ્રંથનું વાંચન કરતાં બૌદ્ધમતથી પ્રભાવિત થયેલા પ્રતિભાશાળી સિદ્ધર્ષિ ગણિ જૈન ધર્મમાં સ્થિર થયા હતા. આ ગ્રંથમાં છે માત્ર ચૈત્યવંદન સૂત્રના અર્થ, પરંતુ તેમાં અરિહંતનું સ્વરૂપ, શુભાનુષ્ઠાન કરવાની રીત તથા અનેક દર્શનોની સમજ આપી છે.

ચૈત્યવંદન કરવાની ઈચ્છાવાળાએ આ ગ્રંથ અવશ્ય વાંચવો જ જોઈએ, પરંતુ કોઈપણ ક્રિયાને સમજણ ક્રિયા બનાવવી હોય તો શ્રદ્ધા, મેઘા આદિ પદોનું જે વિવરણ કર્યું છે, તે

અચૂક જોવું જોઈએ. અરિહંતની ઉપાસના કરવાની ઈચ્છાવાળાએ અરિહંતનું યથાર્થ સ્વરૂપ આ ગ્રંથ દ્વારા સમજવું જરૂરી છે. આ ગ્રંથ ઉપર ઘણી સંસ્કૃત ટીકાઓ તથા ભાષાંતરો પણ થયેલ છે. પ. પૂ. ભૂવનભાનુ સૂરીશ્વરજી મહારાજાએ પરમતેજ ભા. ૧-૨માં આનું વિશેષ વર્ણન કરેલ છે.

**૨૬. ધર્મસંગ્રહણી :**

૧૪૪૪ ગ્રંથના રચયિતા આ. હરીભદ્રસૂરિ રચિત તથા સરળ ટીકાકાર આ. શ્રી મલયગિરિજી રચિત ટીકાયુક્ત આ ગ્રંથમાં તીર્થંકર પરમાત્માની મહત્તા, ધર્મના ૨ પ્રકાર, નાસ્તિકતાનું ખંડન, આત્માની સિદ્ધિપૂર્વક અન્ય મતોનું ખંડન, જૈનાગમનું પ્રામાણ્ય, જગત્ કર્તૃત્વ નિરાસ, એકાંત પક્ષ-સ્વભાવનું ખંડન, આત્મા શરીર પ્રમાણ છે, જ્ઞાન શક્તિયુક્ત છે વગેરે પદાર્થો દાર્શનિક ચર્ચાપૂર્વક રજૂ કરવામાં આવ્યા છે.

**૨૭. પંચવસ્તુ :**

ભવવિરહાંકિત ગ્રંથરચના કરનાર હરિભદ્રસૂરિ મહારાજે ૧૭૧૪ મૂળગાથા પ્રમાણ મૂળ ગ્રંથ તેમજ ૭૧૭૫ શ્લોકપ્રમાણ શિલ્પજ્ઞતા નામની સ્વોપજ્ઞ ટીકા રચી છે. શ્રમણ જીવનનું વર્ણન કરતો આ અતિ અદ્ભુત ગ્રંથ છે. પ્રવ્રજ્યા ગ્રહણને યોગ્ય કોણ અને આપનાર ગુરુ કેવા ? સાધુ જીવનમાં પ્રતિદિન આરાધના કઈ કરવાની ? અને કેવા ભાવથી કરવી ? છેલ્લે જીવનના અંતે સંલેખના કરવાનો અધિકાર કોને ? અને તેણે કરવાની કઈ રીતે ? વગેરે બાબતો ખંડન-મંડન પક્ષ પ્રતિપક્ષ વગેરે બાબતોથી રોચક રીતે વર્ણન કરી છે.

**૨૮. પંચાશક (પંચાસગ) :**

આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજાની આ કૃતિ જૈન મહારાષ્ટ્રી પ્રાકૃતમાં રચિત છે. જેમાં ૧૯ પંચાશક છે.

આ ગ્રંથમાં સમ્યક્ત્વના પ્રકાર, તેની યતના, અભિયોગ અને દૃષ્ટાંતની સાથે મનુષ્યભવની દુર્લભતા આદિ અન્ય અન્ય વિષયોનું નિરૂપણ કરેલ છે.

સામાચારી વિષયનો અનેકવાર ઉલ્લેખ કરેલ છે. મંડનાત્મક શૈલીમાં રચિત હોવાને કારણે આ ગ્રંથમાં 'તુલાદંડન્યાય'નો ઉલ્લેખ પણ છે.

આવશ્યકચૂર્ણિમાં દેશવિરતિમાં જે રીતે **નવપયપયરણમાં** નવ દ્વારોનું પ્રતિપાદન છે, તે રીતે આ ગ્રંથમાં પણ નવ દ્વારોનો ઉલ્લેખ છે.

પંચાશક ગ્રંથરત્નમાં જૈન આચાર અને વિધિવિધાનના સંબંધમાં અનેક ગંભીર પ્રશ્નોને ઉપસ્થિત કરીને તેના સમાધાન આપેલ છે.

## ૨૯. યોગશતક

યોગના સ્વરૂપને સમજાવવા સો ગાથા-શ્લોક પ્રમાણ આ યોગશતક ગ્રંથની રચના સૂરિપુરંદર આચાર્યશ્રી હરીભદ્રસૂરિજી મહારાજાએ કરેલી છે.

**"मोक्षेण योजनाद् योगः"** આત્માને મોક્ષ સાથે જોડી આપે એવો વ્યાપાર તે યોગ" આવો અર્થ કરી આત્માના વિકાસનું વર્ણન યોગરૂપે આ ગ્રંથમાં કરેલ છે.

આ ગ્રંથમાં નીચે મુજબના વિષયોનું વર્ણન કરેલ છે.

નિશ્ચયયોગ અને વ્યવહારયોગની વ્યાખ્યા, ચાર પ્રકારના યોગના અધિકારી જીવોનું વર્ણન,

(૧) અપુનર્બંધક, (૨) અવિરત સમ્યગ્દૃષ્ટિ,

(૩) દેશવિરતિધર, (૪) સર્વવિરતિધર,

તેઓનાં લક્ષણો, તેઓને યોગ્ય ઉપદેશ, અધિક સ્થાનોમાં=ઉપરના ગુણસ્થાનકોમાં, પ્રવૃત્તિ માટે નિજસ્વભાવાલોચન, જનવાદાવગમ, ત્રિવિધયોગ શુદ્ધિની વિચારણા, ભય-રોગ-વિષના ઉપાયો, ચતુઃશરણ પ્રાપ્તિ, દુષ્કૃત ગર્હા-સુકૃતાનુમોદના, ભાવના-શ્રુતપાઠ, તીર્થશ્રવણ, આત્મસંપ્રેક્ષણ આદિ ઉપાયોની ચર્ચા, કર્મનું સ્વરૂપ, રાગ-દ્વેષ-મોહનું સ્વરૂપ અને તેના વિનાશ માટે પ્રતિપક્ષી ભાવનાઓની ચિંતવના, શુક્લાહારનું વર્ણન, લબ્ધિઓનું વર્ણન, સમતાભાવ એ જ મોક્ષનું અંગ છે. તેનું વર્ણન, મરણકાળને જાણવાના ઉપાયો, મૃત્યુકાળ જાણીને સર્વભાવોનો ત્યાગ કરવાપૂર્વક અનશન વિધિનું આચરણ, અંતે સંસારવિરહ તથા મુક્તિપદની પ્રાપ્તિના ભોક્તા બનવાનો ઉપાય ઈત્યાદિ વિષયો ગ્રંથકારશ્રીએ અદ્ભુત શૈલિથી આ ગ્રંથમાં વર્ણવેલા છે.

આ ગ્રંથમાં આત્મ ઉત્થાનનો અદ્ભુત માર્ગ બતાવ્યો છે, સંસાર ઉપર નિર્વેદ અને મોક્ષની રુચિ સ્વરૂપ સંવેગ માર્ગની જ પુષ્ટિ કરેલ છે.

રાગ-દ્વેષ અને મોહને તોડવા માટે તેના સ્વરૂપની, પરિણામની અને વિપાકની સુંદર ભાવનાઓ જાણવી, મૈત્રી આદિ ભાવનાઓનું સ્વરૂપ જણાવી આત્માર્થી આત્માઓને આ ગ્રંથ મોક્ષનો સુંદર પથદર્શક થયેલ છે.

દર્શન શાસ્ત્રોની ચર્ચામાં (ગાથા-૭૨) અલ્પ શબ્દોની અંદર મર્મયુક્ત યુક્તિઓથી એકાંતવાદોનું નિરસન કરી યથાર્થપણે જગતમાં રહેલા અનેકાંતવાદનું સુંદર અને સચોટ સ્થાપન કરેલું છે, જે જૈનદર્શન પ્રત્યેની યથાર્થ અનહદ ભક્તિ અને હાર્દિક બહુમાન આચાર્યશ્રીના હૃદયમાં રહેલાં છે, એમ પ્રદર્શિત થાય છે.

**૩૦. વિંશતિવિંશિકા :**

આગમ ગ્રંથોના અનેક પદાર્થોનો સમાવેશ કરતો આ ગ્રંથ ૨૦-૨૦ શ્લોક પ્રમાણ ૨૦ વિંશિકામાં વહેંચાયેલો છે. ચરમ પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ, સદ્ધર્મનું સ્વરૂપ, શ્રાવકધર્મ, શ્રાવક પ્રતિમા, યતિધર્મનું શિક્ષા, ભિક્ષા યોગ, સિદ્ધિસુખ વગેરે ભિન્ન ભિન્ન પદાર્થોનો સંક્ષેપમાં સમાવેશ અહીં કરાયો છે.

**૩૧. યોગદૃષ્ટિ સમુચ્ચય :**

યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથરત્ન જૈન યોગની એક મહત્ત્વપૂર્ણ રચના કે, જેને આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ૨૨૭ સંસ્કૃત પદ્યોમાં નિબદ્ધ કરેલ છે.

આ ગ્રંથરત્નમાં સર્વપ્રથમ યોગની ત્રણ ભૂમિકાઓનો નિર્દેશ કરેલ છે. તે આ પ્રમાણે - (૧) દૃષ્ટિયોગ, (૨) ઈચ્છાયોગ, (૩) સામર્થ્યયોગ - દૃષ્ટિયોગમાં સર્વપ્રથમ - (૧) મિત્રા, (૨) તારા, (૩) બલા, (૪) દીપ્રા, (૫) સ્થિરા, (૬) કાન્તા, (૭) પ્રભા અને (૮) પરા - આ આઠ દૃષ્ટિઓનું વિસ્તૃત વર્ણન કરેલ છે.

સંસારી જીવોની અચરમાવર્તકાલીન અવસ્થાને ‘ઓઘ દૃષ્ટિ’ અને ચરમાવર્તકાલીન અવસ્થાને ‘યોગદૃષ્ટિ’ કહેલ છે.

ત્યારપછી ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગની ચર્ચા કરેલ છે.

ગ્રંથના અંતમાં આચાર્યશ્રીએ યોગ અધિકારીના સ્વરૂપમાં ગોત્રયોગી, કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી અને સિદ્ધયોગી - આ ચાર પ્રકારના યોગીઓનું વર્ણન કરેલ છે.

**૩૨. લોકતત્ત્વનિર્ણય :**

પૂ. આ. હરીભદ્રસૂરિ મ. રચિત આ ગ્રંથમાં જુદા જુદા વૃત્તના ૧૪૫ કાવ્યો છે. જેમાં પર્ષદાની પરીક્ષા કરવા માટે બહુયુક્તિઓ બતાવેલી છે તથા દેવતત્ત્વની પરીક્ષા કરી, અરિહંતમાં દેવત્વની સિદ્ધિ, જગત્‌ના કર્તાપણા વિશે, જીવ અને કર્મની ઉત્પત્તિ વિશે અનેક મતોના પૂર્વપક્ષ બતાવી અંતે સર્વ પૂર્વપક્ષનું ખંડન કરી સ્વપક્ષનું સ્થાપન કરેલ છે.

**૩૩. ષડ્દર્શન સમુચ્ચય :**

યાકિનીમહત્તરા સૂનુ આ. હરીભદ્રસૂરીશ્વરજી મહારાજા રચિત આ ગ્રંથમાં ભારતીય સંસ્કૃતિમાં પ્રસિદ્ધ છ દર્શનોની પરિભાષાને સંક્ષેપમાં રજૂ કરી છે. કોઈપણ દર્શનના પક્ષપાત વગર દરેક દર્શનોના તત્ત્વને સરળ ભાષામાં રજૂ કર્યા છે. ૧. દેવતા, ૨. પદાર્થ વ્યવસ્થા, ૩. પ્રમાણ વ્યવસ્થા - આ મુખ્ય ૩ ભેદક તત્ત્વો દ્વારા છએ દર્શનની માન્યતાને રજૂ કરી છે.

ષડ્દર્શનોની માન્યતાને સંક્ષેપમાં જાણવી હોય તો વાંચો આ ગ્રંથને...

**૩૪. ષોડશક પ્રકરણ :**

પૂ. આ. હરિભદ્રસૂરીશ્વરજી રચિત આ ગ્રંથ ૧૬-૧૬ ગાથાના ૧૬ પ્રકરણથી સુશોભિત છે. દરેક પ્રકરણમાં ૧ વિષયને સંપૂર્ણ ન્યાય આપવાનો પ્રયત્ન કર્યો છે. સદ્ધર્મપરીક્ષક, દેશનાની વિધિ, ધર્મનું લક્ષણ, ધર્મના લિંગો, લોકોત્તર તત્ત્વની પ્રાપ્તિ, જિનભવનકરણ, જિનબિંબકરણ, પ્રતિષ્ઠાવિધિ, પૂજા, સદ્અનુષ્ઠાનની પ્રાપ્તિ... વગેરે અનેક પદાર્થોનું નિરૂપણ કર્યા બાદ અંતે ઉપસંહાર કરતાં જણાવ્યું છે કે - **દરેક હિતકાંક્ષી આત્માએ ધર્મશ્રવણમાં સતત પ્રયત્ન કરવો જોઈએ.**

**૩૫. સંબોધ પ્રકરણ**

આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજાની ૧૫૯૦ પદ્યોની આ પ્રાકૃત રચના ૧૨ અધિકારોમાં વિભક્ત છે.

આ ગ્રંથમાં સુગુરુ અને કુગુરુનું સ્વરૂપ, સમ્યક્ત્વ અને મિથ્યાત્વનું સ્વરૂપ, દેવનું સ્વરૂપ, શ્રાવક ધર્મ અને પ્રતિમાઓનું સ્વરૂપ, વ્રત અને આલોચનાનું સ્વરૂપ ઈત્યાદિ વિષયોનું વર્ણન કરેલ છે.

આ ગ્રંથના બીજા અધિકારમાં કુગુરુ ગુર્વાભાસ પાર્શ્વસ્થ આદિ સ્વરૂપના અંતર્ગત ૧૭૧ ગાથાઓમાં આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજાના યુગમાં જૈન મુનિસંઘમાં આવેલા ચારિત્રથી પતિત થયેલા વેશધારીઓનું વર્ણન કરેલ છે.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિ આ ગ્રંથમાં કહે છે કે, જિનાજ્ઞાનો અપલાપ કરવાવાળા આવા મુનિ વેશધારીઓના સંઘમાં રહેવાની અપેક્ષાએ તો ગર્ભાવાસ અને નરકાવાસ અધિક શ્રેયસ્કર છે.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ આ ગ્રંથમાં ધર્મના નામ પર અધર્મનું પોષણ કરવાવાળા પોતાના જ સહવર્ગીઓ પ્રત્યે વિદ્રોહ અને આક્રોશ વ્યક્ત કરેલ છે.

**૩૬. સર્વજ્ઞસિદ્ધિ પ્રકરણ : (કર્તા – પૂ. આ. હરિભદ્રસૂરિ)**

આ ગ્રંથમાં પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ અને અર્થાપત્તિ - આ ૫ પ્રમાણથી સર્વજ્ઞની કલ્પના કરવી અયોગ્ય છે, તેમ દર્શાવતા પૂર્વપક્ષનું ખંડન કરી, તે તે પ્રમાણથી ૪ પ્રમાણથી સર્વજ્ઞની સિદ્ધિ તર્કબદ્ધ રજૂ કરી છે. સાથોસાથ અનેક દર્શનકારોના મતનું પણ ખંડન કરેલ છે.

**૩૭. બ્રહ્મસિદ્ધાંત સમુચ્ચય :**

આ. હરિભદ્રસૂરિ રચિત ૪૨૩ શ્લોક પ્રમાણ આ ગ્રંથમાં બ્રહ્મા=આત્માની પ્રક્રિયાને કહી છે. જેમાં બ્રહ્માની ઉપાસના, દેશવિરતિ-સર્વવિરતિનું સ્વરૂપ, ભાવયતિ-ભાવશ્રાવકનું સ્વરૂપ - તેના અર્થ અને ફળ વર્ણવેલ છે. આ ગ્રંથમાં ૫ બ્રહ્મ (આત્મા)નું વર્ણન છે. પ્રથમ

સુખારંભ=સમ્યગ્દૃષ્ટિ, બીજો મોહપરાક્રમ=વિરતિધર, ત્રીજો મોહઘ્ન= અપ્રમત્ત, ચોથો પરમજ્ઞાન=સર્વજ્ઞપણું અને પાંચમો બ્રહ્મ (આત્મા) સદાશિવ=સિદ્ધપણું છે.

**૩૮. સમ્યક્ત્વ સપ્તતિ :**

વિરહાંકિત ગ્રંથોની રચના કરનાર પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે આ ગ્રંથમાં સમ્યક્ત્વના ૬૭ સ્થાનોની વિચારણા ૧૨ અધિકારમાં કરી છે. સમ્યક્ત્વના સ્થાનોનું વર્ણન કરતા પહેલા અયોગ્યને તે ન અપાય, એમ માની સૌ પ્રથમ તેના અધિકારીનું વર્ણન કર્યું છે અને ત્યારબાદ દરેક સ્થાનોનું સ્વરૂપ કથાનકોના માધ્યમે રજૂ કર્યું છે. જેના માધ્યમથી વાંચનારને સરળતાથી પદાર્થોનો બોધ થાય.

**૩૯. ચેઈઅ વંદણ મહાભાષ્ય :**

વાદિવેતાળ શાંતિસૂરીશ્વરજી મહારાજા રચિત ૮૭૪ ગાથાના આ ગ્રંથમાં ચૈત્ય=દેરાસર સંબંધી વિધિ વિસ્તારથી જણાવવામાં આવી છે. ચૈત્યવંદન કરવાનો હેતુ, ચૈત્યવંદનનો અધિકારી, વંદનકાળ, દ્રવ્યવંદન-ભાવવંદનના લક્ષણો, ભેદ, ૧૦ત્રિક, ચૈત્યવંદનથી થતા લાભો, દેવવંદનનો વિધિ, વિધિના સૂત્રોના અર્થો વગેરે બાબતો સવિસ્તાર=સહેતુક આ ગ્રંથમાં જણાવવામાં આવી છે.

**૪૦. કુવલયમાળા :**

પ્રાકૃત ભાષાનાં કથા ગ્રંથોમાં આભૂષણ જેવો આ ગ્રંથ વિ. સં. ૮૩૫ માં શ્રી ઉદ્યોતન સૂ. મહારાજાએ લગભગ ૧૩૦૦૦ શ્લોકપ્રમાણનો બનાવ્યો છે.

આ કથામાં ક્રોધાદિ છ આંતરશત્રુઓનો વિસ્તારથી પરિચય કરાવવામાં આવ્યો છે, સાથો સાથ.....

આ કથા કાવ્યનાં રસિકોને જાતજાતનાં વર્ણનોથી અને પ્રહેલીકાઓ (ઉખાણાઓ)થી આનંદિત કરે છે, કથાનાં અનુરાગીઓને રસપ્રદ કથા અર્પે છે, ભાષા વિશારદોને પાઈય-અપભ્રંશ-દ્રાવીડી-પૈશાચીદિ ભાષાઓની પણ ઝાંખી કરાવે છે, સાચા સાધુ જીવનનું દિગ્દર્શન કરાવે છે.

**૪૧. ઉપમિતિ ભવપ્રપંચા કથા – સંવત–૧૨૦૦ – કર્તા : સિદ્ધર્ષિ ગણિ**

બાહ્ય અને અંતરંગ જગતના બે પ્રકારો છે. બાહ્ય જગત સૌ કોઈ જુએ છે અને જાણે છે, અંતરંગ જગત પોતાની પાસે છે, છતાં તેને જોવાનું અને જાણવાનું કાર્ય લગભગ લોકો કરતાં નથી. અંતરંગ દુનિયામાં શું છે ? કેવા પ્રકારનાં ભાવો આ જગતમાં થાય છે. ક્રોધાદિના ભાવથી આત્મા કેવી રીતે દુઃખી થાય છે અને ક્ષમાદિ સાથેના સગપણથી આત્મા

કેવી રીતે સુખી થાય છે. આવી તમામ વાતો કથાના માધ્યમે જે રીતે સિદ્ધર્ષિ ગણિએ મૂકી છે, તે પ્રાયઃ ક્યાંય જોવા મળતી નથી. અનાદિકાળથી સાથે રહેલા આત્માના ભાવોને જાણવા અને માણવા આ ગ્રંથનું વાંચન અત્યંત જરૂરી છે.

આ ગ્રંથ ઉપર મોતીલાલ ગીરધરલાલ કાપડીયાનું ભાષાંતર છે.

**૪૨. સંવેગરંગશાળા :**

ગ્રંથકર્તા આ. જિનચંદ્રસૂરિ મહારાજે આ ગ્રંથમાં સંવેગનો મહિમા મૂળ ૪ દ્વાર અને પેટા ૩૭ દ્વાર દ્વારા ગાયો છે. સંવેગઇંમોક્ષની તીવ્ર ઈચ્છા અને તેની રંગશાળા= નાટ્યભૂમિ. અલગ અલગ મુદ્દાઓ દ્વારા સાધકનો સંવેગ કઈ રીતે તીવ્ર બને અને વૈરાગ્યભાવ જાજ્વલ્યમાન બને તેની કાળજી આ ગ્રંથમાં રાખવામાં આવી છે.

**૪૩. ધર્મરત્ન પ્રકરણ :**

ત્રણ ભાગમાં વહેંચાયેલા આ ગ્રંથમાં ધર્મરૂપી રત્નનું માર્મિક વિવેચન કર્યું છે. ધર્મ કહેવાય કોને ? ધર્મને યોગ્ય વ્યક્તિના ૨૧ ગુણો કયા ? ભાવશ્રાવકના ક્રિયાગત તથા ભાવગત ગુણો કયા ? ભાવસાધુના લિંગો કયા ? વગેરે વર્ણન રોચક શૈલીમાં કથાના માધ્યમે વાદિવેતાળ શાંતિસૂરિ મહારાજે આ ગ્રંથમાં કરેલ છે.

**૪૪. સિદ્ધહેમ શબ્દાનુશાસન પંચાંગી :**

સિદ્ધરાજ જયસિંહની વિનંતીને માન આપી કલિકાલ સર્વજ્ઞ આ. હેમચંદ્રસૂરિ મહારાજે તે કાળના અનેક વ્યાકરણોનો અભ્યાસ કરી સંપૂર્ણતા સ્વરૂપે આ વ્યાકરણની રચના કરી છે. સંપૂર્ણ સંસ્કૃત ભાષાનો સમાવેશ સરળ સૂત્રોમાં કરેલ છે. જે ઉપર સ્વોપજ્ઞ રહસ્યવૃત્તિ, લઘુવૃત્તિ, મધ્યમવૃત્તિ, બૃહદ્‌વૃત્તિ, બૃહન્યાસ રચેલ છે. ઉપરાંત, કાવ્યાનુશાસન, છંદાનુશાસન, અલંકારાનુશાસન અને ન્યાયાનુશાસન રચી વ્યાકરણ પંચાંગીને પરિપૂર્ણ બનાવેલ છે. જે વ્યાકરણનો ૭૨ વર્ષની ઉંમરે કુમારપાળ મહારાજે અભ્યાસ કર્યો હતો.

**૪૫. યોગશાસ્ત્ર :**

કલિકાલ સર્વજ્ઞ આ. ભ. હેમચન્દ્ર સૂ. મ. રચિત આ ગ્રંથ ૧૨ પ્રકાશ (વિભાગ)માં વહેંચાયેલો છે. જેનાં મૂળ શ્લોક-૧૦૦૯ તથા ટીકા (વિવરણ) સહિત ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ છે.

જો તમારે યોગનાં મર્મને પામવું હોય !, આત્મિક ગુણોનો વિકાસ કરવો હોય !, આરાધનાનો સરળ માર્ગ મેળવવો હોય !, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય !, વૈરાગ્યને કેળવવો હોય !, સંસારનું સ્વરૂપ સમજવું હોય !, કષાયોને જીતવા હોય !, ઈન્દ્રિયોને વશ કરવી હોય !, મન ઉપર નિયંત્રણ મેળવવું હોય !, મમત્વનો ત્યાગ કરી સમત્વને પામવું

હોય !, ધ્યાન કરવા માટેનાં ગુણો મેળવીને ધર્મ-શુક્લ ધ્યાનમાં આરૂઢ થવું હોય ! તો આ ગ્રંથ અવ્શ્ય વાંચવો.

**૪૬. ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર મહાકાવ્ય :**

કુમારપાળ મહારાજાની વિનંતીને ખ્યાલમાં રાખી રચના કરેલ ૩૬૦૦૦ શ્લોક પ્રમાણ એવા આ મહાકાવ્યમાં કલિકાલ સર્વજ્ઞશ્રીએ ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૯ બળદેવ વગેરે ઉત્તમ ૬૩ પુરુષોનું જીવન ચરિત્ર સમ્યક્ત્વ પ્રાપ્તિ થનાર ભવથી માંડીને કરેલ છે. જે ગ્રંથ કાવ્યની અપેક્ષાએ, સાહિત્યની અપેક્ષાએ, ઈતિહાસની અપેક્ષાએ, ઉપમાઓની અપેક્ષાએ, કથાગ્રંથની અપેક્ષાએ, વૈરાગ્યની અપેક્ષાએ આદિ અનેક અપેક્ષાએ શિરમોર સ્થાન ધરાવે છે. જેમાં રામાયણ તથા મહાભારતનું પણ સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે.

**૪૭. અભિધાન ચિંતામણિ કોશ :**

કલિકાલસર્વજ્ઞ આ. હેમચંદ્રસૂરીશ્વરજી મ. રચિત આ ગ્રંથમાં ૧૫૪૨ શ્લોકો છે. દેવાધિદેવ, દેવ, મર્ત્ય, તિર્યંચ, નારક અને સામાન્ય નામના ૬ કાંડમાં નામ પ્રમાણે સંબંધ ધરાવતા શબ્દવૈભવથી આ ગ્રંથ ટીકાસહિત સુસમૃદ્ધ કરવામાં આવ્યો છે.

**૪૮. પ્રમાણ મીમાંસા :**

કલિકાલ સર્વજ્ઞ રચિત આ ગ્રંથ ન્યાયશાસ્ત્રમાં પરાકાષ્ઠાનું સ્થાન ધરાવે છે. સૂત્રશૈલીથી રચેલ આ ગ્રંથમાં પ્રમાણ લક્ષણ - પ્રમાણ વિભાગ - પ્રત્યક્ષ પ્રમાણ - પ્રત્યક્ષ ક્રમ - વસ્તુલક્ષણ - પરોક્ષ પ્રમાણ - પરાર્થાનુમાન - હેત્વાભાસ વગેરેનું વિસ્તારથી વર્ણન કર્યું છે. આ ગ્રંથ મૂળ પૂર્ણ હોવા છતાં સ્વોપજ્ઞવૃત્તિ અધૂરી મળે છે.

**૪૯. પરિશિષ્ટ પર્વ :**

૧૦ પર્વમાં ૬૩ ઉત્તમ પુરુષોના જીવન ચરિત્રનું વર્ણન કર્યા બાદ કલિકાલ સર્વજ્ઞશ્રીજીએ આ પરિશિષ્ટ પર્વના ૧૩ સર્ગમાં જંબૂસ્વામિજી, પ્રભવસ્વામિજી, શય્યંભવસ્વામિજી, યશોભદ્રસૂરિ, ભદ્રબાહુસ્વામિજી, સ્થૂલિભદ્રસ્વામિજી વગેરેથી માંડી વજ્રસ્વામિજી સુધી મહાપુરુષોનું જીવન કવન તથા તે પછી તેના વંશ વિસ્તારનું વર્ણન કાવ્યાત્મક શૈલીએ - સરળ ભાષામાં કથા રૂપે કર્યું છે.

**૫૦. જીવ સમાસ પ્રકરણ :**

જેના કર્તા મલધારી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા છે. જેનું પ્રમાણ ૨૮૭ ગાથા જેટલું છે.

જેમાં ષડ્દ્રવ્યનું વર્ણન કરવામાં આવેલ છે અને મુખ્યપણે અનેક દ્વારો દ્વારા જીવતત્ત્વનું સંક્ષેપમાં વર્ણન કરેલ છે અને છેલ્લે જીવાદિ તત્ત્વો જાણવાનું પ્રયોજન-ફળ શું ? તેનું પણ વર્ણન કરી ઉપસંહાર કર્યો છે.

**૫૧. પ્રવચન સારોદ્ધાર :**

નામ તેવા ગુણ ધરાવતા આ ગ્રંથમાં પ્રવચન=જૈન શાસન તેના સારનો ઉલ્લેખ આ. નેમિચંદ્રસૂરિ મહારાજે કરેલ છે.

જેમાં ચૈત્યવંદન, અરિહંત પરમાત્મા, મુનિ ભગવંત, પાંચ પ્રકારના ચૈત્યો વગેરે પદાર્થો ભિન્ન ભિન્ન દ્વારોમાં રજૂ કર્યા છે તથા પ્રાયશ્ચિત-સામાચારી-જાત-અજાત કલ્પ-દીક્ષા યોગ્ય-અયોગ્ય-સંલેખના-ભાષાના પ્રકાર-નવતત્ત્વો-૨૪ ધાન્ય-૧૭ મરણ-૪ પ્રકારના દેવો-૩૬૩પાખંડી-૮પ્રમાદ-કર્મસ્થિતિ-૧૪ગુણસ્થાનકો વગેરે અનેક વિષયોનું સંકલન કરેલ છે.

**૫૨. ૧ થી ૫ કર્મગ્રંથ :**

પૂ. આ. દેવેન્દ્રસૂરિજી રચિત આ ગ્રંથમાં કર્મસિદ્ધાંતોનો સમાવેશ સંક્ષેપમાં કરવામાં આવ્યો છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય સ્વરૂપ ૮ કર્મના ફળો, તેની ઉત્તર પ્રકૃતિ, તેના બંધના કારણો, તેના બંધ-ઉદય-ઉદીરણા-સત્તા-માર્ગણાને આશ્રયી બંધસ્વામિત્વ, કઈ પ્રકૃતિ ધ્રુવબંધી, અધ્રુવબંધી વગેરે વર્ણન અહીં કરવામાં આવ્યું છે.

**૫૩. પ્રભાવક ચરિત્ર :**

ગ્રંથના નામ ઉપરથી જ વિષય જણાઈ જાય તેવા આ ગ્રંથમાં પ્રભાવક મહાપુરુષોનું જીવન ચરિત્ર આ. પ્રભાચંદ્રસૂરિ મહારાજે વર્ણવેલ છે. જેમાં વજ્રસ્વામિજી, આર્યરક્ષિતસૂરિજીથી લઈને કલિકાલસર્વજ્ઞશ્રીજી સુધીના મહાપુરુષોનું જન્મથી લઈ કાળધર્મ સુધીનું વર્ણન કરવામાં આવેલ છે. અદ્ભુત, આશ્ચર્યકારક, માંત્રિક એવી વાતો પૂર્વકના આ કથાનકો છે.

**૫૪. હિતોપદેશમાળા :**

સુવિશુદ્ધ સમ્યક્ત્વ - ઉત્તમ ગુણોનો સંગ્રહ - દેશવિરતિ તથા સર્વવિરતિ - આ ચાર ગુણોમાં પ્રબળ પુરુષાર્થ કરવો એ જ પરમ હિતકારક માર્ગ છે. આ પ્રમાણો જણાવવા અને દોષો કાઢવા આ. પ્રભાનંદસૂરિ મહારાજે દરેક દોષોના મૂળનું શોધન કરી તેને કાઢવાપૂર્વક ગુણોના વિકાસ માટે જરૂરી ઉચિત આચરણાનું વિસ્તારથી વર્ણન માત્ર ૫૨૫ શ્લોકોમાં જણાવ્યું છે.

**૫૫. વીતરાગ સ્તોત્ર :**

કલિકાલ સર્વજ્ઞ રચિત તથા કુમારપાળ મહારાજા દ્વારા રોજ પરાવર્તન કરાતો આ ગ્રંથ ૨૦ પ્રકાશમાં વિભક્ત છે. પરમાત્માનું સ્વરૂપ શું ? તેમના અતિશયો કેવા ? વગેરે કહેવા

દ્વારા અદ્‌ભુત શબ્દોમાં અલૌકિક વાતો રજૂ કરી છે. દરેક પ્રકાશમાં ભિન્ન ભિન્ન પદાર્થ ખ્યાલમાં રાખી પરમાત્માની સ્તવના કરી છે.

પરમાત્માનું દેવતત્ત્વનું સ્વરૂપ મને ખ્યાલ નથી, આ બોલનારે દેવતત્ત્વનું સ્વરૂપ સંવેદિત કરવા આ ગ્ંથ અવશ્ય મુખપાઠ કરવો જોઈએ.

**૫૬. શાલિભદ્ર મહાકાવ્ય :**

ધર્મકુમાર પંડિતની આ એક અતિ અદ્‌ભુત કૃતિ છે. જેના ઘરમાં રોજ ૯૯ પેટી દેવલોકમાંથી આવતી હતી. જે ૭ માળની હવેલીના ૭મા માળમાં રહેતો હતો. ૩૨-૩૨ જેને પત્નીઓ હતી, તેવા શાલિભદ્રનું પૂર્વભવ સહિતનું વર્ણન આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. પૂર્વભવમાં ખીર વહોરાવી ત્યારના હૈયાના ભાવો તો વાંચો ત્યારે જ ખબર પડે.

૩૨-૩૨ પત્ની સાથે ભોગ ભોગવવા છતાં કેવી અનાસક્તિ !

શ્રેણિક મહારાજા પોતાના ઘરમાંથી ગયા બાદનું મનોમંથન, આ સાથેનો સંવાદ, દીક્ષા નિર્મળ પાલન, અનશન વિષયક વિચારણા વગેરે બાબતો તો જાણે પોતે જ શાલિભદ્ર હોય તે રીતે તેવા ભાવોનું ભાવવાહી વર્ણન કાવ્યાત્મક શૈલીથી રજૂ કરવામાં આવ્યું છે.

**૫૭. આચારદિનકર :**

આ. વર્ધમાનસૂરિ રચિત આ ગ્રંથ ૨ વિભાગમાં વહેંચાયેલો છે. જેના પ્રથમ વિભાગમાં શ્રાવક યોગ્ય ૧૬ સંસ્કારનું વર્ણન કરવામાં આવ્યું છે અને બીજા વિભાગમાં યતિ આચારાન્તર્ગત યોગ-પદવી-વ્યાખ્યાન-સંલેખના તથા પ્રતિષ્ઠા સંબંધી વિધિઓ-પૂજનો-વિદ્યાદેવી-લોકાંતિક દેવો-ઈન્દ્રો-યક્ષો વગેરેનું વર્ણન તથા છેલ્લે પ્રાયશ્ચિતવિધિનું વર્ણન પણ કરવામાં આવ્યું છે.

**૫૮. ભવભાવના :**

મલધારી હેમચંદ્રસૂરિ મ. રચિત આ ગ્રંથમાં અનિત્ય-અશરણ-સંસાર વગેરે ૧૨ ભાવનાના વર્ણનપૂર્વક મુખ્યપણે ભવ=સંસાર ભાવનાનું વર્ણન કરેલ છે. જેથી પ્રાકૃત શ્લોકમાં રચાયેલા આ ગ્રંથને ભાવી દરેક ગ્રંથને સંસારનું સ્વરૂપ સમજાય અને તેના ફળ સુધી પહોંચવાનો પુરુષાર્થ ઉત્પન્ન થાય.

**૫૯. પિંડવિશુદ્ધિ પ્રકરણ :**

પિંડ=સાધુની ભિક્ષા. તેની વિશુદ્ધિ ક્યારે ? જો ૪૨ દોષરહિત ગ્રહણ કરવામાં આવે અને ૫ દોષરહિત વાપરવામાં આવે તો તેનું સ્વરૂપ વર્ણન કરતા આ ગ્રંથમાં ૧૬ ઉદ્‌ગમના, ૧૬ ઉત્પાદનના, ૧૦ ગ્રહણૈષણાના તથા ૫ ગ્રારૌષણાના દોષો જણાવ્યા છે. કયા દોષો વિશોધિ કોટીના અને કયા દોષો અવિશોધિ કોટીના ? કયા ૬ કારણે આહાર સાધુએ ગ્રહણ કરવાનો ? વગેરે પિંડ સંબંધી બાબતો આ ગ્રંથમાં જણાવવામાં આવી છે.

**૬૦. નમસ્કાર સ્વાધ્યાય :**

આ ગ્રંથમાં ૐકાર વિદ્યાસ્તવન, અર્હં અક્ષરતત્વસ્તવ, નમસ્કારમાહાત્મ્ય, જિનપંજર સ્તોત્ર, પરમાત્મપંચવિંશિકા, શ્રી જિનસહસ્ર નામસ્તોત્ર, શક્રસ્તવ વગેરે અનેક ગ્રંથોના નમસ્કાર અંગેના સંદર્ભો આપવામાં આવ્યા છે.

**૬૧. અધ્યાત્મકલ્પદ્રુમ :**

સમતાનું સ્વરૂપ શું ? સ્ત્રી-પુત્ર-ધન-શરીર ઉપરની મમતા છૂટે ક્યારે ? વિષયો-પ્રમાદ-કષાયોનો નિગ્રહ થાય ક્યારે ? શાસ્ત્રના ગુણો શું ? ચાર ગતિનું સ્વરૂપશું ? ચિત્ત દમનપૂર્વક વૈરાગ્ય ઉત્પન્ન થાય ક્યારે ? દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિનું સ્વરૂપ શું ? યતિ (સાધુ)ને અનુશાસન કેવું ? મિથ્યાત્વાદિનો સંવર કરી શુભવૃત્તિ થાય ક્યારે ? અને છેલ્લે સામ્યમાં જ સર્વસ્વ વગેરે વિષયોને માત્ર ૧૬ અધિકારમાં આ. મુનિસુંદરસૂરિ મહારાજાએ રજૂ કર્યા છે.

**૬૨. અધ્યાત્મ કલ્પરૂમ – કર્તા : મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ**

અધ્યાત્મ એ કલ્પવૃક્ષ જેવું છે. આ કલ્પવૃક્ષના ફળને પ્રાપ્ત કરવા કયા દોષોને કાઢવાના છે અને કયા ગુણોને પ્રાપ્ત કરવાના છે, તેનું વિશદ્ વર્ણન આ ગ્રંથમાં છે.

મમત્વ, ક્રોધ, માન, માયા, લોભ, પ્રમાદ આદિ દોષોનું સ્વરૂપ બતાવવા દ્વારા તેની ભયંકરતાનું જ્ઞાન આ ગ્રંથમાં આપેલું છે. આ ગ્રંથનું પઠન પાઠન અધ્યાત્મપ્રેમી આત્માઓ માટે અત્યંત ઉપકારક છે.

આ ગ્રંથ ઉપર સ્વોપજ્ઞ ટીકા છે અને ગુજરાતી ભાષાંતરો પણ થયેલા છે.

**૬૩. ભાષ્યાદિત્રયમ્ :**

તપાબિરૂદ ધરનાર, જેના નામે તપાગચ્છ ઓળખાય છે, તેવા પૂ. જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. આ. દેવેન્દ્રસૂરીશ્વરજી મ. રચિત આ ૩ ગ્રંથમાં વિભિન્ન વિષયો રજૂ કરાયા છે. જેના પ્રથમ ગ્રંથમાં દેરાસર સંબંધી વર્ણન, ૨જા ગ્રંથમાં ગુરુ મહારાજ સંબંધી તથા ૩જા ગ્રંથમાં પચ્ચક્ખાણ તથા તેના આંગારો, ભક્ષ્યાભક્ષ્ય વિગઈ વગેરેનું વર્ણન કરવામાં આવેલ છે.

**૬૪. ઉપદેશ રત્નાકર :**

૪ અંશ અને ૪૫ તરંગમાં વહેંચાયેલો આ ગ્રંથ આ. મુનિસુંદર સૂરિ મહારાજાની કૃતિ છે. જેમાં યોગ્ય શ્રોતા, અયોગ્ય શ્રોતા, યોગ્ય ગુરુ, અયોગ્ય ગુરુ, યોગ્ય ધર્મ-અયોગ્ય ધર્મ, વિધિ શું અને અવિધિ શું ? વગેરે પદાર્થોનું વર્ણન છે. શ્રોતા રાગી, દ્વેષી, મૂઢ, પ્રવર્વ્યુદ્ગ્રાહિત, અતિપરિણત, અપરિણત, કુગ્રાહી વગેરે દોષરહિત હોય તો યોગ્ય ગણાય વગેરે વાતો સુંદર-નાના દૃષ્ટાંતપૂર્વક જણાવવામાં આવી છે.

**૬૫. શ્રાદ્ધવિધિ પ્રકરણ :**

વિ. સં. ૧૫૦૬માં થયેલા પૂ. આ. રત્નશેખરસૂરીશ્વરજી રચિત સ્વોપજ્ઞ એવો આ ગ્રંથ શ્રાવકોના આચાર વિધાન માટે શિરમોર કક્ષાનો છે. શ્રાદ્ધ=શ્રદ્ધાથી યુક્ત = શ્રાવક તેની વિધિ એટલેકે દિનચર્યા-જીવનચર્યા. તે દર્શાવતો મહાગ્રંથ એટલે શ્રાદ્ધવિધિ પ્રકરણ કે જેમાં દિનકૃત્ય, રાત્રિકૃત્ય, પર્વકૃત્ય, ચાતુર્માસિકકૃત્ય, વાર્ષિકકૃત્ય અને જીવનકૃત્યો જણાવવામાં આવ્યા છે. સવારે ઉઠતાં આજે તિથિ કઈ ? ત્યારથી માંડી રાત્રે સૂતાં વિચારણા કરવી કઈ ? વગેરે સર્વ કાર્યોનું વિશિષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

**૬૬. આચાર પ્રદીપ :**

આત્મભાવમાં રમણતા કરવી એનું નામ આચાર. જે ૫ પ્રકારનાં છે. આ. રત્નશેખરસૂરિ મ. રચિત ગ્રંથના ૫ પ્રકાશમાં સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને વીર્યના આચારો ઉપર દૃષ્ટાંતપૂર્વક સુંદર પ્રકાશ પાડવામાં આવ્યો છે. જેના દ્વારા આત્મામાં પંચાચારની ચારિત્ર પ્રગટ થાય.

**૬૭. સિરિસિરિવાલકહા :**

આ. રત્નશેખરસૂરિ મ. કૃત પ્રાકૃત ભાષાના આ ગ્રંથમાં નવપદની આરાધના કરનાર શ્રીપાળ મહારાજા અને મયણા-સુંદરીનું જીવન ચરિત્ર આલેખવામાં આવ્યું છે. પ્રાકૃત ભાષાના અભ્યાસુઓ માટે આ ગ્રંથ સરળતાપૂર્વક ભાષાની પકડ માટે ઉપયોગી થાય તેવો છે.

**૬૮. ગુણસ્થાનક ક્રમારોહ :**

આ. રત્નશેખરસૂરિ મ. જે આ ગ્રંથના ૧૩૬ શ્લોકમાં આત્માના વિકાસ ક્રમના ગુણસ્થાનક કહ્યા છે. ૮ કર્મની ૧૫૮ ઉત્તર પ્રકૃતિનો બંધ-ઉદય-ઉદીરણા-સત્તા વગેરેની વધઘટ ક્યારે, કેવી રીતે થાય અને તેનો આત્માને કેવો અનુભવ થાય ? કયા કર્મના ક્ષય વગેરેથી આત્મા કયા કયા ગુણસ્થાનકને પામે છે વગેરે કર્મના ગૂઢ રહસ્યોને સરળ શૈલીથી નાના ગ્રંથમાં સમાવવાનો પ્રયત્ન કર્યો છે.

**૬૯. યોગસાર :**

આ ગ્રંથના ૫ પ્રસ્તાવ અનુક્રમે (૧) યથાવસ્થિત દેવ સ્વરૂપોપદેશક (૨) તત્ત્વસારોપદેશક (૩) સામ્યોપદેશક (૪) સત્ત્વોપદેશક (૫) ભાવશુદ્ધિજનક છે. વીતરાગનું ધ્યાન કરવાથી આત્મા વીતરાગ બની જાય છે. કષાયના નિગ્રહનો ઉપાય, મૈત્ર્યાદિ ભાવનાનું સ્વરૂપ, તત્ત્વનું ઉન્મીલન એ જ સર્વસ્વ છે; સમતાની શ્રેષ્ઠતા, સત્યનું મહત્ત્વ, પરમપદનું ઉત્તમ સાધન ભાવશુદ્ધિ વગેરે અનેક બાબતો સરળ સંસ્કૃત ભાષામાં રજૂ કરેલ છે. આ ગ્રંથના કર્તા કોઈ પ્રાચીન મહાપુરુષ હશે તેમ જણાય છે.

**૭૦. વૈરાગ્યશતક :**

અજ્ઞાતકર્તૃક એવા આ ગ્રંથમાં ૧૦૪ ગાથામાં વૈરાગ્યનું સુંદર નિરૂપણ કર્યું છે. આજ સુધીના અનાદિ ભૂતકાળમાં જીવે નિગોદાદિમાં અનંતો કાળ દુઃખમાં જ પસાર કર્યો છે, ચારે ગતિમાં, ૮૪ લાખ યોનિમાં દુઃખ સિવાય કાંઈ સહન કર્યું જ નથી. વ્યાધિ અને વેદનાથી ભરપૂર અસાર એવા સંસારમાં સુખ નથી, છતાં આજે-કાલે પરમ દિવસે... સુખ મળશે. એ આશાથી જીવ રખડ્યા જ કરે છે વગેરે વિષયો દ્વારા વિરાગભાવ પેદા કરતો આ ગ્રંથ સાર્થ કંઠસ્થ કરવા યોગ્ય છે.

**૭૧. હૃદયપ્રદીપ :**

અજ્ઞાતકર્તૃક આ ગ્રંથ હોવા છતાં તેના ૩૬ શ્લોકો એક વિશિષ્ટ વૈરાગ્યનો માર્ગ ચીંધે છે. ઓછા શ્લોકોમાં પણ માર્મિક મુદ્દાઓ દ્વારા સાધકોએ સાધનામાં ટકવા માટે આ ગ્રંથ કંઠસ્થ કરવો અતિ આવશ્યક છે. માત્ર કંઠસ્થ ન કરતાં પ્રતિદિન આ ગ્રંથનું મનન કરવું આવશ્યક છે.

**૭૨. ઉપદેશ તરંગણી :**

આ ગ્રંથ રચયિતા પૂ. રત્નમંદિરગણિએ પાંચ તરંગમાં દાનાદિ ધર્મનું સ્વરૂપ, સાતક્ષેત્રના ધનનું વિતરણ, પૂજાપંચાશક, તીર્થયાત્રા, ધર્મોપદેશ વગેરે વિષયોનું પ્રમાણ તેમજ અનેક દૃષ્ટાંતો તથા પ્રસંગો દ્વારા નિરૂપણ કર્યું છે.

**૭૩. ગૌતમ પૃચ્છા :**

સંસ્કૃત ભાષા શીખનાર સાધકને વ્યાકરણ સાથોસાથ વાંચન કરાવાય છે. પાયામાં સરળ વાંચન કરાવવા માટે આ ગ્રંથ ઉપયોગી નીવડ્યો છે. જેમાં જીવને સુખદુઃખ કેવી રીતે પ્રાપ્ત થાય ? તે સંબંધી ગૌતમસ્વામીજી મહારાજાએ પ્રભુને પૂછેલ ૪૮ પ્રશ્નોના ઉત્તરો પરમાત્માએ દૃષ્ટાંતપૂર્વક આપ્યા છે, તે વર્ણવેલ છે.

**૭૪. વર્ધમાન દેશના :**

પૂ. શુભવર્ધન ગણિ કૃત આ ગ્રંથ સંસ્કૃત ભાષા શીખનાર સાધકો માટે ભાષા પ્રવેશનો અને વાંચન માટેનો ઉપકારી ગ્રંથ છે. જેથી સરળતાથી સંસ્કૃત ભાષામાં પ્રવેશ કરી શકાય. જેમાં ૧૦ મહાશ્રાવકોના ચરિત્ર તથા સમકિત-જીવદયા - ૧૨ વ્રતો વગેરે વિષયો ઉપર સરળ ભાષામાં કથાનકો આપેલા છે.

**૭૫. ભરતેશ્વર બાહુબલીવૃત્તિ :**

પ્રાતઃ પ્રતિક્રમણમાં બોલાતી “ભરહેસર...’ સજ્ઝાયમાં યાદ કરવામાં આવતા મહાપુરુષો અને મહાસતિઓના કથાનકોને આ ગ્રંથમાં પૂ. શુભશીલગણિએ વિસ્તારથી

રજૂ કર્યા છે. જે વાંચતા તે મહાપુરુષ કે મહાસતિ કેમ કહેવાયા ? અને આપણે રોજ સવારે તેઓને યાદ શા માટે કરીએ છીએ ? તે પ્રશ્નોનો જવાબ આપણને મળ્યા વગર નહીં રહે.

**૭૬. ઉપદેશ સપ્તતિકા :**

સુધર્મગણિ કૃત આ ગ્રંથમાં ૧૦૦ ઉપરાંત કથાઓ આપવામાં આવી છે. બાર વ્રતનું વર્ણન, ધર્મના મનોરથ કેવા કરવા ?, નિયાણું ન કરવું, આઠ મદનો ત્યાગ કરવો વગેરે વિષયો આ ગ્રંથમાં વણી લેવામાં આવ્યા છે.

**૭૭. હીરસૌભાગ્ય મહાકાવ્ય :**

પૂ. દેવવિમલગણિ રચિત આ ગ્રંથ ૧૭ સર્ગમાં વહેંચાયેલ છે. જે એક મહાકાવ્ય સમાન છે. જેમાં સમ્રાટ્ અકબર પ્રતિબોધક પૂ. આ. હીરસૂરીશ્વરજી મ. નું બાલ્યકાળથી માંડીને, દીક્ષા, શિષ્ય પરિવાર વગેરે અનેક પ્રસંગોનું વર્ણન છે.

**૭૮. લોકપ્રકાશ :**

ગ્રંથકાર, મહોપાધ્યાય વિનયવિજયજી મહારાજાએ જૈન શાસનના પદાર્થના વિષયમાં 'આકર ગ્રંથ' કહેવાય તેવા આ ગ્રંથની રચના ૪ વિભાગમાં અને ૩૭ સર્ગમાં કરેલ છે. આ ગ્રંથમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ આ ૪ ભેદપૂર્વક લગભગ દરેક પદાર્થોનો સંગ્રહ અનેક ગ્રંથોની ૧૪ રાજલોક, કાળથી પુદ્ગલપરાવર્ત વગેરે તથા ભાવથી ૫ ભાવો વગેરેનું વિશદ્ વર્ણન અહીં કરવામાં આવ્યું છે.

**૭૯. જિન સહસ્ત્ર નામસ્તોત્ર :**

મહોપાધ્યાય વિનયવિજયજી મ. રચિત આ ગ્રંથ ૧૪૩ શ્લોક પ્રમાણ છે. જેના પ્રત્યેક પંથમાં ૭-૭ વાર 'નમસ્તે'પદના ઉચ્ચારપૂર્વક કુલ-૧૦૦૧ વાર પરમાત્માને નમસ્કાર કરવામાં આવ્યો છે. પરમાત્માના વર્ણન કરવા દ્વારા નમસ્કાર કરાતો આ ગંથ સ્વને નમસ્કરણીય બનાવે તેવો છે.

**૮૦. શાંતસુધારસ :**

મહોપાધ્યાય વિનયવિજયજી મહારાજાએ રચેલા આ ગ્રંથમાં જણાવેલી અનિત્યાદિ ૧૨ ભાવના તથા મૈત્રી આદિ ૪ ભાવનાઓનું ચિંતન અને મનન તમને એક નવી જ દૃષ્ટિનું અર્પણ કરશે. વિકાર-વાસનાથી દૂર કરશે, જગતની વાસ્તવિકતા સમજાવશે. માધ્યસ્થ વૃત્તિને કેળવી આપશે, તૃપ્તિની અનુભૂતિ કરાવશે, દુઃખમાં પણ ટકી રહેવાનું બળ અર્પશે. અનેક જીવનાં સુખ-દુઃખનો બોધ કરાવશે, દરેક વસ્તુ અને વ્યક્તિની અરુચિને દૂર કરશે. દરેક જીવ સાથે મિત્રતાનો ભાવ પેદા કરશે, એક જ પદાર્થને અનેક દૃષ્ટિકોણોથી જોવા માટેની દૃષ્ટિ આપશે, આવા તો અનેક લાભ આ ગ્રંથ દ્વારા થશે.

**૮૧. ધર્મસંગ્રહ :**

ધર્મનું સ્વરૂપ શું ? સામાન્ય ધર્મ શું ? દેશનાનું સ્વરૂપ શું ? ધર્મ પામવા માટે જીવની યોગ્યતા શું ? વગેરે બાબતો પ્રથમ વિભાગમાં તથા બીજા વિભાગમાં સમ્યક્ત્વનું સ્વરૂપ તથા પ્રકારો કયા ? મિથ્યાત્વના ભેદો કેટલા ? ૧૨ વ્રતો તથા તેના અતિચારો કેટલા ? શ્રાવકની દિનર્યા કેવી હોવી જોઈએ ? શ્રાદ્ધકૃત્યો કયા ? વગેરે બાબતો તથા ત્રીજા વિભાગમાં દીક્ષા માટે યોગ્યતારૂપ ગુણો-અયોગ્યતા રૂપ દોષો-ગુરુની યોગ્યતા - સાપેક્ષ યતિધર્મનું વગેરેનું વર્ણન તથા વિભાગ ચોથામાં નિરપેક્ષ યતિધર્મનું વર્ણન પૂ. ઉપા. માનવિજયજી મહારાજે કરેલ છે. સરળ ભાષા અને દ્વિવિધ ધર્મનું સ્વરૂપ જાણવા વાંચો આ ગ્રંથને...

**૮૨. દ્રવ્યસપ્તતિકા :**

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ 'ધર્મસંગ્રહ'ની પ્રશસ્તિમાં જેમનું વિશિષ્ટ વર્ણન કર્યું છે, તેવા વાચકવર્ય લાવણ્યવિજયજી ગણીએ સપ્તક્ષેત્રોના દ્રવ્યોની સુંદર વ્યવસ્થા આ ગ્રંથમાં બતાવી છે. દેવદ્રવ્યની વિશિષ્ટ પ્રરૂપણા સાથે તેનો ભૂલથી પણ ભોગ કરનારનું અધઃપતન દૃષ્ટાંતપૂર્વક જણાવ્યું છે. અંતે આલોચના આપનારના તથા લેનારના ગુણો, આલોચનાનું સ્વરૂપ વગેરે વિષયો દ્વારા આલોચનાનું સુંદર સ્વરૂપ જણાવેલ છે.

ખરેખર, ધર્મક્ષેત્રોનો જેણે વહીવટ કરવો હોય તેણે આ ગ્રંથ અવશ્ય વાંચવો જોઈએ.

**૮૩. વિજય દેવ માહાત્મ્યમ્ :**

જગદ્ગુરુ હીરસૂરિ મ., આ. સેનસૂરિ મ., આ. સિંહસૂરિ મ.ની પાટ ઉપર આવેલા આ. દેવસૂરિ મહારાજાનું જીવન ચરિત્ર વર્ણન કરતો આ ગ્રંથ ૧૭મા સૈકાના જૈન ધર્મના ઈતિહાસની દૃષ્ટિએ ઉપયોગી ગ્રંથ છે. ૧૯ સર્ગમાં વહેંચાયેલા આ ગ્રંથમાં વલ્લભ પાઠકે આ. દેવસૂરિ મ. ની જીવન ઘટનાઓ ઉપર સુંદર પ્રકાશ પાડ્યો છે. વર્તમાનકાલીન પ્રશ્નો માટે આ ગ્રંથ સાચો રાહ બતાવે છે.

**૮૪. હીર પ્રશ્નોત્તર :**

જગદ્ગુરુ હીરસૂરીશ્વરજી મહારાજા કે જેમણે અકબર રાજાને પ્રતિબોધ્યા હતા, તેમને જીવનકાળ દરમ્યાન જે જે સાધુએ-સંઘે પ્રશ્નો પૂછ્યા હતા, તેનું સંકલન આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. લગભગ કોઈ વિષય બાકી ન હોય કે જેનો પ્રશ્ન પૂછાયો ન હોય અને જેના ઉત્તરો આચાર્ય ભગવંતે શાસ્ત્ર મુજબ આપ્યા ન હોય. જેમાં સાધુ-શ્રાવક સામાચારી, ઉપધાન, પ્રતિક્રમણ, નીવિ, જ્યોતિષ, આગમ આદિ અનેક વિષયોના પ્રશ્નોનો સમાવેશ છે.

**૮૫. સેનપ્રશ્ન :**

જગદ્ગુરુ હીરસૂરિ મ. ના પટ્ટપ્રભાવક આ. સેનસૂરીશ્વરજી મહારાજાના જીવનમાં ૭૧ સાધુઓએ પૂછેલ ૮૪૬ પ્રશ્નો તથા ૨૮ સંઘોએ પૂછેલ ૧૭૧ પ્રશ્નોના ઉત્તરોનું સંકલન આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. જેમાં વિધિવિધાન-ઉપધાન-ઉત્તરોનું દ્રવ્યવહીવટ વગેરે અનેક વિષયોના પ્રશ્નોના ઉત્તરો આપવામાં આવેલ છે.

**૮૬. ચાર પ્રકરણ :**

પંચ પ્રતિક્રમણ સૂત્ર પછી પાયામાં ગણાતા એવા ભિન્ન ભિન્ન ૪ પ્રકરણો એક સાથે હોવાથી તેને ચાર પ્રકરણ તરીકે ઓળખીએ છીએ. બાજીવોને ૫૬૩ ભેદ અને ૫ દ્વારથી યુક્ત જીવ તત્ત્વને જાણવા માટે **જીવવિચાર**, જીવ-અજીવ વગેરે ૯ તત્ત્વોના સ્વરૂપ જાણવા માટે **નવતત્ત્વ**, નારકી વગેરે ૨૪ દંડકોમાં શરીર વગેરે ૨૪ દ્વારોને જાણવા **દંડક પ્રકરણ** તથા આપણે જે દ્વીપમાં રહીએ છે, તે જંબૂદ્વીપનું સંક્ષેપમાં વર્ણન જાણવા માટે **'જંબૂદ્વીપ સંગ્રહણી'** પ્રકરણ અતિ સરળ ભાષામાં આ. શાંતિસૂરીશ્વરજી મ. આદિ મહાપુરુષોએ રચેલ છે.

**૮૭. યતિલક્ષણસમુચ્ચય :**

આ ગ્રંથમાં વાચકવર્યે પ્રાકૃત-૨૬૩ ગાથામાં સાધુનાં નીચે મુજબના સાત લક્ષણો વિસ્તારથી જણાવ્યાં છે, માર્ગને અનુસરતી ક્રિયા, અનુશાસનનું લાયકપણું, શ્રદ્ધા ક્રિયામાં અપ્રમાદ, શક્ય ક્રિયાઆદર, ગુણાનુરાગ, ગુરુઆજ્ઞા આરાધન.

**૮૮. અધ્યાત્મમત પરીક્ષા :**

લઘુ હરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત **"અધ્યાત્મમત પરીક્ષા"** ગ્રંથરત્નની રચના વિક્રમના ૧૭મા સૈકામાં થયેલી છે.

આ ગ્રંથરત્નમાં આધ્યાત્મિકમત તરીકે પ્રસિદ્ધ એવા મતની પરીક્ષા કરવામાં આવેલ છે અને તે આધ્યાત્મિકો માત્ર નામથી જ આધ્યાત્મિક છે, વાસ્તવિક આધ્યાત્મિક નથી, એ બતાવીને પારમાર્થિક આધ્યાત્મિક શું છે એ સાંભળવા જેઓ ઉત્સાહિત થયા છે, તેવા અધ્યાત્મ ગવેષક જીવોને ઉદ્દેશીને અનેકવિધ શાસ્ત્રપાઠો-સચોટ સુંદર યુક્તિઓ પૂર્વક આ ગ્રંથરત્નનું નિર્માણ શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાએ ૧૮૪ ગાથામાં કરેલ છે અને તેના ઉપર સ્વોપજ્ઞ ટીકા રચેલી છે.

**(૧) વસ્ત્રને અધ્યાત્મમાં બાધક કહેનાર દિગંબરમત તથા બાહ્યક્રિયાને અધ્યાત્મમતમાં બાધક કહેનાર આધ્યાત્મિકમતનું ખંડન**

**(૨) કેવલી ભુક્તિ વિચાર**

**(૩) સિદ્ધમાં ચારિત્ર-અચારિત્રની વિચારણા**

**(૪) સ્ત્રી મુક્તિવાદ**

**(૫) અધ્યાત્મનું ઉપનિષદ્ વર્ણવેલ છે**

ગ્રંથકારશ્રીએ આ ગ્રંથરત્નમાં અધ્યાત્મના પરમ રહસ્યને બતાવતાં કહ્યું છે કે -

**"સંયમયોગોમાં અપ્રમત્તપણે યત્ન કરવો એ જ અધ્યાત્મનું પરમ રહસ્ય છે, એ જ ભગવાનની આજ્ઞા છે."**

ગ્રંથના અંતે અધ્યાત્મના પરમ રહસ્યના પણ રહસ્યને બતાવતાં કહ્યું છે કે -

**"જે જે રીતે રાગ-દ્વેષ વિલય-નાશ પામતાં જાય તે તે રીતે પ્રવર્તવું એવી શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા છે."**

ચાલો, ત્યારે અધ્યાત્મમત પરીક્ષા ગ્રંથરત્નનું ચિંતન-મનન-નિદિધ્યાસન કરી આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરીએ...

**૮૯. અધ્યાત્મસાર :**

કર્મરૂપી વાદળાથી ઢંકાયેલા ભવ્ય જીવો અધ્યાત્મસેવારૂપી પવનથી તે વાદળાને દૂર કરી આત્મિક તેજનો અનુભવ કરી શકે છે. આ મુદ્દાથી ગ્રંથકારે ૧૩૦૦ શ્લોકપ્રમાણ આ ગ્રંથની રચના કરી છે.

અધ્યાત્મનું મહત્વ બતાવવાથી માંડી આત્મનિશ્ચય થાય ત્યાં સુધીનો સંપૂર્ણ વિકાસક્રમ બતાવ્યો છે. સરળ ભાષામાં ઊંડામાં ઊંડુ તત્ત્વજ્ઞાન આપનાર આ ગ્રંથ વાંચન-ચિંતન-મનન દ્વારા "મોક્ષે ચિત્તં ભવે તનુ"ની ભૂમિકા લાવી આપનાર છે.

**૯૦. ઉપદેશરહસ્ય : (કર્તા – ઉપા. યશોવિજયજી મ.)**

ઉપદેશપદ મહાગ્રંથના આધારે બનેલા આ ગ્રંથમાં સંક્ષેપમાં તેના પદાર્થો રજૂ કરાયા છે. આ ગ્રંથના કેટલાક ઉપદેશો મનન કરવા યોગ્ય છે. જિનાજ્ઞા એ જ પરમ ધર્મ છે, હેતુ-સ્વરૂપ-અનુબંધના ભેદપૂર્વક હિંસા-અહિંસા જાણવી જોઈએ, ભાવગર્ભિત ક્રિયા માટે જ્ઞાનની જરૂર, એકાકી વિહારની સમીક્ષા, દ્રવ્યસ્તવમાં વિરાધનાનો દોષ નથી, અપ્રધાન દ્રવ્યાજ્ઞા અનુમોદનીય નથી, બાહ્યસુખ અને આંતરિક સુખની તરતમતા, અભિગ્રહ પાલનની આવશ્યકતા વગેરે અનેક બાબતોમાં સુંદર ઉપદેશ આપવામાં આવ્યો છે.

**૯૧. ગુરુતત્ત્વવિનિશ્ચય :**

મૂળ પ્રાકૃતગાથા ૯૦૫ અને તેની ઉપર વાચકવર્યે પોતે જ સંસ્કૃત ગદ્યમાં ૭૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી છે.

ગુરુતત્ત્વનું યથાર્થ નિરૂપણ કરવા માટે ગુરુકુલ વાસનો પ્રભાવ શો ? ગુરુ કેવા ?, ભાવવૃદ્ધિ શાથી થાય ?, ગુરુનું લક્ષણ, કુગુરુની પ્રરૂપણા, કુગુરુને તજવાનું અને સુગુરુની સેવના, પાંચે નિર્ગ્રંથોનું સ્વરૂપ વગેરે બાબતો વિસ્તારથી જણાવી છે.

**૯૨. જ્ઞાનસાર :**

મહામહોપાધ્યાય કૃત આ ગ્રંથ તે તે વિષયોના સારરૂપ ૮-૮ ગાથા સ્વરૂપ ૩૨ અષ્ટકમાં રજૂ કરેલ છે. જ્ઞાનનો સાર શું ? તેનું ક્રમિક અદ્‌ભુત વર્ણન આ ગ્રંથમાં કરાયું છે. મુનિના સ્વરૂપને જાણવા તથા મુનિમાર્ગમાં ટકી રહેવા અત્યંત ઉપયોગી આ ગ્રંથ છે.

મુનિમાર્ગમાં અરતિ ઉત્પન્ન થતા કોઈ પણ એક અષ્ટક અર્થપૂર્વક મનન કરજો, પરિણામ તમારી આંખ સામે દેખાશે, મુનિપણું નિર્મળ બનશે.

**૯૩. જૈનતર્ક પરિભાષા :**

સ્યાદ્વાદ દર્શનના પાયા જેવા (૧) પ્રમાણ, (૨) નય અને (૩) નિક્ષેપ નામના ત્રણ પરિચ્છેદવાળો આ ૮૦૦ શ્લોકપ્રમાણ ગ્રંથ છે.

પાંત્રીસ પ્રશ્નોના ખુલાસા પ્રથમ પ્રમાણ પરિચ્છેદમાં, બીજા નય પરિચ્છેદમાં નયનું લક્ષણ અને તેના ભેદો તથા ત્રીજા નિક્ષેપ નામના પરિચ્છેદમાં નામાદિ નિક્ષેપાનાં સ્વરૂપ, ભેદ, પ્રયોજન દર્શાવીને દરેક નિક્ષેપ શું શું માને છે ? તે જણાવીને તેને નયમાં ઉતાર્યા છે. તર્કશાસ્ત્રરૂપી મહેલમાં ચઢવા માટે આ ગ્રંથ પગથિયા જેવો છે.

**૯૪. નયપ્રદીપ :**

સંસ્કૃત ગદ્યમય આ ગ્રંથ લગભગ-૫૦૦ શ્લોકપ્રમાણ સંભવે છે. બે સર્ગ છે, પહેલા સપ્તભંગી સમર્થન નામના સર્ગમાં - સાત ભાંગા કઈ રીતે, સ્યાદ્વાદનું સ્વરૂપ શું, વગેરે બાબતો બહુ જ સ્પષ્ટ જણાવી છે. બીજા નયસમર્થન નામના સર્ગમાં - નયવિચારની જરૂરિયાત, નયની મર્યાદા, દ્રવ્યનું સ્વરૂપ, ભાવપર્યાય, વિભાવપર્યાય, દ્રવ્યાર્થિકનયના દશ મુદ્દાઓ, તેનું સ્વરૂપ જણાવીને પર્યાયાર્થિક નયનું સ્વરૂપ વર્ણવ્યું છે.

**૯૫. વૈરાગ્યકલ્પલતા :**

પાંચ સ્તબકમાં રચાયેલ આ ગ્રંથ મહોપાધ્યાયજીની અદ્‌ભુત કૃતિ છે. જેમાં વૈરાગ્યનું મહત્ત્વ સમજાવવા કથાનકનો આશરો લેવામાં આવ્યો છે. દ્રમક નામના પાત્ર દ્વારા સંસાર પરિભ્રમણનું અદ્‌ભુત વર્ણન છે. વૈરાગ્ય-ધર્મકથાનું માહાત્મ્ય, ધર્મનો તારૂણ્યકાળ, ધર્મબીજનું સ્વરૂપ, ગુરુનું માહાત્મ્ય, મોહની સેના અને ધર્મરાજાની સેનાનું સ્વરૂપ, ધર્મરાજા સદ્‌બોધ મંત્રીનો સંવાદ, સમાધિનું સ્વરૂપ, ૧૭ પ્રકારના સંયમનું સ્વરૂપ વગેરે વિષયો કથાનક દ્વારા વર્ણવ્યા છે.

**૯૬. અધ્યાત્મોપનિષદ્ :**

અનુષ્ટુપ છંદમાં સંસ્કૃત ૨૩૧ શ્લોકપ્રમાણ આ ગ્રંથ છે. ઉપનિષદ્=સાર એટલેકે અધ્યાત્મનો સાર. જેને કર્તાએ - ૧. શાસ્ત્રયોગ શુદ્ધિ અધિકાર, ૨. જ્ઞાનયોગાધિકાર, ૩. ક્રિયાધિકાર અને ૪. સામ્યાધિકાર - સ્વરૂપ ચાર અધિકારમાં વર્ણવ્યો છે. અધ્યાત્મ એટલે શું ? - તેને લાયક જીવો કેવા ? પ્રતિભાજ્ઞાન એટલે શું ? ચિત્તશુદ્ધિના સાધનો કયા ? નિર્મળભાવનું કારણ કઈ ક્રિયા બને ? સમતાના લાભ કેવા ? વગેરે અનેક બાબતો સવિસ્તર આ ગ્રંથમાં વર્ણવવામાં આવી છે.

**૯૭. જ્ઞાનબિંદુ :**

આ ગ્રંથનું પ્રમાણ-૧૨૫૦ શ્લોકનું છે. જ્ઞાન એટલે શું ?, જ્ઞાનના ભેદ કેટલા ? દરેક જ્ઞાનનું સ્વરૂપ શું ? ભિન્નતા કયા કારણે ? સમ્યક્ત્વને લઈને જ જ્ઞાનને પ્રમાણ તરીકે ગણી શકાય વગેરે અનેક બાબતો નયસાપેક્ષપણે સૂક્ષ્મવિચારશ્રેણીથી વર્ણવી છે. છેવટે મલ્લવાદિ શ્રી સિદ્ધસેન દિવાકર સૂ. મ. તથા જિનભદ્રગણિજીના કેવલજ્ઞાન-દર્શન અને તેના ઉપયોગની બાબતમાં વિચારો જણાવી સંમતિતર્કની તે વિષયની ગાથાઓનું સ્પષ્ટ વિવેચન દર્શાવી નયવાદની અપેક્ષાએ તેનું એકીકરણ બતાવ્યું છે.

**૯૮. દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા :**

દાન વગેરે ૩૨ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જણાવવા માટે ૩૨ વિભાગ અને દરેક વિભાગને બત્રીસ બત્રીસ શ્લોકમાં સંપૂર્ણ કરેલા હોવાથી સ્વોપજ્ઞ સટીક ૫૫૦૦ શ્લોકપ્રમાણ છે. આ ગ્રંથના દરેક વિભાગમાં નવ્ય ન્યાયની ભાષામાં ઊંડામાં ઊંડા તત્ત્વજ્ઞાનને જણાવવામાં આવ્યું છે.

**૯૯. દેવધર્મ પરીક્ષા :**

દેવો સ્વર્ગમાં પ્રભુપ્રતિમાની પૂજા કરે છે. પ્રતિમા નહિ માનનારા સ્થાનકમાર્ગી લોકો તે દેવોને અધર્મી કહે છે, આ વાત ખોટી છે એમ સાબિત કરનારો આ ગ્રંથ છે. ૨૭ મુદ્દાઓ લક્ષમાં રાખીને ગ્રંથકાર મહર્ષિએ મૂળ ૪૨૫ શ્લોક પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે તે મુદ્દાઓ વિશેષે જાણવા યોગ્ય છે.

**૧૦૦. ધર્મપરીક્ષા : (કર્તા – ઉ. યશોવિજયજી મ.)**

આ ગ્રંથ પૂર્વપક્ષના નિરાકરણ સ્વરૂપ છે. ઉત્સૂત્રભાષણ, મિથ્યાત્વના પ્રકાર, વ્યવહારરાશિ, સકામ-અકામ નિર્જરા, મરીચિનું વચન, જમાલિનું સંસાર પરિભ્રમણ, કેવલી દ્રવ્યહિંસા, જળજીવ વિરાધના વગેરે અનેક વિષયોની તાર્કિક-માર્મિક વિચારણા પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ દ્વારા રજૂ કરી છે.

**૧૦૧. જ્ઞાનાર્ણવ :**

મહામહોપાધ્યાય યશોવિજયજી મ. રચિત આ ગ્રંથમાં પાંચ જ્ઞાનનું સ્વરૂપ, જ્ઞાનના પ્રકારો તથા તેનું સ્વરૂપ, અનેક મતની સમીક્ષા, પ્રત્યક્ષ-પરોક્ષ વિભાગ, સમ્યગ્શ્રુત, મિથ્યાશ્રુત વગેરે વિષયોનું વિસ્તારથી વર્ણન છે. અનેક ગ્રંથોમાં આવેલા જ્ઞાન અંગેના વિધાનોનો સુંદર નયસાપેક્ષ સમન્વય આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

**૧૦૨. માર્ગપરિશુદ્ધિ :**

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે આ ગ્રંથના ૩૨૦ શ્લોકમાં સુવિશુદ્ધ માર્ગ કોને કહેવાય તેની પ્રરૂપણા કરી છે. નિશ્ચય-વ્યવહાર, ઉત્સર્ગ-અપવાદથી માર્ગનું કથન કરેલ

છે. ગુરુપારતંત્ર્ય, સામાન્ય ધર્મ, વિશેષ ધર્મ, પ્રવ્રજ્યાને યોગ્યના ગુણો, વિહારકલ્પ, અનુયોગવિધિ, સારણાદિની વિધિ, ૫ સમિતિ, ૩ ગુપ્તિ વગેરે વિષયોની ચર્ચા પણ અહીં કરવામાં આવી છે.

**૧૦૩. વૈરાગ્યરતિ :**

આ ગ્રંથમાં સિદ્ધર્ષિ ગણિએ રચેલ વૈરાગ્યરસભરપૂર 'ઉપમિતિ ભવપ્રપંચા કથા' મહાગ્રંથને પોતાની આગવી શૈલીમાં સંક્ષેપમાં ઉપાધ્યાયજી મહારાજે નિરૂપણ કર્યું છે અને જરૂરી સ્થાને પોતાના ભાવો પ્રગટ કરી વૈરાગ્યમાં રતિ કયા પરિણામથી ઉત્પન્ન થાય તે જણાવ્યું છે.

**૧૦૪. સામાચારીપ્રકરણ : (કર્તા – ઉ. યશોવિજયજી મ.)**

સાધુ-સાધ્વીને પાળવા યોગ્ય આચારો સ્વરૂપ સામાચારી છે. જે ૩ પ્રકારની છે. (૧) ઓઘ સામાચારી (૨) દસવિધ ચક્રવાલ સામાચારી (૩) પદ વિભાગ સામાચારી. જેમાંથી ઈચ્છાકાર, મિચ્છાકાર આદિ ૧૦ પ્રકારની ચક્રવાલ સામાચારીનું નિર્દોષ લક્ષણ બતાવવાપૂર્વક સ્વરૂપ વર્ણન કર્યું છે. ઉપરાંત, નાનો પણ જ્ઞાનદાતા વંદનીય છે વગેરે વિષયો પણ જણાવ્યા છે.

**૧૦૫. આરાધક-વિરાધક ચતુર્ભંગી :**

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા રચિત સ્વોપજ્ઞવૃત્તિ સહિતનો એક શબ્દથી સંક્ષિપ્ત પણ અર્થથી મહાન ગ્રંથ એટલે **"આરાધક-વિરાધક ચતુર્ભંગી"** ગ્રંથ.

આગમ ગ્રંથોમાં પાંચમું અંગ શ્રી ભગવતી સૂત્ર છે, તે ભગવતી સૂત્રના અષ્ટમ શતકના દશમા ઉદ્દેશામાં ચાર ભાંગાઓ દ્વારા ચાર પ્રકારના જીવોનો વિભાગ કરેલ છે. આ ચાર ભાંગામાં સંસારવર્તી તમામ જીવોનો સંગ્રહ કરેલ છે.

(૧) **દેશ આરાધક :** દ્રવ્યથી શીલનું પાલન જેઓ કરે છે તે.
(૨) **દેશ વિરાધક :** જેમનામાં ભાવશ્રુત છે, પણ ભાવશીલ નથી તે.
(૩) **સર્વ આરાધક :** જેમનામાં ભાવશ્રુત અને ભાવશીલ બંને છે તે.
(૪) **સર્વ વિરાધક :** જેમનામાં ભાવશ્રુત નથી અને ભાવશીલ પણ નથી તે.

આ ગ્રંથના વાંચનથી મારો આત્મા સુવિહિત મુનિની જેમ **સર્વ આરાધક** છે કે **સંવિજ્ઞ પાક્ષિક** કે **સમ્યગ્દષ્ટિ** જેવો **દેશ વિરાધક** છે કે **અપુનર્બંધક કક્ષાને** પામેલો **દેશ આરાધક** છે કે **મિથ્યાત્વી નિહ્નવાદિ** જીવો **સર્વ વિરાધક** છે. પોતાની કઈ ભૂમિકા છે તેનો નિર્ણય થવાથી પોતાની જે ભૂમિકા છે તેનાથી ઉચ્ચ ભૂમિકાને પામવા સતત પ્રયત્નશીલ અને કટિબદ્ધ બનીએ...

**૧૦૬. યોગવિંશિકાવૃત્તિ :**

'વિંશતિ વિંશિકા' નામના ગ્રંથમાં ૨૦ વિંશિકા પૈકીની ૧૭મી યોગ નામની વિંશિકાની ટીકા આજે ઉપલબ્ધ છે. જેની ટીકામાં ઉપાધ્યાયજી મહારાજે યોગની ભૂમિકા વિસ્તારથી વર્ણવી છે. સૌ પ્રથમ યોગ એટલે શું ? મોક્ષ સાથે જે ક્રિયા જોડાણ કરી આપે તેનું નામ યોગ. જેમાં મુખ્યપણે સાધુજીવનની ક્રિયાઓને યોગ તરીકે ઓળખાય છે. ત્યારબાદ પ્રણિધાનાદિ આશયો, વિષાદિ અનુષ્ઠાન, અધ્યાત્માદિ યોગો, પ્રીતિ વગેરે અનુષ્ઠાનો, ઈચ્છાદિ ચાર યોગો આદિ અનેક સ્વરૂપે યોગનું વર્ણન કર્યું છે. જે સાધકને જે પ્રકારે યોગ પામવાની ભાવના હોય તે સાધક તેનું અવલંબન લઈને મોક્ષ સુધી પહોંચી શકે છે.

**૧૦૭. નયરહસ્ય :**

આ ગ્રંથમાં વિસ્તારથી નૈગમાદિ સાત નયોનું સ્વરૂપ જણાવ્યું છે.

નયનું લક્ષણ, તેના પર્યાયો, તેને માનવાની જરૂરિયાત, નયોમાં માંહોમાંહે અવિરોધ, પૂજ્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ઋજુસૂત્રને દ્રવ્યાર્થિકનો અને શ્રી સિદ્ધસેનદિવાકર પર્યાયાર્થિકનો ભેદ માને છે - આ બંને વિચારનું સ્પષ્ટીકરણ, દરેક નયમાંથી કયા કયા દર્શનની ઉત્પત્તિ થઈ ? તેનું સ્વરૂપ શું ? દરેક નયની પરસ્પર સાપેક્ષતા કઈ રીતે ઘટે ? સપ્તભંગીનું સ્વરૂપ શું ? વગેરે બીના જણાવી છે.

**૧૦૮. ન્યાયાલોક :**

૧૨૦૦ શ્લોકપ્રમાણ એવા આ ગ્રંથમાં મહોપાધ્યાયજીએ ન્યાયદષ્ટિએ સ્યાદ્વાદાદિનું નિરૂપણ કરેલ છે. માત્ર એક નયથી જ જોવું અને બીજા નયોનો અપલાપ કરવો તે દુર્નય છે. પણ દરેક નયોનો સમાવેશ કરવો, તેનું નામ સ્યાદ્વાદ - અનેકાંતવાદ છે. જેનું વર્ણન ન્યાયની ભાષામાં આ ગ્રંથમાં રજૂ કરવામાં આવ્યું છે.

**૧૦૯. ગૂર્જર સાહિત્ય સંગ્રહ : ભાગ-૧-૨**

પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથો ન ભણી શકનાર માટે મહોપાધ્યાયજીએ કમાલ કરી છે કે - આગમ-પ્રકરણ ગ્રંથોના પદાર્થો-સરળ ગુજરાતી ભાષામાં સ્તવન-સજ્ઝાયો-આધ્યાત્મિક પદો વગેરે દ્વારા રજૂ કર્યા છે. જેનો સંગ્રહ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

**૧૧૦. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ :**

સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ અને તેનો બાલાવબોધની લોકભોગ્ય ગૂર્જર ભાષામાં ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ સ્વયં-રચના કરેલ છે.

આ સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ નામના ગ્રંથમાં અને તે ઉપર રચેલ બાલાવબોધમાં સમ્યક્ત્વના છ સ્થાનોના નિરૂપણપૂર્વક અન્ય દર્શનોના વિષયોનું અને તેમની માન્યતાઓનું ખંડન કરી સ્યાદ્વાદથી તે સર્વનો સમન્વય સાધ્યો છે.

**૧૧૧. આચારોપદેશ :**

૬ વર્ગમાં વહેંચાયેલા એવા આ ગ્રંથનું સદ્વર્તનની દૃષ્ટિએ રહસ્ય વિશાળ છે. ધર્મને સહાયક આચારો પ્રાપ્ત કરી, આત્મા સંયમબળ-ઈન્દ્રિયજય વગેરે કેળવી દેશવિરતિ દ્વારા સર્વવિરતિનો અધિકારી બને અને વહેલી તકે મુક્તિ પામે તેવો ઉપદેશ સુંદર રીતે રજૂ કરવામાં આવ્યો છે.

**૧૧૨. દ્વિવર્ણ રત્નમાલિકા :**

આ. ગજસારસૂરિના શિષ્ય આ. પુણ્યરત્નસૂરિએ રચેલ ૨૬ શ્લોકના આ ગ્રંથમાં ૨૪ જિનની સ્તુતિ છે. સાહિત્યકારોની સાહિત્યક રચનાઓ અદ્ભુત હોય છે. આ ગ્રંથનો દરેક શ્લોક માત્ર બે અક્ષર રૂપી રત્નોથી ગુંથાયેલ છે.

કેટલાય વ્યંજનોનો ઉપયોગ જ કરવામાં આવ્યો નથી.

**"દર્શન મોહનીય કર્મના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમથી પેદા થયેલ શુભ આત્મપરિણામ રૂપ સમ્યક્ત્વ છે"**, તે સમ્યક્ત્વના છ સ્થાનો આ પ્રમાણ છે -

**(૧) જીવ છે,**
**(૨) જીવ નિત્ય છે,**
**(૩) જીવ સ્વ પુણ્ય-પાપનો કર્તા છે,**
**(૪) જીવ સ્વ પુણ્ય-પાપનો ભોક્તા છે,**
**(૫) મોક્ષ છે અને**
**(૬) મોક્ષનો ઉપાય છે.**

સમ્યક્ત્વના છ સ્થાનોથી વિપરીત મિથ્યાત્વના છ સ્થાનો છે.

ચાલો, ત્યારે ચિંતામણિ રત્ન કરતાં પણ અધિક કિંમતી સમ્યક્ત્વના છ સ્થાનો પ્રત્યે આસ્થા કેળવી સમકિત રત્નને મેળવી શાશ્વત સુખના ભોક્તા બનીએ...

**૧૧૩. શ્રીપાળ રાજાનો રાસ :**

દુહામાં રચાયેલ આ ગ્રંથની રચના ઉ. વિનયવિજયજી મહારાજે કરેલ પણ જીવનનો અંત આવવાથી બાકીની રચના મહો. યશોવિજયજી મહારાજે કરેલ છે. જેમાં નવપદના રહસ્ય સાથે નવપદના ઉપાસકો શ્રીપાળ-મયણાનું જીવન ચરિત્ર વિસ્તારથી જણાવેલ છે. આ ગ્રંથ લગભગ દર શાશ્વતી ઓળીમાં વંચાય છે.

**૧૧૪. વિવિધ પૂજાસંગ્રહ :**

આ ગ્રંથમાં મહો. યશોવિજયજી મહારાજા, આ. જ્ઞાનવિમલસૂરિ મ., આ. લક્ષ્મીસૂરિ મ., પદ્મવિજયજી મ., દીપવિજયજી મ. આદિ અનેક મહાપુરુષો દ્વારા રચવામાં આવેલી વિવિધ પૂજાઓનો સંગ્રહ કરવામાં આવેલ છે. દરેક પૂજાના શબ્દો આત્મલક્ષી છે. જરા, ઊંડાણથી વિચારીને પૂજામાં બેસવા યોગ્ય છે.

**૧૧૫. જૈન તત્ત્વાદર્શ :**

આત્મારામજી મ. નામના હુલામણા નામથી ઓળખાતા વિજયાનંદસૂરી મહારાજે હિંદી ભાષામાં ૧૨ પરિચ્છેદમાં જૈન તત્ત્વોનું વર્ણન આ ગ્રંથમાં કરેલ છે. જેમાં દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ, કુગુરુ તથા ૧૪ ગુણસ્થાનકોનું સ્વરૂપ, ચારિત્ર અને સમ્યગ્દર્શનનું સ્વરૂપ, શ્રાદ્ધકૃત્યો અને તીર્થંકરોનું જીવન ચરિત્ર, ગણધરવાદ તથા પાટપરંપરા વગેરે વિષયોનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવ્યું છે. હિંદી ભાષી માટે તત્ત્વો જાણવા માટે આ ગ્રંથ માર્ગદર્શિત બની રહેશે.

**૧૧૬. સમ્યક્ત્વ શલ્યોદ્ધાર :**

મુખ્યપણે સ્થાનકવાસી મતના ખંડન માટે રચાયેલા આ ગ્રંથમાં પૂ. આ. શ્રી વિ. આત્મારામજી મહારાજે ઢુંઢક મતની સમીક્ષા ઉપરાંત આર્યક્ષેત્રની મર્યાદા, પ્રતિમા સ્થિતિનો અધિકાર, મુહપત્તિ બાંધવાથી દોષ, શત્રુંજય શાશ્વત છે, ૪ નિક્ષેપે અરિહંતની વંદનીયતા, જિનપૂજાની સ્થાપના વગેરે અનેક દલીલો દ્વારા મૂર્તિપૂજક શ્વેતાંબર મતની સ્થાપના કરી છે.

**૧૧૭. વિવિધ પ્રશ્નોત્તર :**

જ્યોતિષ માર્તંડ આ. શ્રી વિ. દાનસૂરિ મ. દ્વારા અપાયેલા ૪૪૪ પ્રશ્નોના ઉત્તરો સંકલિત કરવામાં આવ્યા છે. ત્યારબાદ ૩ પરિશિષ્ટ છે. જેમાં પર્યુષણના પર્વનો નિર્ણય, પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ અંગેના સમાધાન તથા પ્રશ્નોના ઉત્તરમાં પ્રમાણ તરીકે લીધેલ ગ્રંથોના નામ છે.

**૧૧૮. પ્રબોધટીકા :**

આ ગ્રંથમાં પંચપ્રતિક્રમણના સૂત્રોનું વિવેચન છે. ગ્રંથની શૈલી વિશિષ્ટ કોટીની છે. મૂળપાઠ, સંસ્કૃતછાયા, સામાન્ય-વિશેષ અર્થ, તાત્પર્યાર્થ, અર્થસંકલના, સૂત્રપરિચય અને પ્રકીર્ણક આ ૭ અંગોથી પ્રતિક્રમણના સૂત્રોનો હાર્દ જણાવવામાં આવેલ છે.

૫ પ્રતિક્રમણના સૂત્રોમાં કેવો રહસ્યાર્થ ભરેલો છે, તે તો જે આ ગ્રંથ વાંચે તેને જ ખ્યાલ આવે.

**૧૧૯. તપોરત્ન મહોદધિ :**

તપ દ્વારા કલ્યાણ કરવાની ભાવનાવાળા તપસ્વી સાધકો માટે અતિ મહત્ત્વનો આ ગ્રંથ છે. જેમાં લગભગ ૧૬૨ તપોની વિધિ તથા ફળનું વર્ણન કરેલ છે. ઓછી શક્તિવાળા માટે તેવો તપ અને વિશિષ્ટ શક્તિવાળા માટે શ્રેણીતપ-ભદ્રતપ જેવા તપો જણાવેલ છે. ભિન્ન ભિન્ન ગ્રંથોમાંથી ભેગા કરેલા આ તપોને આપણા જીવનમાં આરાધી નિકાચિત એવા કર્મોને બાળનારા બનીએ.

**૧૨૦. અભક્ષ્ય અનંતકાય વિચાર :**

આ ગ્રંથના ૧૧ પ્રકરણમાં અભક્ષ્ય કોને કહેવાય ? અને અનંતકાય કોને કહેવાય ? તેનું સ્વરૂપ શું ? તેની સમજપૂર્વક સચિત્ત-અચિત્તની સમજ, ઘરમાં પાળવા યોગ્ય નિયમો વગેરે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**૧૨૧. દ્રવ્યગુણ પર્યાયનો રાસ : (કર્તા – મહામહોપાધ્યાય યશોવિજયજી મ.)**

જૈન શાસનની કદાચ પહેલી અદ્‌ભુત કૃતિ હશે કે, જેનું સર્જન ગુજરાતી ભાષામાં થયું અને પાછળથી તેના ઉપર સંસ્કૃત ગ્રંથ બનાવવામાં આવ્યો હોય. સ્વોપજ્ઞ ટબા સહિત ૧૭ ઢાળમાં વિભક્ત આ ગ્રંથમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું વિશદ્ વર્ણન કરવામાં આવ્યું છે.

**૧૨૨. હેમસંસ્કૃત પ્રવેશિકા ભા. ૧-૨-૩ :**

કલિકાલના પ્રભાવે કલિકાલસર્વજ્ઞ રચિત સિદ્ધહેમ શબ્દાનુશાસન વ્યાકરણને ન ભણી શકનાર માટે તે પૈકીના સૂત્રોને સરળ ગુજરાતી નિયમો દ્વારા ૩ ભાગમાં શિવલાલ નેમચંદ નામના શ્રાવક, આ ગ્રંથની રચના કરી છે. જેના દ્વારા આજે મોટા ભાગના સાધકો સંસ્કૃત ભાષામાં સહેલાઈથી પ્રવેશ કરે છે. ૧૦ ગણના, ૧૦ કાળના રૂપો, સ્વરાંત-વ્યંજનાંત નામોના રૂપો, કૃદંત, તદ્ધિત, સમાસ, યઙ્કૃન્ત, પ્રેરક, ઈચ્છાદર્શક વગેરે અનેક પ્રકારના વ્યાકરણને સરળ ભાષામાં રજૂ કર્યું છે.

**૧૨૩. દર્શનશુદ્ધિ પ્રકરણ :**

આ. ચંદ્રપ્રભસૂરિજી રચિત આ ગ્રંથમાં દેવ-ધર્મ-માર્ગ-સાધુ આ ચાર તત્ત્વ ઉપર સુંદર પ્રકાશ પાડ્યો છે. દર્શન=સમ્યક્ત્વ, તેની શુદ્ધિ ક્યારે ? જો સત્યતત્ત્વની શ્રદ્ધા હોય તો, માટે જ આ ગ્રંથમાં સમ્યક્ત્વની શુદ્ધિના ઉપાયો સ્વરૂપ ચારે તત્ત્વોની ઓળખાણ કરાવી છે. સાથોસાથ મિથ્યાત્વનું સ્વરૂપ પણ જણાવેલ છે.

**૧૨૪. ન્યાયસિદ્ધાંત મંજરી :**

મહોપાધ્યાયજી કૃત આ ગ્રંથમાં 'શબ્દ' એ પ્રમાણ કઈ રીતે ? તેનું લક્ષણ શું ? શબ્દશક્તિ - પદશક્તિ - જાતિશક્તિ - લક્ષણાશક્તિ વગેરે બાબતોની વિસ્તારથી ચર્ચા આ ગ્રંથમાં કરવામાં આવી છે.

**૧૨૫. અનેકાંતવ્યવસ્થા પ્રકરણ :**

૩૩૫૭ શ્લોક પ્રમાણ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજા રચિત આ ગ્રંથમાં એકાંત એટલે શું ? અને અનેકાંત એટલે શું ? ૭ નયોનું સ્વરૂપ શું ? દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ વિભાગમાં નયોની વહેંચણી, ૧-૧ નય ગ્રહણ કરવા અન્ય દર્શનોની ઉત્પત્તિ, દરેક દર્શનોનું મિથ્યાપણું, દેશના પ્રથમ ૩ નયની જ આપવાનું તર્કપૂર્વક કથન, સપ્તભંગીની પ્રરૂપણા, તે તે ભંગ કયા નયમાં અને તે તે નય કયા ભંગમાં અવતરે છે, આત્માનું અનેકાંતત્વ, અનેકાંતવાદની વિશ્વવ્યાપકતા વગેરે પદાર્થો નવ્ય ન્યાયની ભાષામાં રજૂ કરવામાં આવ્યા છે.

**૧૨૬. મહાવીર ચરિયં :**

કોઈપણ જીવના ભાવની ગણતરી તે જીવ સમ્યક્ત્વ પામે ત્યારથી જ થાય છે. તે રીતે પૂર્વના ૨૭મા ભવમાં સમકિત પામ્યા ત્યારથી અંતિમ ભવ સુધીનું પરમાત્મા મહાવીરસ્વામીનું ભાવવાહી જીવન ચરિત્ર આ ગ્રંથમાં રજૂ કર્યું છે. દરેકે દરેક ભવમાં પરમાત્માના જીવની મનોદશા, ભાવધારા, ઔચિત્ય, વિવેક વગેરે વર્ણન આ. ગુણચંદ્ર ગણીવરે પ્રાકૃત ભાષામાં આ ગ્રંથમાં રજૂ કર્યું છે.

આવાતો હજારો ગ્રંથો આજે ઉપલબ્ધ છે. જીવનમાં એકથી બીજી વાર વાચવાનો વારો ન આવે એટલા બધા ગ્રંથો આજેય ઉપલબ્ધ છે.

**તપાગચ્છાધિરાજ સર્વજ્ઞ સિદ્ધાંત સંરક્ષક ધર્મશાસન પ્રભાવક પરમારાધ્યપાદ પ.પૂ.આ.દે. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિ મહારાજા દ્વારા લખાયેલાં કેટલાંક પુસ્તકોનો અલ્પ પરિચય -**

**૧૨૭. પતન અને પુનરુત્થાન :**

કહેવાય છે કે વિષનું એક બિંદુ સો મણ અમૃતને વિષમય બનાવે છે. પણ આશ્ચર્યકારક ઘટના એ બની... અમૃતના એક બિંદુએ સો મણ વિષના કુંડને અમૃતમાં ફેરવી દીધું. એ ઘટના ક્યાં બની ? કનકખલ આશ્રમ 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા' રૂપ અમૃતના એક બિંદુએ દ્રષ્ટિવિષ સર્પના વિષના કુંડને અમૃતમાં ફેરવી નાંખ્યો.

ક્રોધની આગમાંથી, ગોભદ્રમાંથી ચંડકૌશિક કેવી રીતે બન્યો ? ક્રોધમાંથી સમતા કેવી રીતે પામ્યો ? પતન થયા પછી ફરી ઉત્થાન કેવી રીતે થયું ? આ વસ્તુ જાણવી છે ? તો અવશ્ય વાંચો.

નાનકડું નિમિત્ત પતનનું કારણ કઈ રીતે બને ? અને પતિતનું ઉત્થાન કઈ રીતે થાય? તેની સાધના વેગવંતી કેમ બને તે સમજાવવા માટે ચંડકૌશિકનું દ્રષ્ટાંત એટલે જ આ ગ્રંથ.

**૧૨૮. સમરાઈચ્ચ કહા :**

ક્રોધ તમને સતાવે છે ? હા. તો તેનાથી કેવી રીતે બચી શકાશે ? જાણવું છે ? તો અવશ્ય આ પુસ્તક વાંચો...

ક્રોધ માણસને કેવી રીતે હેરાન કરે છે ? ગુણસેન-અગ્નિશર્માના દૃષ્ટાંત દ્વારા ક્રોધનું ફળ કેવું હોય છે, તે રોમાંચક શૈલીમાં દર્શાવેલ છે.

**૧૨૯. આત્મોન્નતિનાં સોપાન :**

ચોવીસ કલાકમાં આત્મા ક્યારે યાદ આવે છે ? આપણે આપણને યાદ નહિ કરીએ તો આપણે ઉન્નતિ કેવી રીતે સાધીશું ? તો આત્મા સદા યાદ આવે અને ઉન્નતિ કેવી રીતે થાય તેનો સચોટ ઉપાય એટલે આ ગ્રંથ...

**૧૩૦. આત્માને ઓળખો :**

કયો છે એ પદાર્થ ? શું છે એનું નામ ? કેવું છે એનું સ્વરૂપ ? જાણવું જ છે ? તો જાણી લો...

એ પદાર્થ; એટલે આપણે પોતે જ અને એનું નામ છે 'આત્મા.'

જિહાં લગે આતમદ્રવ્યનું લક્ષણ નવિ જાણ્યું

તિહાં લગે ગુણઠાણું ભલું કિમ આવે તાણ્યું

**૧૩૧. સાચા સુખની શોધમાં :**

જીવમાત્રની દૃષ્ટિમાં, વૃત્તિમાં અને પ્રવૃત્તિમાં નજર કરીએ તો એ કાંઈક શોધી રહ્યો છે એમ જણાય છે. શું શોધી રહ્યો છે ? સુખ. પણ...

સુખ એટલે શું ? સુખ ક્યાં છે ? ક્યાંથી મળી શકે ? કઈ રીતે મળી શકે ? એને માટે શું કરવું જરૂરી છે ? આ પ્રશ્નોના જવાબ એટલે આ પુસ્તક.

**૧૩૨. સાચા સુખનો માર્ગ :**

તમારે સુખી થવું છે ? આપણે કોણ છીએ ? આપણી પોતાની વસ્તુ કઈ ? આપણે ક્યાંથી આવ્યા ? આપણે જવાનું ક્યાં ? આપણું ભાવિ શું ? આ વસ્તુને જાણ્યા વિના સુખી કેવી રીતે થવાય ? તો સાચુ સુખ મેળવવા અવશ્ય વાંચો આ પુસ્તક...

**૧૩૩. કેમ ઉતરશો પાર ? :**

જીવનમાં રહેતી વિષયોની વિવશતા... કષાયોની કાતિલતા... પ્રમાદની પરવશતા... મોહજન્ય મૂઢતા... ઉત્સાહની મંદતા... આવી સ્થિતિમાં સંસારસાગરથી કેમ ઉતરશો પાર!

ગભરાવાની જરૂર નથી. આ પુસ્તક તમને સાચું માર્ગદર્શન આપશે.

## ૧૩૪. મુક્તિનો રાજમાર્ગ :

જીવમાત્ર સુખની શોધમાં છે, તે સુખ મોક્ષમાં છે. એટલે આત્માનું સાધ્ય મોક્ષ જ છે; પણ તેનું સાધન કક્ષા પ્રમાણે ભિન્ન બને છે. જેમ અમદાવાદથી મુંબઈ પહોંચવા લીફ્ટ-રીક્ષા-ટ્રેઈન-ટેક્સીરૂપ સાધન માર્ગ દ્વારા મુંબઈ પહોંચી શકાય છે, તેમ તમારે મોક્ષે જવું છે ? કયા માર્ગે જશો ? તો વાંચો.

## ૧૩૫. સંઘસ્વરૂપ દર્શન :

શ્રીસંઘને નગર, રથ, ચંદ્ર, સાગર, ચક્ર, કમળ, સૂર્ય અને મેરૂની ઉપમા આપેલ છે.

નગરમાં જેવું છે તેવું સંઘમાં શું છે ? જાણવું છે ? તથા સંઘ કોને કહેવાય ?

'आणाजुत्तो संघो' આજ્ઞાથી યુક્ત એવો સંઘ પચ્ચીસમો તીર્થંકર છે. આપણે સંઘમાં નામ નોંધાવવું છે ? તો અવશ્ય વાંચો.

ઈ. સ. ૧૯૨૯ની સાલમાં સમાજમાં સંઘના નામે ચાલતી ખોટી હિલચાલો બંધ કરાવવા શ્રી નંદિસૂત્રના આધારે કરેલા ૧૨૦ પ્રવચનોનો સંગ્રહ અહીં છે.

## ૧૩૬. "धर्म का मर्म" :

दुःख सहन करने के लिए है और सुख छोडने के लिए योग्य है - यह सम्यग्दर्शन का मर्म है । इस मर्म को समझने के लिए सफल शिक्षणलेना, यह सम्यग्ज्ञान है । सुख छोडकर दुःख सहन करने के लिए साधु हो जाना यह सम्यक्चारित्र है । इस चारित्र को पालने के लिए जगत की सब वस्तुओं से निरीह हो जाना सम्यक्तप है ।

## ૧૩૭. સમ્યક્તપનું સ્વરૂપ :

પરમાત્માની આજ્ઞા મુજબ કરાતો ધર્મ ભલે પ્રમાણમાં ઓછો હોય; પરંતુ શક્તિ મુજબ થતો તપ ધર્મ એના સુંદર ફલોને આપ્યા વિના રહે, એ કોઈ કાળે બને તેમ નથી. તપ ધર્મને કર્મની નિર્જરા માટેનું મોટું સાધન માનેલ છે. તપ કરતાં કરતાં મારી સઘળી ઈચ્છાઓનો નિરોધ થાય અને મારો આ સંસાર ઝટ છૂટી જાય; અમારી સદ્ગતિ નક્કી થઈ જાય અને દુર્ગતિ બંધ થઈ જાય.

## ૧૩૮. જીવન સાફલ્ય દર્શન :

જીવનનું સાફલ્ય ચાર ચીજોને આભારી છે. માનવજન્મ, ધર્મશ્રવણ, ધર્મશ્રદ્ધા અને ધર્માચરણ. મુક્તિના મંગલ દ્વાર બનવાની લાયકાત એકમાત્ર આ માનવભવને જ વરી છે. આજ્ઞા એટલે અનંતજ્ઞાનીની દૃષ્ટિનો નિષ્કર્ષ અને એથી એ આજ્ઞા એ જ આપણો ધર્મ. આવી શુભ ભાવનાથી ભાવિત થવા આ પુસ્તક અવશ્ય વાંચો.

**૧૩૯. મનુષ્ય જીવનની સાર્થકતા :**

ઘારી ક્યાંની વખણાય ? સુરતની. અને હલવો ? મુંબઈનો. સુરત કે મુંબઈ ગયેલો શક્તિ હોવા છતાં આનો સ્વાદ માણ્યા વિના આવે તો ન શોભે, તેમ ચારિત્ર જીવન એ ફક્ત મનુષ્ય જીવનમાં જ મળે છે; તો ચારિત્ર જીવનના પક્ષપાત વગરનું જીવન કેવી રીતે શોભાસ્પદ બને? આના મનન માટે અવશ્ય વાંચો.

**૧૪૦. શ્રાદ્ધગુણદર્શન :**

પાયા વગરની ઈમારત નકામી; તેમ ગુણો વગરનું જીવન નકામું, તે ગુણોને મેળવવા જીવનને સાર્થક કરવા અવશ્ય વાંચન કરવા યોગ્ય ગ્રંથ = 'શ્રાદ્ધગુણદર્શન.'

આ પુસ્તકમાં શ્રાવક અભ્યંતર રીતે કેવો હોવો જોઈએ ? એનું સ્પષ્ટ માર્ગદર્શન એના ગુણો દ્વારા જણાવેલ છે. 'શ્રી ધર્મરત્ન પ્રકરણ'ના આધારે શ્રાદ્ધ એટલે શ્રાવકના ગુણોનું દર્શન કરાવતો આ અનુપમ કોટિનો ગ્રંથ છે.

**૧૪૧. સમ્યગ્દર્શન :**

આત્માના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન કરાવનાર ગુણ સમ્યગ્દર્શન છે. આ ગુણની પ્રાપ્તિ થયા વિના કોઈને સાચુ સુખ તો નથી મળતું, પરંતુ તેનો ધર્મ, જ્ઞાન કે પ્રયત્ન પણ સફળ થતાં નથી. દિશાના જ્ઞાન વિના દોટ જેમ શ્રમ વધારે છે, તેમ આ ગુણ વિનાનો ધર્મપ્રયાસ પણ માત્ર પુણ્ય બંધાવી સંસાર પરિભ્રમણ જ કરાવે છે.

સમ્યગ્દર્શન ગુણને સમજવા, પામવા, આ પુસ્તકનું વાંચન અત્યંત ઉપકારક છે, માટે આ પુસ્તકને વસાવો અને વાંચો.

**૧૪૨. શ્રમણગુણદર્શન :**

તમે શ્રમણ છો ? સંયમના શિખર ઉપર ટકી રહેવું છે ? અથવા સંયમના શિખરથી ૭-૮ મા ગુણઠાણાના શિખર ઉપર જવું છે ? પંચમહાવ્રતને અખંડ રાખવા કઈ ભાવનાઓ ભાવવી જોઈએ ? એ જાણવું છે ? તો આ પુસ્તક અવશ્ય વાંચો.

યોગશાસ્ત્ર મહાગ્રંથના આધારે ભાવશ્રમણ કહેવાય કોને ? અને તેનામાં ગુણ કેવા હોય ? તે જાણવા-માણવા-અનુભવવા માટે "શ્રમણગુણદર્શન" અવશ્ય વાંચવું જ રહ્યું.

**૧૪૩. આર્યસંસ્કૃતિનો આદર્શ :**

આર્યસંસ્કૃતિ એટલે શું ? અને તેનો આદર્શ એટલે શુ ? આ વાતને પ્રવચનકારશ્રીજીએ પોતાની આગવી શૈલીમાં શાસ્ત્રાધારે રજૂ કરી છે; જે વાંચ્યા વગર રહી ન જઈએ.

**૧૪૪. ચારગતિના કારણો :**

આપણી રોજબરોજની પ્રવૃત્તિ ઉપરથી આપણા ભવિષ્યને જોવા માટેનું દુરબીન એટલે જ "ચારગતિના કારણો." આ ગ્રંથ વાંચન દ્વારા દુર્ગતિથી બચી - સદ્‌ગતિની પરંપરા દ્વારા પરમગતિમાં પહોંચી શકાશે.

**૧૪૫. પ્રકાશનાં કિરણો :**

જે સંયમધર્મના આધારે પ્રભુનું શાસન ૨૧૦૦૦ વર્ષ સુધી ચાલવાનું છે, તે સંયમધર્મ અને બાળદીક્ષા સામે સુધારકવાદીઓની વિરોધની જ્વાળાઓને શાંત કરનાર પ્રવચનધારા એટલે જ પ્રકાશનાં કિરણો.

**૧૪૬. જૈન રામાયણ :**

"રામાયણ-રજોહરણની ખાણ"

રામચંદ્રજી-લક્ષ્મણજી-સીતા-રાવણ વગેરેનું લોકમાં ગવાતું ચરિત્રનું જૈન શાસ્ત્રોના આધારે જાહેરમાં પ્રવચન એટલે જ "જૈન રામાયણ."

**૧૪૭. સત્યનું સમર્થન :**

પૂજ્યશ્રીની ઉપકારકતા કેવી !

જગતના જીવોની હિત ચિંતા કેવી ?

તેઓશ્રી સમજે કે, આ જગતને અનંત દુઃખયુક્ત સંસારથી તારવાની શક્તિ જિનવચનરૂપ શાસ્ત્રમાં છે. આ શાસ્ત્રવચનમાં જો કોઈ ગરબડ થાય તો અનંતા જીવોનું અહિત થાય. આ અહિતને અટકાવવા જ પંડિત બેચરદાસ જેવા સમાજમાં વિદ્વાન ગણાતા હોવા છતાં શાસ્ત્રવચનોમાં જેને ઘણી ગરબડો ઉભી કરી હતી, તે ગરબડોને શાસ્ત્રના પુરાવા સાથે દૂર કરી સત્યનું સમર્થન આ પુસ્તકના માધ્યમે પૂજ્યશ્રીએ કરાવી અનંતા જીવોને હિતનો સાચો રાહ બતાવ્યો છે.

**૧૪૮. સનાતન સત્યનો સાક્ષાત્કાર :**

શાસ્ત્ર અધ્યયન કરી અજીર્ણના રોગથી પીડાતા સુધરેલા ગણાતા સુખલાલજી જેવા પંડિતોએ આવશ્યક સૂત્રો અંગે જે ખોટા અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા. તેમાં શાસ્ત્રાધારે સત્ય શું છે, તે જણાવી આવશ્યક સૂત્રો ઉપરનો અનહદ આદર ઉભો કરવાની પરમ કૃપા પૂજ્યશ્રીએ આ પુસ્તકના માધ્યમે કરી છે.

પૂજ્યશ્રીના પ્રવચનના તો ઘણા પુસ્તકો પ્રકાશિત થયા છે, પરંતુ તેમને લખેલ પુસ્તકોમાંનું આ એક પુસ્તક છે.

**૧૪૯. જૈન પ્રજામત દીપિકા :**

આર્યસંસ્કૃતિ તે ત્યાગપ્રધાન સંસ્કૃતિ છે.

આત્માની ઉન્નતિ માટે તો આર્યો સર્વ સંગનો ત્યાગ કરે જ,

પરંતુ વચનપાલન અને સંસારિક કર્તવ્ય માટે પણ તેઓ સ્વજન, સત્તા કે ઈન્દ્રિયના સુખોને સહજતાથી ત્યાગ કરે છે...

આર્યોમાં પણ જૈનોનું ચરમ લક્ષ તો હંમેશ માટે સર્વ સંગના ત્યાગરૂપ સંયમ જ રહેતું. આ સંયમનો સ્વીકાર વૈરાગ્યભાવને પામેલા આબાલ-વૃદ્ધ કરતાં હતા. આમ છતાં કેટલાક સુધારકવાદિઓ સમજનો અભાવ હોવાથી બાલ્યદીક્ષા ન જ થવી જોઈએ, આવું મંતવ્ય ધરાવે છે, તેમના સામે આ ગ્રંથ લાલબત્તી ધરે છે.

**૧૫૦. વીરવિભુની અંતિમ દેશના :**

કેવી હશે, એ પ્રભુ વીરની કરૂણા,

જીવનની અંતિમ ક્ષણોમાં પણ

દુઃખી જગતને સુખી બનાવવાનો પ્રયત્ન કર્યો,

દુઃખનું કારણ છે અર્થ અને કામ.

સાચા સુખનું સ્થાન છે મોક્ષ.

મોક્ષ મળે છે તાત્ત્વિક ધર્મથી.

આ કાળમાં ધર્મસાધનામાં કેવા વિઘ્નો છે, તે શાસન ભક્ત પુણ્યપાળ રાજાને આવેલા સ્વપ્નોના ફળકથન દ્વારા પૂજ્યશ્રીએ આ પુસ્તકમાં જણાવ્યું છે.

**૧૫૧. આચારાંગ સૂત્ર**

૧૨ અંગમાં પ્રથમ આચારાંગ છે. તેનું છઠ્ઠું અધ્યયન ધૂતાધ્યયન ધૂત એટલે ધૂનન. ધૂનન એટલે મૂળમાંથી હલાવવાની, ખંખેરવાની ક્રિયા.

સુધારકવાદિઓ જ્યારે લોકોને અધર્મની ક્રિયાને ધર્મરૂપ મનાવવા લાગ્યા. જેમ કે ...

સાધુએ રેંટિયો કાંતવો જોઈએ.

સાધ્વીએ નર્સનું કામ કરવું જોઈએ.

બાળદીક્ષા ન જ થવી જોઈએ.

વિધવા વિવાહ ચાલુ થવો જોઈએ.

ધર્મમાં ધનના ધૂમાડા ન કરતાં ગરીબોને ધન આપવું.

આચાર ગૌણ છે, આપણે તો ભાવના પૂજારી છીએ.

વગેરે સુધારકવાદિઓની સુફીયાણી સલાહથી લોકોમાં જે મિથ્યાત્વનો દાવાનળ પ્રજ્વલ્યો, તેને શાંત પાડવા અને સંવેગ, નિર્વેદના ભાવોને પ્રગટાવવા, 'મડદાંનેય ઉભા કરી દે તેવા પ્રભાવશાળી પ્રવચનો આચારાંગ સૂત્રાધારિત આપવાના પૂજ્યશ્રીએ શરૂ કર્યા. શાસનરસિકોના રોમાંચ ખડાં કરી દે અને શાસન વિરોધીઓના હાંજા ગગડાવી દે તેવા પ્રવચનોનો સંગ્રહ એટલે આ ગ્રંથ.

આજના ઝેરીલા વાતાવરણમાં શાસ્ત્રાધારિત સત્ક્રિયાને જાણવી હોય તો આ સેટ અવશ્ય વાંચો !!

**૧૫૨. નવપદ દર્શન :**

સાધ્ય-સાધક અને સાધનાનો સુમેળ એટલે નવપદ.

વાસ્તવિક સમજપૂર્વકની નવપદની આરાધના આત્માને શબ્દોમાં સમાઈ ન શકે, તેવો આનંદ આપે.

આવા આનંદને અનુભવવો હોય તો નવપદ ઉપરના પૂજ્યશ્રીના પ્રવચનોના સંગ્રહને વાંચવું જ રહ્યું.

## આગમ સાથે સંબંધી શબ્દોની સમજણ

**આગમ** : તીર્થંકર કેવળજ્ઞાની સર્વજ્ઞ વીતરાગ પ્રભુની મૌલિકવાણી

**શ્રુત સ્કંધ** : કોઈપણ આગમનો પેટા વિભાગ

**અધ્યયન** : શ્રુતસ્કંધનો પેટા વિભાગ

**ઉદ્દેશ** : અધ્યયનનો પેટા વિભાગ

**સૂત્ર** : ઉદ્દેશનો પેટા વિભાગ

**નિર્યુક્તિ** : આગમો ઉપર ૧૪ પૂર્વધારી સમર્થ શ્રુતધર આચાર્યની પ્રાકૃત ભાષામાં શ્લોક બદ્ધ વ્યાખ્યા કે જેમાં શબ્દના વ્યુત્પત્તિ અર્થની પ્રધાનતા હોય છે.

**ચૂર્ણિ** : આગમોના ગુરુગમથી ચાલ્યા આવતા અર્થોનું સંકલન

**ભાષ્ય** : વૃદ્ધ પુરુષોએ જાળવી રાખેલ આગમિક પરંપરાનું સંકલન ટીકા સમર્થ જ્ઞાની ગીતાર્થ ભગવંતે કરેલ વ્યાખ્યા છેદસૂત્ર અત્યંત ગંભીર અને ગૂઢ અર્થવાળા આગમો

## જૈન શાસનના મહાશાસ્ત્રોમાં દર્શાવેલ અપૂર્વ શ્રુતની ઝાંખીઓ

- મનુષ્યની જેમ વનસ્પતિ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ વગેરે જીવોમાં પણ જીવત્વ રહેલું છે.
- પરમાત્મા ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીએ અષ્ટાપદની રક્ષા માટે લોહમય યંત્રમાનવની રચના કરી હતી. (Robert)
- ૧૪ રાજલોક સ્વરૂપ જગતમાં જીવ કે જડ એવા પુદ્ગલોને ગતિમાં સહાયક તત્ત્વ **ધર્માસ્તિકાય** છે અને સ્થિર રહેવામાં સહાયક તત્ત્વ **અધર્માસ્તિકાય** છે.
- પરમાત્મા મહાવીરસ્વામીને લગભગ આજથી ૨૬૦૦ વર્ષો પૂર્વે એક ગર્ભમાંથી અન્ય ગર્ભમાં (માતાના ઉદરમાં) લઈ જવાયા હતા.
- આજથી હજારો વર્ષો પૂર્વે નળરાજાએ રસોઈ સૂર્યના કિરણોની સહાયથી કરી હતી.
- અનેક ગ્રંથોમાં ૧-૨ નહિ પણ ૮૪ ગ્રહોનો નામપૂર્વક ઉલ્લેખ જોવા મળે છે.
- પૃથ્વી થાળી જેવી ગોળ છે.
- સૂર્ય અને ચંદ્ર એ ગોળાકારે નથી.
- આ જંબુદ્વીપમાં ૨ સૂર્ય તેમજ ૨ ચંદ્ર આવેલા છે.
- આ અઢીદ્વીપમાં ૧૩૨ સૂર્ય તેમજ ૧૩૨ ચંદ્ર આવેલા છે.
- આ ભરતક્ષેત્રમાં સુવર્ણમય વૈતાઢ્ય પર્વત આવેલો છે.
- સૂર્ય-ચંદ્ર વગેરે જ્યોતિષનિકાયના દેવોને રહેવાના વિમાનો છે, જેમાં દેવો રહે છે.
- લગભગ ૧૮,૫૦૦ વર્ષો પછી આ સૃષ્ટિનો અંત આવશે અને પછી લગભગ ૬૩,૦૦૦ વર્ષો પછી ફરી સૃષ્ટિની શરૂઆત થશે.

## શ્રુતજ્ઞાનની આરાધનાનું ફળ

૧. ધર્મનો માર્ગ પ્રાપ્ત થાય.
૨. જગતના સ્વરૂપની વાસ્તવિક ઓળખાણ થાય.
૩. અનેક પ્રકારના દૃષ્ટિકોણો-બુદ્ધિ-જ્ઞાન વધતાં જાય.
૪. કોઈપણ સંયોગોમાં સ્વસ્થ રહી શકાય.
૫. સુખ-દુઃખની સાચી સમજ મળે.
૬. કર્મના રહસ્યોનો બોધ થાય.
૭. આધ્યાત્મિક સુખની ઝાંખી-પ્રાપ્તિ કરાવે.
૮. શંકા-કુશંકા દૂર કરાવે.
૯. જીવનમાં માણસાઈ અને સજ્જનતાની પ્રાપ્તિ થાય.
૧૦. ગુણોનાં વિકાસ માટેનો સાચો માર્ગ મળે.
૧૧. હૈયામાં આરાધકભાવ ઉત્પન્ન કરાવે.
૧૨. ક્રિયાઓ ફળવંતી-ભાવવાહી બનાવે.
૧૩. અનંતર સમ્યગ્દર્શનની પ્રાપ્તિ દ્વારા સંયમની પ્રાપ્તિ કરાવે.
૧૪. પરલોકમાં જૈન ધર્મ મળે તેવા કુળાદિની પ્રાપ્તિ કરાવે.
૧૫. જ્ઞાનનો ક્ષયોપશમ વિશિષ્ટ થાય.
૧૬. ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય.
૧૭. પરંપરાએ મોક્ષસુખની પ્રાપ્તિ કરાવે.

## જ્ઞાનની વિરાધનાનું સ્વરૂપ

૧. સ્કૂલ વગેરેમાં શિક્ષકની મશ્કરી કરવી.

૨. જ્ઞાનનાં (સાધનો) ઉપકરણો લઈ સંડાસ-બાથરૂમ જવું.

૩. પેકીંગમાં છાપાનો ઉપયોગ કરવો.

૪. થૂંક લગાડી રૂપિયાની નોટો ગણવી.

૫. જ્ઞાન ઉપર બેસી, એંઠા મોઢે વાંચન કરવું.

૬. અક્ષરો છેકવા, ચિત્રો ભૂંસવા વગેરે.

૭. કાગળથી ગાડીના કાચ સાફ કરવા.

૮. Night Dress માં આરામથી બેઠાબેઠા ટેપ દ્વારા નવસ્મરણ સાંભળવાં.

૯. કાગળ બાળવા - તાપણું કરવું.

૧૦. કાગળ ઉપર રસોઈમાં તળેલી વસ્તુ મૂકવી.

૧૧. છાપાં વગેરે પસ્તીમાં આપવાં.

૧૨. જમવાની થાળી ઉપર નામ કોતરેલા હોય, જ્યાં એઠું મોઢું લાગે.

૧૩. અયોગ્યને જ્ઞાન આપવું.

૧૪. M. C. માં લેખન-વાંચન-વાતચીત કરવી.

૧૫. ફટાકડાં ફોડવાં.

૧૬. સિગારેટ પીવી.

૧૭. અકાળે ભણવું.

૧૮. જ્ઞાનના ઉપકરણથી પવન નાંખવો.

૧૯. જ્ઞાનના સાધનોને પગ લાગવો.

૨૦. જ્ઞાન માટે ઊંધુ વિચારવું.


૨૧. અક્ષરવાળા વસ્ત્ર વગેરે વાપરવાં.

૨૨. ઉચિત સમયે ન ભણવું.

**તમને ખરેખર આ શ્રુતમહાપૂજા ગમી હોય તો...**
**શ્રુતની આરાધનાને જીવનનું એક લક્ષ્ય બનાવજો !**
**શ્રુતની આરાધના કઈ રીતે કરશો ?**

**આ રહ્યા કેટલાક મુદ્દાઓ ...**

૧. રોજ ઓછામાં ઓછું ૧ સામાયિક કરીને નવું જ્ઞાન મેળવવું.
૨. રોજ સ્વયં ઓછામાં ઓછી ૧ ગાથા ટકાઉ કાગળ ઉપર લખવી.
૩. પોતાની શક્તિ મુજબ લહિયાઓ પાસે તાડપત્ર ઉપર લખાવવું.
૪. સ્વયં પાઠશાળા જવું અને બાળકોને પાઠશાળા મોકલવાં.
૫. જ્ઞાનભંડારો ઉભા કરવા અને કરાવવા તથા યોગ્ય જાળવણી કરવી.
૬. સાધુ-સાધ્વીજી ભગવંતોને ભણવામાં સહાય કરવી.
૭. જૂના-અપ્રાપ્ય ગ્રંથો પ્રાપ્ય થાય તેવી ગોઠવણ કરવી.
૮. જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનના ઉપકરણોનો વિનય-બહુમાન જાળવવો.
૯. જ્ઞાનની આશાતનાઓથી બચવું.
૧૦. જ્ઞાનના ૮ આચારોનું પાલન કરવું.
૧૧. જ્ઞાનની આરાધના માટે રોજ ૫૧ લોગસ્સ, ન બને તો ૫ લોગસ્સનો કાયોત્સર્ગ કરવો.
૧૨. જ્ઞાનપંચમીની આરાધના કરવી. (કા. સુ. ૫ થી માંડી દર સુ. ૫નો ઉપવાસ કરવાપૂર્વક)
૧૩. વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા-ધર્મકથા આ ૫ પ્રકારનો સ્વાધ્યાય કરવો.
૧૪. શ્રુત-આગમની પ્રભાવના માટે તેના વરઘોડા કાઢવા, સહકાર આપવો, આયોજન કરવું.
૧૫. જ્ઞાનની આરાધના માટે 'નમો નાણસ્સ' વગેરે જપ ગુરુ ભગવંતના માર્ગદર્શનપૂર્વક કરવો.
૧૬. જ્ઞાનખાતામાં ઉપજ થાય તેવા કાર્યો કરવાં-કરાવવાં.
૧૭. સંઘની જ્ઞાનખાતાની રકમનો સુયોગ્ય સ્થાને ઉપયોગ કરવો-કરાવવો.
૧૮. દિવસમાં એકવાર કુટુંબને ભેગું કરી ધર્મની વાતો કરવી.
૧૯. બાળકોને ભેગા કરી મહાપુરુષોના ચરિત્રો-કર્મના સિદ્ધાંતો વગેરે સમજાવવા.



પૂજ્ય આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિમંદિર





Design & Printed by : Hiscan Ltd. Ph.: 656 36 34 5 6